# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-174 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

06 MAY-2026 WEDNESDAY





પેજ-08 જાહ્વી કપૂર અને શિખર પહાડિયા જામનગરમાં લગ્ન કરશે?.....





પેજ-09 કેએલ રાહુલ પિતૃત્વનો અનુભવ જીવનની સૌથી સુંદર ક્ષણ ગણાવી....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 28.00 |
| વડોદરા | 40.00 | 28.00 |
| સુરત | 36.00 | 27.00 |




પેજ 5 BHELનો નફો 156% વધીને ₹1,290 કરોડ થયો, રેવન્યુમાં 37%નો ગ્રોથ....





ભારત જમૈકા સંબંધો વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈએ પહોંચ્યા જયશંકર.... પેજ 10


**.....સુવિચાર.....**
દરેક વખતે દુશ્મન જ તમારું ખરાબ કરે એવું ના હોય ક્યારેક તમારા નજીકના લોકો પણ તમને હરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે

## ગુજરાત માટે મોટા સમાચાર: ધોલેરા અને સુરતમાં સ્થપાશે દેશના આધુનિક સેમિકન્ડક્ટર પ્લાન્ટ

# ભારત બનશે સેમિકન્ડક્ટર હબ

## ₹3,936 કરોડના ખર્ચે વધુ બે નવા યુનિટને કેન્દ્રની લીલી ઝંડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

કેન્દ્ર સરકારે દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે વધુ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મંગળવારે, કેન્દ્રીય કેબિનેટે આશરે 3,936 કરોડના ખર્ચે બે નવા સેમિકન્ડક્ટર યુનિટની સ્થાપનાને મંજૂરી આપી. આ નિર્ણયની જાહેરાત કરતા, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પહેલ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં મજબૂત સ્થાન મેળવવામાં અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નવી ગતિ આપવા માટે મદદ કરશે, પીટીઆઈ અનુસાર. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સને ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂરી આપવામાં આવી છે, જેમાં GaN (ગેલિયમ નાઈટ્રાઈડ) ટેકનોલોજી પર આધારિત ભારતની પ્રથમ કોમર્શિયલ મીની/માઈક્રો-એલઈડી ડિસ્પ્લે સુવિધાનો સમાવેશ થાય છે. સરકારે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી યોજના (ECLGS) 5 ને લંબાવવાનો નિર્ણય લીધો છે, જેનો ખર્ચ 18,100 કરોડ થશે. તેનો હેતુ નાના અને મધ્યમ કદના સાહસો (MSMEs) ને સસ્તું અને સરળ ધિરાણ પૂરું પાડીને મજબૂત બનાવવાનો છે. કેબિનેટે 1,570 કરોડના ખર્ચે ગુજરાતના વાડીનારમાં જહાજ સમારકામ કેન્દ્રને મંજૂરી આપી છે. આનાથી દરિયાઇ વેપાર અને રોજગારની તકોમાં વધારો થશે. રેલ્વે ક્ષેત્રના મુખ્ય પ્રોજેક્ટ્સને પણ લીલીઝંડી મળી ગઈ છે.



### ગુજરાતમાં સ્થાપિત થનાર પ્લાન્ટ

અહેવાલ મુજબ, બંને સેમિકન્ડક્ટર યુનિટ ગુજરાતમાં સ્થાપિત કરવામાં આવશે. તેઓ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અને હાઈ-ટેક ઉદ્યોગને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટ્સ આશરે 2,230 કુશળ વ્યાવસાયિકો માટે રોજગારીની તકો પણ ઉભી કરશે. આ પ્રોજેક્ટ્સમાંથી પ્રથમ હેઠળ, ક્રિસ્ટલ મેટ્રિક્સ લિમિટેડ ગુજરાતના ધોલેરામાં એક સંકલિત સુવિધા સ્થાપિત કરશે, જ્યાં એક કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન અને ATMP (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) યુનિટ સ્થાપિત કરવામાં આવશે. આ સુવિધા મીની અને માઈક્રો-LED ડિસ્પ્લે મોડ્યુલના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### મંજૂર સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સની સંખ્યા વધીને 12 થઈ ગઈ છે

બીજા પ્રોજેક્ટમાં, સુચી સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ સુરતમાં OSAT (આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ) સુવિધા સ્થાપિત કરશે, જ્યાં ડિસ્ક્રીટ સેમિકન્ડક્ટરનું ઉત્પાદન અને પરીક્ષણ કરવામાં આવશે. આ બે નવી મંજૂરીઓ સાથે, ભારતમાં મંજૂર સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સની સંખ્યા વધીને 12 થઈ ગઈ છે. આ સાથે, દેશમાં આ મિશન હેઠળ કુલ રોકાણ આશરે 1.64 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જે ભારતના સેમિકન્ડક્ટર ક્ષેત્રને મજબૂત વૈશ્વિક લાભ આપવાની અપેક્ષા છે.

**ન્યાયિક પ્રણાલીને મજબૂત બનાવવા પર ભાર** કેબિનેટે સુપ્રીમ કોર્ટને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયો પણ લીધા છે, જેનાથી ન્યાયિક પ્રક્રિયામાં વધુ સુધારો થશે. એકંદરે, આ નિર્ણયો સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકાર ચારેય મોરચે એકસાથે કામ કરી રહી છે. કૃષિ, ઉદ્યોગ, માળખાગત સુવિધા અને ટેકનોલોજી. ખાસ કરીને, કપાસ ક્રાંતિ મિશન જેવી પહેલ ખેડૂતોની આવક વધારવા અને કાપડ ક્ષેત્રને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### શું ફાયદા થશે?

**આયાત નિર્ભરતા ઘટશે:** હાલમાં, ભારત તેના મોટાભાગના સેમિકન્ડક્ટરની આયાત કરે છે. ભારતમાં નવા એકમો સ્થાપિત કરવાથી આ નિર્ભરતા ઓછી થશે, જેના પરિણામે વિદેશી હૂંડિયામણની બચત થશે. **આર્થિક વૃદ્ધિ અને રોકાણ:** સેમિકન્ડક્ટર ક્ષેત્ર નોંધપાત્ર રોકાણ આકર્ષી રહ્યું છે. એવો અંદાજ છે કે 2030 સુધીમાં, તે દેશ માટે અંદાજે $110 બિલિયનનું બજાર તરફ દોરી જશે. **રોજગાર અને કૌશલ્ય વિકાસ:** સેમિકન્ડક્ટર ઉદ્યોગ ઉત્પાદન, ડિઝાઇન અને સહાયક સેવાઓમાં દસ લાખથી વધુ કુશળ નોકરીઓનું સર્જન કરે તેવી અપેક્ષા છે, જે 'ચિપ્સ ટુ સ્ટાર્ટ-અપ્સ' જેવા કાર્યક્રમો દ્વારા સ્થાનિક પ્રતિભાની ઉપલબ્ધતાને મજબૂત બનાવવામાં મદદ કરશે.

## આજે ધો.10 બોર્ડની પરીક્ષાનું રિઝલ્ટ

### સવારે ૮ વાગ્યાથી ઓનલાઇન જોઈ શકાશે માર્કશીટ, ૧૫ લાખ વિદ્યાર્થીઓનું ભાવિ જાહેર થશે

(એજન્સી) ગાંધીનગર । તા. 05

ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ-10 માટે વર્ષ 2026ની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ દરમિયાન યોજાઈ હતી. જેમાં રાજ્યના 15 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમ ધોરણ-10નું પરિણામ આવતીકાલે એટલે કે 6 મેના રોજ GSEB બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. બધુવારે(6 મે) સવારે 8 વાગ્યે ધોરણ 10ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ બોર્ડની સત્તાવાર વેબસાઈટ gseb.org પર જઈને વિદ્યાર્થીનો બેઠક ક્રમાંક નંબર દાખલ કરીને પરિણામ જોઈ શકાશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ પોતાનું પરિણામ બે સરળ રીતોથી જાણી શકશે, જેમાં પ્રથમ રીત મુજબ બોર્ડની ઓફિશિયલ વેબસાઈટ gseb.org પર જઈને પોતાનો સીટ નંબર દાખલ કરીને રિઝલ્ટ જોઈ શકાશે. આ ઉપરાંત, આ વર્ષે બોર્ડે ટેકનોલોજીનો ઉપયોગ કરી પ્રક્રિયા વધુ સરળ બનાવી છે, જે અંતર્ગત વિદ્યાર્થીઓ પોતાનો બેઠક ક્રમાંક WhatsApp નંબર 6357300971 પર મોકલીને પણ પોતાનું પરિણામ તરત જ મેળવી શકશે. બોર્ડની અખબારી યાદી મુજબ, શાળાઓમાં ગુણપત્રક અને પ્રમાણપત્ર મોકલવા અંગેની સૂચનાઓ આગામી સમયમાં આપવામાં આવશે.

▪ વેબસાઇટ જ નહીં, હવે વોટ્સએપ પર પણ મળશે ધોરણ-૧૦નું રિઝલ્ટ, આજે સંસ્કૃત પ્રથમાનું પણ પરિણામ

### ચંદીગઢ એરપોર્ટ પર ઇન્ડિગો ફ્લાઇટમાં મુસાફરની પાવર બેંકમાં બ્લાસ્ટ

### પાંચ મુસાફરો ઈજાગ્રસ્ત

(એજન્સી) ચંદીગઢ । તા. 05

પંજાબના ચંદીગઢમાં શહીદ ભગતસિંહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈન્ડિગો ફ્લાઈટ લેન્ડ થયા પછી થોડીવારમાં જ એક મુસાફરની પાવર બેંકમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનાથી મુસાફરોમાં ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે તાત્કાલિક કાર્યવાહી કરીને મુસાફરોને ઈમરજન્સી એક્ઝિટ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. અહેવાલો મુજબ, આ ઘટનામાં પાંચ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. પાવર બેંક બ્લાસ્ટ થતાં ફ્લાઈટની કેબિનમાં થોડીક આગ લાગી હોવાનું જણાય છે. તાત્કાલિક અસરથી કેબિન ક્રૂએ આગ ઓલવવાના સાધનોનો ઉપયોગ કરીને આગ બુઝાવી દીધી હતી.

## કચ્છમાં કરાં સાથે ધોધમાર વરસાદ

**અમરેલી, અરવલ્લી, મહીસાગર, દાહોદ સહિતના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ**

(એજન્સી) કચ્છ । તા. 05

ગુજરાતમાં કચ્છ, અમરેલી, અરવલ્લી, મહીસાગર, દાહોદ સહિતના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં મંગળવારે(5 મે) ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. ભુજ-અંજારમાં તો ભર ઉનાળે ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા છે. કચ્છમાં મોડી સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવતા ભુજ-અંજાર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. જેમાં હીરાપર, મોડસર, મોખાણા સહિતના ગામડાંઓમાં માવઠું પડ્યું છે. ભારે પવન સાથે અમુક સ્થળે કરાં સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. બીજી તરફ, ભચાઉના કડોલમાં પણ માવઠું પડ્યું છે. જેમાં કડોલ, માય અને લાખાવટ સહિતના ગામોમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદ થયો છે. ભર ઉનાળે માવઠું થતાં ખેડૂતોમાં ચિંતા જોવા મળી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, સૌરાષ્ટ્રના કેટલાક સ્થળોએ કમોસમી વરસાદ થયો છે. જેમાં અમરેલીના ખાંભા ગીર પંથક અને ધારી ગીર પંથકમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. જેમાં ખાંભા ગીરના ખડાધાર, નાનુડી, પીપળવા, ચતુરી ગામો અને ધારી શહેર-અમુક ગામોમાં ગાજવીજ સાથે હળવો વરસાદી માહોલ જોવા મળ્યો છે.







## ભ્રષ્ટ પોલીસ અને નેતાઓની સંડોવણીને કારણે ડ્રગ્સનો વેપાર વધ્યો : બ્રિજરાજ સોલંકી AAP

# રિહેબ સેન્ટરોમાં વધતી સંખ્યાઓ રાજ્યમાં નશાની ગંભીર સ્થિતિ દર્શાવે છે : બ્રિજરાજ

અમદાવાદ/ગુજરાત | આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, ગુજરાતમાં યુવા તરીકે કહેવું પડે છે કે ગુજરાતના ગૃહમંત્રીનું રાજીનામું માંગવા માટે આવ્યો છું. કારણ કે ગાંધીજી અને સરદારનું ગુજરાત છે અને ગુજરાતની અંદર દારૂબંધી છે, નશાબંધી છે, છતાં પણ ગુજરાત વિધાનસભામાં આંકડો આવે છે કે 14 લાખ કરતા પણ વધારે ગુજરાતીઓ નશીલા પદાર્થોના બંધાણી બન્યા છે. તેમાં 12 લાખથી વધારે પુરુષો છે અને બે લાખથી વધારે મહિલાઓ પણ છે. અમદાવાદમાં જે ખાનગી અને સરકારી રિહેબ સેન્ટરો છે તેમાં સંખ્યાઓ ખૂબ વધી રહી છે, મહિને 600-700 લોકો લાઈનમાં ઊભા હોય છે. આ તો માત્ર અમદાવાદના આંકડાઓ છે, જ્યારે રાજકોટ, જામનગર, ભાવનગર જેવી જગ્યાઓમાં પણ રિહેબ સેન્ટરોમાં સંખ્યાઓ ખૂબ વધી રહી છે. ગુજરાતના યુવાનો દિવસેને દિવસે ડ્રગ્સના કારણે બરબાદ થઈ રહ્યા છે. વિધાનસભાના આંકડાઓ મુજબ બે વર્ષમાં ગુજરાતમાં 3,162 કિલો ડ્રગ્સ પકડાયું છે અને એક વર્ષમાં 260 કરોડનો દેશી અને વિદેશી દારૂ પકડાયો છે. આપણે કેવા ગુજરાતમાં જીવી રહ્યા છીએ? મુન્દ્રા પોર્ટ, હજીરા પોર્ટ, પોરબંદર, પિપાવાવ જેવા સ્થળો એન્ટ્રી પોઈન્ટ બની ચૂક્યા છે અને ગુજરાત આખા દેશના ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ સમાન બની ગયું છે.

'આપ' નેતા બ્રિજરાજ સોલંકીએ વધુમાં જણાવ્યું હતુ કે મને એવું લાગે છે કે હર્ષ સંઘવીએ ડ્રગ્સ માફિયાઓને ખુલ્લો દોર આપી દીધો છે કે ગુજરાતમાં આવો અને ડ્રગ્સનો વેપાર કરો અને



ગુજરાતના યુવાનોને બરબાદ કરો. હર્ષ સંઘવી સંપૂર્ણ નિષ્ફળ ગયા છે. ગુજરાતના યુવાનો બરબાદ થઈ રહ્યા છે અને તેના માટે જવાબદાર માત્ર હર્ષ સંઘવી છે. ડ્રગ્સ પકડાય છે, પરંતુ કોણ લાવે છે અને ક્યાં વેચાય છે તે ક્યારેય પકડાતા નથી, કોઈના નામ બહાર આવતા નથી. એવું લાગે છે કે તેમાં ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને ભ્રષ્ટ નેતાઓ પણ સંડોવાયેલા છે. હું ગુજરાતની જનતાને પૂછવા માંગુ છું કે આપણે કેવા ગુજરાતમાં જીવી રહ્યા છીએ, જ્યાં એક બાજુ યુવાનો નોકરી માંગે છે ત્યારે નોકરી આપી શકાતી નથી, પોલીસ દ્વારા માર મારવામાં આવે છે, ખોટા કેસો કરવામાં આવે છે અને જેલમાં નાખવામાં આવે છે, જ્યારે બીજી બાજુ ડ્રગ્સનો વેપાર વધે છે. આપણે સજાગ થવું પડશે, આપણી આત્માને જગાડવી પડશે. ડ્રગ્સ અને દારૂ બંધ થઈ શકે છે, પરંતુ ઈચ્છા હોવા છતાં બંધ કરવામાં નથી આવતું કારણ કે ગુજરાતમાં એક વર્ષમાં એક લાખ કરોડથી પણ વધારે ડ્રગ્સ અને દારૂનો વેપાર થઈ રહ્યો છે અને ભ્રષ્ટ અધિકારીઓ અને નેતાઓ પૈસા કમાઈ રહ્યા છે. તેથી હું સૌને વિનંતી કરું છું કે જાગો અને તમારી આત્માને જગાડો. ક્યાં સુધી આ ગુલામી સહન કરીશું ? હું ગુજરાતના ગૃહમંત્રી અને ઉપમુખ્યમંત્રીને પણ કહેવા માંગુ છું કે જો થોડી પણ શરમ બચી હોય તો તાત્કાલિક રાજીનામું આપો અને ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળો. આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં ગાંધીજીના માર્ગ પર અને જરૂર પડે તો શહીદ ભગતસિંહના માર્ગ પર આંદોલન કરવા માટે તૈયાર છે.

## પરિણીતાનું ફેક એકાઉન્ટ બન્યું

### વટવામાં મહિલાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામમાં આઈડી બનાવી બીભત્સ લખાણ સાથે ફોટા મૂકવામાં આવ્યા




અમદાવાદ | શહેરના વટવા વિસ્તારમાં પી.ડી. પંડ્યા કોલેજ રોડ પર રહેતી 34 વર્ષીય પરિણીતાની ગરિમાને ઠેસ પહોંચાડવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોઈ અજ્ઞાત શખસે પરિણીતાના નામે નકલી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી તેમાં પરિણીતા અને તેના નણંદના ફોટા મૂકી અત્યંત ખરાબ અને બીભત્સ લખાણ લખી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા.

ગત 6 એપ્રિલના રોજ વટવા વિસ્તારમાં પીડી પંડ્યા કોલેજ રોડ પર રહેતી પરિણીતાને તેના દિયરે તેના જ નામનું એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બતાવ્યું હતું. આ એકાઉન્ટના ડિસ્પ્લે પિક્ચર (DP) માં પરિણીતાનો ફોટો રાખવામાં આવ્યો હતો. પરિણીતાએ આ એકાઉન્ટ તેનું ન હોવાનું સ્પષ્ટ કર્યું હતું. ત્યારબાદ અન્ય સગા-સંબંધીઓએ પણ જાણ કરી હતી કે, આ એકાઉન્ટ પરથી છેલ્લા કેટલાય સમયથી અશ્લીલ અને બીભત્સ મેસેજ મોકલવામાં આવી રહ્યા છે.

ફેક એકાઉન્ટ બનાવનાર શખ્સે માત્ર ફોટા જ નહીં, પરંતુ પરિણીતા અને તેના નણંદ વિશે ગંદી ચેટ અને લખાણવાળા સ્ક્રીનશોટ પણ સગા-સંબંધીઓને મોકલ્યા હતા. આ હરકત દ્વારા પરિણીતાની સામાજિક બદનામી કરવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે પરિણીતાના પતિએ શરૂઆતમાં વટવા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. ત્યારબાદ આ બાબતે ગંભીરતાથી નોંધ લઈને મહિલાએ વટવા પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ અને બદનામીની કલમો હેઠળ ગુનો નોંધીને ફેક એકાઉન્ટ બનાવનાર આરોપી સુધી પહોંચવા માટે સાયબર નિષ્ણાતોની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## 07 મે 2026થી ESIC હેઠળ 40 વર્ષથી વધુ વયના વીમિત વ્યક્તિઓ માટે નિ:શુલ્ક વાર્ષિક આરોગ્ય તપાસ કાર્યક્રમનો પ્રારંભ

અમદાવાદ : નવેમ્બર 2025માં અધિસૂચિત ચાર શ્રમ સંહિતાઓ (Labour Codes) ભારતના શ્રમ પ્રશાસન માળખામાં એક મહત્વપૂર્ણ સુધારો દર્શાવે છે. આ સંહિતાઓ હેઠળ 40 વર્ષથી વધુ વયના શ્રમિકો માટે નિ:શુલ્ક વાર્ષિક આરોગ્ય તપાસનો પ્રાવધાન એક મહત્વપૂર્ણ પહેલ છે, જે દર્શાવે છે કે સ્વસ્થ કાર્યબળ જ ઉત્પાદનક્ષમ રાષ્ટ્રની આધારશિલા છે તેમજ નિવારક આરોગ્ય સેવાઓ દરેક શ્રમિકનો અધિકાર અને જરૂરિયાત બંને છે. આ પહેલ સ્વસ્થ અને ઉત્પાદનક્ષમ કાર્યબળના નિર્માણ માટે મહત્વપૂર્ણ પગલું છે અને નિવારક આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવાની દિશામાં ESIC ની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ઉપરોક્તના અનુસંધાનમાં, ESIC દ્વારા દેશભરમાં 40 વર્ષથી વધુ વયના પોતાના વીમિત વ્યક્તિઓ માટે નિ:શુલ્ક વાર્ષિક આરોગ્ય તપાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ સંદર્ભમાં, કાર્યક્રમનો રાષ્ટ્રીય સ્તરે પ્રારંભ ગુરુવાર, 07 મે 2026ના રોજ સવારે 10:00 વાગ્યે દેશના વિવિધ 12 સ્થળોએ એકસાથે કરવામાં આવશે. ESIC મોડલ હોસ્પિટલ, ખોડિયાર મંદિર, ચંદ્રશેખર આઝાદ રોડ, રાજીવ નગર, રખિયાલ, બાપુનગર, અમદાવાદ, ગુજરાત ખાતે કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી કુંવરજી બાવળિયા, માનનીય મંત્રી (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર), ગુજરાત સરકારની અધ્યક્ષતામાં તથા અન્ય માનનીય અતિથિઓની ઉપસ્થિતિમાં યોજાશે.આ વાર્ષિક આરોગ્ય તપાસ કાર્યક્રમનો મુખ્ય હેતુ વીમિત વ્યક્તિઓમાં રોગોની વહેલી તકે ઓળખ, સમયસર સારવાર અને વધુ સારા આરોગ્ય પરિણામો સુનિશ્ચિત કરવાનો છે. આ પહેલ નિવારક આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવાની તેમજ શ્રમિકોના સર્વાંગી કલ્યાણને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

## News Brief

### રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 2 ટકાનો વધારો

ગાંધીનગર | રાજ્ય સરકારના લાખો કર્મચારી અને પેન્શનરો માટે ખુશખબર આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં 2 ટકાનો વધારો કરાયો છે. કર્મચારીઓને અત્યાર સુધી જે 58 ટકા મોંઘવારી ભથ્થુ મળતું હતું તેની જગ્યાએ હવે 60 ટકા કરાયું છે. મોંઘવારી ભથ્થામાં વધારો 1 જાન્યુઆરી, 2026થી લાગુ કરાયો છે. એટલે કે કર્મચારીઓને મે મહિનાના પગારમાં જાન્યુઆરીથી એપ્રિલ મહિનાના એરિયર્સની ચૂકવણી પણ કરાશે.

ભારત સરકારના 22 એપ્રિલ, 2026ના ઓફિસ મેમોરેન્ડમને અનુસરીને રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. અગાઉ મોંઘવારી ભથ્થાનો દર 58% હતો, જે હવે વધીને કુલ 60% થયો છે. આ વધારાનો લાભ રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓ, પેન્શનરો, અખિલ ભારતીય સેવા (A.I.S.) ના અધિકારીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓ અને સંસ્થાઓના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફને મળવાપાત્ર થશે.

ચૂકવણીની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરતા ઠરાવમાં જણાવાયું છે કે, રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓ, પેન્શનરોના પગાર/પેન્શનમાં મોંઘવારી ભથ્થામાં વધારો મે- 2026ના પગાર સાથે કરવાનો રહેશે. જાન્યુઆરી-2026 થી એપ્રિલ 2026થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમની ચૂકવણી ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ એક હપ્તામાં મેં માસના પગારની (પેઈડ ઈન જૂન 2026) સાથે રોકડમાં કરવાની રહેશે.

મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને એની ગણતરી કરવામાં આવે છે.

### કોન્ટ્રાક્ટના કામોના પૈસા નહી ચૂકવાતા ગુજરાત હાઈકોર્ટે AMCનો ઉધડો લીધો

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોન્ટ્રાક્ટથી કામ આપ્યા પછી ચૂકવણીમાં મોડું થતા ગુજરાત હાઈકોર્ટે ઉધડો લીધો છે. હાઈકોર્ટે ટકોર કરી છે કે, 'તમે બધા કામો કોન્ટ્રાક્ટ પર આપી દો છો પછી જવાબદારીમાંથી હાથ અદ્ધર કરી લો છો. તેના લીધે લોકોને હાલાકી ભોગવવી પડે છે. તમે જે સમયગાળામાં લોકોના કામ કરવાની ડેડલાઈન આપો, તે તમારા માટે કામ કરે અને તમે કોન્ટ્રાક્ટરોને પૈસા નથી આપતા. તેના લીધે મજૂરોને પણ પૈસા નથી મળતા. આ રીતે તમે સામાજિક જીવન સાથે છેતરપિંડી કરો છો?' હાઈકોર્ટે કોર્પોરેશનને રાહત આપવાનો ઈનકાર કરીને આ અરજી ફગાવી દીધી છે.

કોન્ટ્રાક્ટરોએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, 'કોર્પોરેશન લોકોના કામોના કોન્ટ્રાક્ટ આપ્યા પછી પૈસા આપતા નથી. જેના લીધે શ્રમિકોના પૈસા ચુકવવા અને કામ બંને અટકી જાય છે. કામ પૂર્ણ કરવાનો સમય પૂરો થઈ ગયા પછીયે કામ પૂરા નહીં થતા કોર્પોરેશન કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરે છે.' અમદાવાદ કોર્પોરેશનની ઝાટકણી કાઢતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે 'બધા કોન્ટ્રાક્ટર ભેગા થઈને તમારા કામ લેવાની ના પાડી દે તેવી સ્થિતિ ત્યારે જ ઊભી થાય, જ્યારે તમારૂં વલણ વિકાસની દિશામાં ના હોય. કોન્ટ્રાક્ટરે કામ પૂરું કરવામાં માત્ર એક મહિનો મોડું કર્યું, તેમાં તમે તેમને પૈસા આપતા નથી. લોકોના ટેક્સના પૈસા ઉઘરાવો છો.

### ગર્લફ્રેન્ડના શોખ પૂરા કરવા સ્પોર્ટ્સ બાઈક ચોરતી ગેંગ ઝડપાઈ, 12 બાઈક સાથે ત્રણની ધરપકડ

અમદાવાદ | અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી માત્ર મોંઘીદાટ સ્પોર્ટ્સ બાઈકને નિશાન બનાવતી એક શાતીર ગેંગનો LCB ઝોન-1ની ટીમે પર્દાફાશ કર્યો છે. પોતાની ગર્લફ્રેન્ડને મોંઘી ખરીદી કરાવવા અને અંગત મોજ-શોખ પૂરા કરવા માટે ચોરીના રસ્તે ચડેલા ત્રણ આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. આ કાર્યવાહીમાં પોલીસે વાહન ચોરીના કુલ 12 ગુનાઓનો ભેદ ઉકેલી 13 લાખ રૂપિયાની કિંમતના 12 સ્પોર્ટ્સ બાઈક કબજે કર્યા છે.

આ સ્પોર્ટ્સ બાઈક ચોરી કરનારા મુખ્ય ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય ત્રણ હજુ ફરાર છે. પોલીસ સકંજામાં આવેલા આરોપીઓમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા સુનીલકુમાર ગરાસિયા (મૂળ સિરોહી, રાજસ્થાન) અને કૈલાશ ઉર્ફે રોકી પુંજીલાલ રોત (મૂળ ડુંગરપુર, રાજસ્થાન) તેમજ હાઉસકીપિંગનું કામ કરતા વિજેશ ઉર્ફે વિજ્જુ દેવીલાલ નનોમાં (મૂળ ડુંગરપુર, રાજસ્થાન)નો સમાવેશ થાય છે. જ્યારે આ ચોરીની ઘટનાઓમાં તેમને સાથ આપનારા મૂળ રાજસ્થાનના સિરોહી જિલ્લાના જ રહેવાસી એવા અન્ય ત્રણ આરોપીઓ થાવરા ઉર્ફે થાવો હંસારામ ગરાસીયા, વિકાસ કુમાર કેસરા રામ ગરાસીયા અને પ્રવીણ હજુ પોલીસ પકડથી દૂર છે પોલીસના જણાવ્યાનુસાર, અમદાવાદમાં છેલ્લા ઘણાં સમયથી માત્ર સ્પોર્ટ્સ બાઈક ચોરાઈ રહ્યા હોવાનું ઝોન-1 LCBની ટીમના ધ્યાનમાં આવ્યું હતું. જેને લઈને અલગ-અલગ વિસ્તારોના સીસીટીવી ફૂટેજ, ડમ્પ ડેટા અને ટેકનિકલ સોર્સની મદદથી તપાસ કરીને ત્રણ આરોપીઓ સુનીલકુમાર, કૈલાશ અને બ્રિજેશકુમારની ધરપકડ કરી છે.

## મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેય દ્વારા વડોદરા સ્ટેશનનું નિરીક્ષણ



વડોદરા : પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેય દ્વારા આજે સુરત-વડોદરા-ગોધરા ખંડનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કરવામાં આવ્યું. વડોદરા સ્ટેશન પર પહોંચ્યા બાદ તેમણે વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે તેમજ મંડળના વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્ટેશનનું નિરીક્ષણ પણ કર્યું. તેમણે વડોદરા સ્ટેશન પર ઉપલબ્ધ મુસાફરોની સુવિધાઓ, લોકો પાઈલટ અને ટ્રેન મેનેજર લોબી વગેરે ની સાથે સાથે ઉનાળાની ભીડ દરમિયાન વડોદરા મંડળ દ્વારા મુસાફરો માટે આપવામાં આવતી સુવિધાઓ જેમ કે હોલ્ડિંગ એરિયા વગેરેનું પણ અવલોકન કર્યું. આ દરમિયાન વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે દ્વારા પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી પાંડેય ને વડોદરા સ્ટેશન પર પ્રસ્તાવિત વિકાસ કાર્યો અંગે માહિતી પણ આપવામાં આવી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરેલી વધુ એક અસરકારક રજૂઆતને મળી સફળતા

ભાવનગર : ભાવનગર જિલ્લાના ખેડૂતો અને ગ્રામજનોની ઉનાળા દરમિયાન ઉદભવતી પાણીની સમસ્યાને વાચા આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા એક અત્યંત લોકહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના નર્મદા અને જળ સંપત્તિ વિભાગ દ્વારા ભાવનગરના લાખણકા ડેમમાંથી પાણી છોડીને નીચાણવાસમાં આવેલા અધેવાડા તથા માલણકા ગામના ચેકડેમો ભરી આપવાની મંજૂરી આપવામાં આવી છે. ભાવનગર ડાયમંડ એસોસિએશનના પ્રમુખ શ્રી ભરતભાઈ માણીયા (તલવાર) દ્વારા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીને આ વિસ્તારમાં પાણીની સમસ્યા બાબતે અવગત કરાવવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ આ પ્રશ્નને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ સમક્ષ ત્વરિત અને યોગ્ય નિર્ણય લેવા અનુરોધ કર્યો હતો.



મુખ્યમંત્રીશ્રી તથા પાણી પુરવઠા મંત્રીશ્રીને કરેલી આ રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્ય સરકાર દ્વારા લાખણકા ડેમમાંથી ૧૬ MCFT પાણીનો જથ્થો છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ જનહિતલક્ષી નિર્ણય બદલ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાવનગરના ખેડૂતો અને ગ્રામજનો વતી મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ડેમના દરવાજામાંથી પાણી છોડીને નીચવાસમાં આવેલા અધેવાડા અને માલણકા ગામના ચેકડેમો ભરવામાં આવશે, જેનાથી સ્થાનિક ખેતી અને પશુપાલનને મોટો ફાયદો થશે. આ નિર્ણયથી ઉનાળાની સિઝનમાં પાણીની ખેંચ અનુભવતા આ વિસ્તારોમાં જળ સ્તર ઊંચા આવશે અને સ્થાનિકોને મોટી રાહત મળશે.રાજ્ય સરકારના આ નિર્ણયને ભાવનગરના ગ્રામ્ય વિસ્તારોમાં હર્ષભેર વધાવી લેવામાં આવ્યો છે.

## અમદાવાદ: નારોલમાં ધોરણ 12માં ઓછા ટકા આવતા વિદ્યાર્થિનીનો આપઘાત...

અમદાવાદ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12નું પરિણામ જાહેર થયા બાદ એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. શહેરના નારોલ વિસ્તારમાં રહેતી એક વિદ્યાર્થિનીએ પરીક્ષામાં અપેક્ષા કરતા ઓછા ટકા આવવાના કારણે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે.



મળતી વિગતો અનુસાર, નારોલના ગંગોત્રી નગર વિસ્તારમાં આવેલા ઉમંગ ફ્લેટમાં આ દુ:ખદ ઘટના બની હતી. ગઈકાલે (ચોથી મે) સાંજે પાંચથી છ વાગ્યાની આસપાસ વિદ્યાર્થિનીએ પોતાના જ ઘરે આપઘાત કરી લીધો હતો. ધોરણ 12ની પરીક્ષામાં ઓછું પરિણામ આવતા વિદ્યાર્થિની માનસિક રીતે ભાંગી પડી હતી. જોકે, વિદ્યાર્થિનીના પિતાએ તેને પરિણામ બાબતે કોઈ ઠપકો આપ્યો ન હતો કે કશું કહ્યું ન હતું. તેમ છતાં, ઓછા ટકા આવવાથી તેને મનમાં જ લાગી આવ્યું હતું અને તેણે આ અંતિમ પગલું ભર્યું હતું.

પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. એક તેજસ્વી કારકિર્દીના ઉંબરે ઉભેલી યુવતીના આવા પગલાથી સમગ્ર વિસ્તારમાં અને શિક્ષણ જગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગત ચોથી મેના રોજ ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે વિજ્ઞાન પ્રવાહનું 84.33% અને સામાન્ય પ્રવાહનું 92.71% પરિણામ નોંધાયું છે.

## સગીરાના 24 સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે હાઈકોર્ટની મંજૂરી : કોર્ટમાં અરજી કરી હતી...

જામનગર | જામનગર જિલ્લાની 17 વર્ષીય દુષ્કર્મ પીડિતા ગર્ભવતી બનતા ગર્ભપાત માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. મેડિકલ રિપોર્ટ બાદ કોર્ટે મંજૂરી આપી છે.

જામનગરથી 17 વર્ષ અને 7 મહિનાની દુષ્કર્મ પીડિતા સગીરાના 24 સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી માંગતી અરજી આવી હતી. જે સંદર્ભે ગુજરાત હાઈકોર્ટે જામનગરની સિવિલ હોસ્પિટલને સગીરાના મેડિકલ તપાસના નિર્દેશ આપીને 4 મે સુધીમાં રિપોર્ટ રજૂ કરવા હુકમ કર્યો હતો.

આરોપી સામે જામનગરના ધ્રોલ પોલીસ મથકે ફરિયાદ નોધાઈ છે. આજે તેનો મેડિકલ રીપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો. જેમાં સગીરાનો ગર્ભપાત શક્ય હોવાનો રીપોર્ટ આવ્યો હતો. જેને આધારે ગુજરાત હાઈકોટે સગીરાના ગર્ભપાતની મંજૂરી આપી છે.

આરોપી સામે પુરાવા સ્વરૂપે સગીરાના ગર્ભના DNA તપાસ અધિકારીને સોંપવા જણાવાયું છે. ગર્ભપાત પહેલા સગીરાની બાહેંધરી લેવા કહેવાયું છે. જો બાળક જીવિત જન્મે



તો તેને શક્ય તમામ સારવાર આપવા અને જો સગીરા બાળક રાખવા ના માંગે તો જુવેનાઈલ જસ્ટીસ એક્ટ મુજબ આગળની કાર્યવાહી કરવા માટે નિર્દેશ અપાયા છે.

મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી (MTP ) એક્ટ હેઠળ કોઈપણ પરિણીત મહિલા, બળાત્કાર પીડિતા, અલગ-અલગ-વિકલાંગ મહિલા અને સગીર છોકરીને 24 અઠવાડિયાં સુધીની ગર્ભાવસ્થાનો ગર્ભપાત કરવાની છૂટ છે. જો પ્રેગ્નન્સી 24 અઠવાડિયાંથી વધુ હોય તો મેડિકલ બોર્ડની સલાહ પર કોર્ટમાંથી ગર્ભપાતની મંજૂરી લેવી પડે છે.

## જામનગરમાં ખોજા નાકા વિસ્તારમાં રહેતા પ્રૌઢ પર ધોકા વડે હુમલો

જામનગર : ખોજાનાકા વિસ્તારમાં એક વૃદ્ધ પર જાહેરમાં ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે સીટી એ-ડીવી પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, તા.03/05/2026ના રોજ રાત્રે આશરે 11:30 વાગ્યે ખોજાનાકા લાલખાણ ચાકીવાડ વિસ્તારમાં ફરિયાદી ઈકબાલભાઈ અબુભાઈ ખાખીના ઘરે આરોપીઓ પહોંચ્યા હતા. ઘરનો દરવાજો ખખડાવતા ફરિયાદીએ દરવાજો ખોલતા જ આરોપી કાસુ ઈમ્તિયાઝ ચાકીએ લોખંડના પાઈપ વડે તેમના જમણા પગમાં ઘા કર્યો હતો. આ હુમલા દરમિયાન ફરિયાદી નીચે પડી જતા આરોપી ફારૂખ ઈમ્તિયાઝ ચાકીએ લાકડાના ધોકા વડે તેમના હાથમાં ઘા કર્યો હતો, જ્યારે નૂરજહા બીલાલ ચાકીએ ઢીકાપાટ્ટુનો માર માર્યો હતો. ત્રણેય આરોપીઓએ મળીને ફરિયાદીને માર મારી ઈજા પહોંચાડી હતી, જેમાં પગના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

## કિન્નરના નામે લવ પ્રોબ્લેમ સોલ્વ કરવાનું કહી યુવતીને ફસાવી: ઈન્સ્ટાગ્રામ પર વિધિના નામે કપડા ઉતરાવી વીડિયો રેકોર્ડ કર્યો, બ્લેકમેલ કરી પૈસા પડાવ્યા

અમદાવાદ | લવ પ્રોબ્લેમનું સોલ્યુસન મેળવવા ગયેલી એક યુવતી ઠગબાજોની જાળમાં ફસાઈ જતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઈન્સ્ટાગ્રામ પર એસ્ટ્રોલોજર પૂજા કિન્નર મા નામના આઈડી પરથી યુવતીને મેસેજ કરાયો હતો. જેમાં લવ પ્રોબ્લેમના સોલ્યુસન માટે દાવો કરાયો હતો. કિન્નરના નામનું આઈડી હોય યુવતી વિશ્વાસમાં આવી ગઈ હતી અને રિપ્લાય આપ્યો હતો. વિધિના નામે યુવતીને વીડિયો કોલ કરી કપડા કાઢવા દબાણ કરાયું હતું. જેનું સ્કીન રેકોર્ડીંગ કરી બાદમાં યુવતીને બ્લેકમેઈલ કરવામાં આવી અને રૂ. 1.43 લાખ પડાવી લીધાનું સામે આવ્યું છે.

ત્રણ શખ્સો દ્વારા બે થી અઢી વર્ષમાં યુવતીની માફક સેંકડો લોકોને પોતાની જાળમાં ફસાવી રૂપિયા 40 થી 42 લાખ પડાવી લીધાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ મામલે પોલીસે રાજસ્થાનથી એક શખસને ઝડપી પાડ્યો છે. જ્યારે બેની શોધખોળ ચાલુ છે. અમદાવાદ સાયબર ક્રાઈમમાં યુવતીએ ફરિયાદ નોંધાવી હતી કે, 'એસ્ટ્રોલોજર પૂજા કિન્નર મા' નામના ઈન્સ્ટાગ્રામ ID મારફતે જ્યોતિષ પૂજા કિન્નર ગુરુમાની સાથે વાતચીત થઈ હતી.જેમાં લવ પ્રોબ્લેમમાં સોલ્યુશન લઈ આપવાનું કહીને વિધિ કરાવી હતી.આ વિધિમાં શરૂઆતમાં આરોપીએ ભોગ બનનારના ફોટાને એડિટ કરીને વાયરલ કરવાની ધમકી આપી હતી.જે બાદ દબાણ કરીને વિધિ કરવાના બહાને ન્યૂડ વિડીયો કોલ કરવા માટે મજબૂર કરી વીડિયોકોલનું સ્કીન રેકોર્ડિંગ કર્યું હતું. બાદમાં તે જ ફોટો વીડિયો વન ટાઈમ વ્યુમાં મોકલીને બ્લેકમેલ કરી પૈસાની માંગણી કરી હતી યુવતીએ આરોપીને 1.43 લાખ રૂપિયા તો આપી દીધા હતા. છતાં આરોપી દ્વારા વધુ પૈસાની માંગણી કરવામાં આવતા યુવતીએ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે સાઈબર ક્રાઈમે તપાસ કરીને રાજસ્થાનના બીકાનેરના રજનીશ ભાર્ગવ નામના એક આરોપીની ધરપકડ કરી છે.આરોપી સાથે અન્ય વિકાસ ભાર્ગવ અને રવિ ભાર્ગવ નામના આરોપીઓ પણ જોડાયેલા હતા.ત્રણેય આરોપીઓ ભેગા મળીને સોશિયલ મીડિયા પર જ્યોતિષ ,કિન્નર અને ગુરુમાં નામની જુદી જુદી ફેક ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક આઈડી બનાવતા હતા અને તેમાં પ્રેમ,લગ્ન તથા અન્ય વ્યક્તિગત સમસ્યાઓનું સમાધાન કરવાની વાતો કરીને ભોગ બનનારને પૂજા વિધિના બહાને ફોટા મંગાવતા હતા.તે બાદ જુદા જુદા મોબાઈલ નંબરના વોટ્સએપ દ્વારા સંપર્ક કરી તેઓના ફોટા એડિટ કરી પોસ્ટર બનાવી વાયરલ કરવાની ધમકી આપતા હતા.ભોગ બનનારને વીડિયોકોલમાં જ કપડાં કાઢવાનું કહીને સ્કીન રેકોર્ડિંગ કરતા હતા.આરોપીઓ ભોગ બનનારને બ્લેકમેઈલ કરીને મોટી રકમ પણ પડાવતા હતા. સાયબર ક્રાઈમના ડીસીપી લવિના સિન્હાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, જે ત્રણેય આરોપીઓ છે તેની ઉંમર 20 થી 25 વર્ષ વચ્ચેની છે. અઢી વર્ષ દરમિયાન આરોપીઓ અનેક લોકોને ફસાવી ચૂક્યા છે. આરોપી દ્વારા દરરોજના 300 લોકોને ફોન કરવામાં આવતા હતા. જેમાંથી સરેરાશ 60 થી 65 લોકો ક્લાઈન્ટમાં કન્વર્ટ થતા હતા. શરૂઆતમાં તેઓ એક ક્લાઈન્ટ પાસેથી શ્રીફળ વિધિ સહિતની વિધિના નામે 3 હજારથી 15 હજાર રૂપિયા વસૂલતા હતા. ક્લાઈન્ટ વશમાં આવી જાય પછી વધુ ફસાવતા હતા. વશીકરણના નામે ન્યૂડ ફોટો અને વીડિયો લઈને બ્લેકમેઈલીંગ શરૂ કરતા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### લાકડાના કારખાનામાં આગ બૂઝાવવા દીવાલ તોડવી પડી, વીજ પુરવઠો ખોરવાયો અને સ્થાનિકોમાં ફફડાટ વ્યાપ્યો

# ગોંડલ આગ દુર્ઘટના, બે સ્થળોએ ભીષણ આગથી અફરાતફરી

(એજન્સી) ગોંડલ । તા. 05

સૌરાષ્ટ્રના અગ્રણી વેપારી મથક ગોંડલમાં આજે બે અલગ-અલગ વિસ્તારોમાં આગની ભયાનક ઘટનાઓ બનતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી. શહેરના ભોજરાજપરા વિસ્તારમાં વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગ્યા બાદ મોડી રાત્રે ગંજીવાડા વિસ્તારમાં આવેલા એક લાકડાના કારખાનામાં પ્રચંડ આગ ભભૂકી ઉઠી હતી. આ બંને દુર્ઘટનાઓમાં ફાયર બ્રિગેડની ટીમોએ જીવના જોખમે કામગીરી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખોની માલમત્તા બળીને ખાખ થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.



આગનો પ્રથમ બનાવ ભોજરાજપરા વિસ્તારની શેરી નંબર ૧૬માં બન્યો હતો. અહીં રસ્તા પર આવેલા એક વીજ ટ્રાન્સફોર્મર (ટી.સી.) માં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગની જ્વાળાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અંધારપટ છવાઈ જતા રાત્રિના સમયે સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. ફાયર ફાઈટરોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગને ઓલવી નાખી હતી. પીજીવીસીએલ (PGVCL) દ્વારા હાલ આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

બીજી બાજુ, ગંજીવાડા વિસ્તારમાં આવેલ 'ભગવાન એન્ટરપ્રાઈઝ' નામના લાકડાના કારખાનામાં મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. કારખાનામાં લાકડાનો મોટો જથ્થો હોવાથી આગે ખૂબ જ ઝડપથી રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ એટલી પ્રચંડ હતી કે ગોંડલ ફાયર બ્રિગેડની ક્ષમતા ઓછી પડતા તાત્કાલિક રાજકોટ અને શાપરથી પણ ફાયર ફાઈટરોની ટીમોને બોલાવવાની ફરજ પડી હતી. સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા અને ગરમીનું પ્રમાણ વધી ગયું હતું.

### દીવાલ તોડીને અંદર પ્રવેશ્યા ફાયર ફાઈટરો

આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડની ટીમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કારખાનાની અંદર જવા માટે પૂરતી જગ્યા ન હોવાથી અંતે જેસીબી (JCB) મશીનની મદદ લેવામાં આવી હતી અને કારખાનાની એક તરફની દીવાલ તોડી પાડવામાં આવી હતી. ત્યારબાદ ફાયર ફાઈટરો અંદર પ્રવેશ્યા હતા અને સતત પાણીનો મારો ચલાવીને કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. પ્રાથમિક અનુમાન મુજબ, આ આગ પણ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું મનાય છે.

### ભારે આર્થિક નુકસાન પણ જાનહાનિ ટળી

આ બંને આગની ઘટનાઓમાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે કારણ કે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. જોકે, લાકડાના કારખાનામાં મશીનરી અને તૈયાર માલ તેમજ કાચો માલ બળી જવાથી કારખાના માલિકને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. સ્થાનિક રહીશોએ ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને બિરદાવી હતી, કારણ કે જો આગ પર સમયસર કાબૂ ન આવ્યો હોત તો બાજુમાં આવેલા રહેણાંક મકાનો પણ તેની લપેટમાં આવી શક્યા હોત.

ગોંડલમાં બનેલી આ ઘટનાઓ ફરી એકવાર ઔદ્યોગિક વિસ્તારોમાં ફાયર સેફ્ટીના સાધનોની અનિવાર્યતા તરફ આંગળી ચીંધે છે.

## ગોસાબારા લેન્ડિંગ કેસ ચુકાદો ૧૨ આરોપીઓ દોષિત જાહેર, દાઉદ ઇબ્રાહિમ ભાગેડુ જાહેર, આકરી સજા




જામનગર | ભારતની આંતરિક સુરક્ષાને હચમચાવી દેનારા અને ૩૩ વર્ષ જૂના ચર્ચિત 'ગોસાબારા લેન્ડિંગ કેસ' માં જામનગરની સ્પેશિયલ ટાડા અદાલતે આજે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. બાબરી ધ્વંશનો બદલો લેવા માટે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓના ઈશારે ભારતમાં RDX અને ઘાતક હથિયારો ઘૂસાડવાના આ કેસમાં અદાલતે ૧૨ આરોપીઓને તકસીરવાન ઠરાવી જેલની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે દાઉદ ઈબ્રાહિમ અને ટાઈગર મેમણ સહિતના ૧૫ મુખ્ય સૂત્રધારોને ભાગેડુ જાહેર કર્યા છે. વર્ષ ૧૯૯૩ માં જ્યારે દેશમાં કોમી સંવાદિતા જોખમાઈ હતી, ત્યારે પાકિસ્તાનના કરાચીથી સમુદ્ર માર્ગે આરડીએક્સ, આધુનિક રાયફલો અને વિસ્ફોટકોનો જથ્થો પોરબંદરના ગોસાબારા બંદરે ઉતારવામાં આવ્યો હતો. આ જથ્થાનો ઉપયોગ ભારતમાં આતંક મચાવવા અને રમખાણો ભડકાવવા માટે કરવાનો હતો. જામનગરની સ્પેશિયલ ડેઝિગ્નેટેડ (ટાડા) અદાલતના જજ આર.પી. મોગેરાએ આ કેસની ગંભીરતાને ધ્યાને રાખીને આરોપીઓ સામે આકરો અભિગમ અપનાવ્યો છે.

## વડોદરા સાયબર ફ્રોડ કેસ રોકાણના નામે 26 લાખની લૂંટ, TCSના નામે બોગસ વેબસાઈટ બનાવી ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 05

શહેરમાં રોકાણના નામે અનેકગણો નફો મેળવવાની લાલચ આપીને નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી ગેંગ વધુ સક્રિય થઈ છે. વડોદરાના બિલ વિસ્તારમાં રહેતા એક ખાનગી કંપનીના કર્મચારીને શેરબજાર અને આઈપીઓમાં રોકાણના બહાને ૨૬ લાખની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનાવવામાં આવ્યા છે. ડિજિટલ ઠગોએ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) જેવી પ્રતિષ્ઠિત કંપનીના નામે બોગસ વેબસાઈટ બનાવી આ સમગ્ર ખેલ પાર પાડ્યો છે. ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે સાયબર સેલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બિલ વિસ્તારના સત્યમ ટેનામેન્ટમાં રહેતા દીપકભાઈ રાજે પોલીસને જણાવ્યું કે, ગત ડિસેમ્બર માસમાં ફેસબુક દ્વારા બ્રમ્હી કપાસિયા નામની યુવતી સાથે તેમનો સંપર્ક થયો હતો. ચેટિંગ દરમિયાન આ યુવતીએ શેરબજારમાં રોકાણ કરીને લાખોની કમાણી કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ યુવકને વોટ્સએપ ગ્રુપમાં જોઈન્ટ કરવામાં આવ્યો હતો, જ્યાં આઈપીઓ (IPO) અને ક્યુ.આઈ.બી સ્ટોક માર્કેટની આકર્ષક માહિતી આપીને વિશ્વાસમાં લેવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઠગોએ યુવકનું બોગસ એકાઉન્ટ પણ એક્ટિવેટ કરાવ્યું હતું.

ઠગોએ શરૂઆતમાં દીપકભાઈ પાસે ૧૦ હજાર રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું, જેની સામે તેમને ૧૧,૯૭૨ રૂપિયા પરત મળ્યા હતા. આ નફો જોઈને યુવકને વિશ્વાસ બેસી ગયો હતો કે આ પ્લેટફોર્મ સુરક્ષિત છે. ત્યારબાદ તેણે ટુકડે ટુકડે કુલ ૨૬ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જોકે, આટલું મોટું રોકાણ કર્યા પછી તેને વળતર તરીકે માત્ર ૧૬ હજાર રૂપિયા જ મળ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, વેબસાઈટ પર તેનું બેલેન્સ ૩૯.૮૫ લાખ દેખાતું હતું, પરંતુ તે રકમ ઉપાડી શકાતી નહોતી. જ્યારે યુવકે પોતાની રકમ પરત માંગવાનો પ્રયાસ કર્યો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તે મોટી છેતરપિંડીનો શિકાર બન્યો છે. તપાસ કરતા માલૂમ પડ્યું કે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ એન્ડ કેપિટલ જી ગ્રુપના નામે આ આખી વેબસાઈટ બોગસ હતી.

## વડોદરા બુલેટ સ્ટન્ટ વીડિયો વાયરલ થતા પોલીસ એક્શનમાં, જોખમી સ્ટન્ટ કરનાર યુવકની ધરપકડ થઈ

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી વડોદરામાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતો એક હચમચાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસ સફાળી જાગી છે. શહેરના વ્યસ્ત ગણાતા છાણી રોડ પર એક બુલેટ સવાર યુવકે યુવતીને બુલેટની ટાંકી પર આગળ બેસાડીને જોખમી સ્ટન્ટની સાથે અશ્લીલ હરકતો કરી હતી. આ હરકતના વીડિયોએ નગરજનોમાં ભારે આક્રોશ ફેલાવ્યો હતો, જેના પગલે ફતેગંજ પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને દબોચી લીધો છે.



વાયરલ થયેલા આ વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે એક યુવક જાહેર રસ્તા પર અન્ય વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકીને બેફામ રીતે બુલેટ હંકારી રહ્યો છે. બુલેટની ટાંકી પર સામેની તરફ યુવતીને બેસાડી તે શરમજનક ચેનચાળા કરી રહ્યો હતો. આ દ્રશ્યો કેમેરામાં કેદ થતા જ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારના સ્ટન્ટ્સથી ગંભીર અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શક્યતા હતી, જેના કારણે લોકોમાં પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા હતા. વીડિયોની ગંભીરતાને ધ્યાને લઈને ફતેગંજ પોલીસે તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. વીડિયોમાં દેખાતા બુલેટના નંબરના આધારે પોલીસે માલિકની વિગતો મેળવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ જોખમી સ્ટન્ટ કરનાર યુવક ૨૧ વર્ષીય જિગર પ્રતાપભાઈ ડામોર હોવાનું ખુલ્યું હતું, જે છાણી જકાત નાકા પાસેના આંબેડકર નગરનો રહેવાસી છે.

## 29 વર્ષ જૂની લૂંટ અને હત્યા કેસમાં કોર્ટનું કડક વલણ, કરજણ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય જાહેર

(એજન્સી) વડોદરા । તા. 05

ન્યાય વિલંબિત હોઈ શકે છે પણ અન્યાયી નહીં, આ વાત કરજણની અદાલતે ત્રણ દાયકા જૂના એક ચકચારી કેસમાં સાબિત કરી દીધી છે. કરજણ તાલુકાના રામવાડી આશ્રમમાં વર્ષ ૧૯૯૭માં થયેલી લૂંટ અને હત્યાના ગંભીર ગુનામાં લાંબા સમયથી ગેરહાજર રહેતા બે રીઢા આરોપીઓને કોર્ટે ભાગેડુ જાહેર કર્યા છે. ૨૯ વર્ષ જૂના આ કેસમાં કડક વલણ અપનાવતા ન્યાયાધીશે આરોપીઓની મિલકતો જપ્ત કરવા અને તેમના નજીકના સંબંધીઓને કોર્ટમાં હાજર રહેવા ફરમાન કર્યું છે.

ઘટનાની વિગતો મુજબ, ૨ જૂન ૧૯૯૭ની મધરાતે કરજણ ગામની સીમમાં આવેલા રામવાડી આશ્રમમાં લૂંટારૂ ટોળકી પાળિયા જેવા ઘાતક હથિયારો સાથે ત્રાટકી હતી. આ ટોળકીએ માત્ર ૨૦૦ રૂપિયાની લૂંટ કરવા માટે આશ્રમમાં સૂતેલા નિર્દોષ લોકો પર હિંસક હુમલો કર્યો હતો. આ હુમલામાં હીરાભાઈ નામના વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે ૪ થી ૫ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. કરજણ પોલીસે તે સમયે જબ્બાર ઉર્ફે હૈદરઅલી પઠાણ અને સલીમખાન પઠાણની ધરપકડ કરી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જામીન પર મુક્ત થયા બાદ આ બંને આરોપીઓ લાંબા સમયથી કોર્ટની કાર્યવાહીમાં હાજર રહેતા ન હતા. સરકારી વકીલ જે.એમ. કંસારાની રજૂઆતોને ધ્યાને લઈને કોર્ટે આ બંનેને વોન્ટેડ જાહેર કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અદાલતે માત્ર આરોપીઓ જ નહીં, પણ તેમના માતા-પિતા અને ભાઈ જેવા નજીકના સંબંધીઓને પણ કોર્ટ સમક્ષ હાજર થવા નોટિસ ફટકારી છે. આરોપીઓ લાંબો સમય કાયદાથી છુપાઈ શકે નહીં તેવો કડક સંદેશ અદાલતે આપ્યો છે.

ન્યાયાધીશે કરજણ પોલીસને આદેશ આપ્યો છે કે બંને ભાગેડુઓની મિલકતોની ઓળખ કરી તેને ટાંચમાં લેવાની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવામાં આવે. આ ઉપરાંત, આરોપીઓની ગેરહાજરીમાં પણ પુરાવા નોંધવાની પ્રક્રિયા શરૂ કરવાના આદેશો આપવામાં આવ્યા છે. વર્ષો જૂના આ જઘન્ય ગુનાનો ન્યાયિક નિકાલ લાવવા માટે ફરિયાદ પક્ષના સાક્ષીઓ અને ફરિયાદીને પણ સમન્સ જારી કરવામાં આવ્યા છે.

## વડોદરા જુગાર દરોડો બાપોદમાં સાત જુગારીઓ ઝડપાયા, પોલીસ કાર્યવાહીથી ફફડાટ વ્યાપ્યો



વડોદરા | શહેરમાં શ્રાવણ માસ પૂર્વે જ જુગારની પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. વડોદરાના બાપોદ ગામમાં તલાટી ઓફિસ જેવી સરકારી કચેરીની બિલકુલ નજીક ધમધમતા જુગારધામ પર પીસીબી પોલીસે સફળ દરોડો પાડીને કુલ 7 શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની આ તવાઈમાં રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત હજારોની મતા કબજે કરવામાં આવી છે. આ કાર્યવાહીથી સ્થાનિક વિસ્તારમાં જુગાર રમતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પીસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે બાપોદ ગામ પાસે આવેલી તલાટી ઓફિસની બાજુમાં આવેલી એક ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈને હારજીતનો જુગાર રમી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ માહિતી મળતા જ પોલીસની ટીમે વ્યૂહાત્મક રીતે સ્થળ પર જઈને રેડ પાડી હતી. પોલીસને જોતા જ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ સતર્ક પોલીસ જવાનોએ ઘેરાબંધી કરીને તમામ સાત જુગારીઓને સ્થળ પર જ દબોચી લીધા હતા.

### ગોંડલ ચોકડી અકસ્માત થી ગમગીની છવાઈ

# રાજકોટ સ્કોર્પિયો અકસ્માત ડિવાઈડર ટપી કાળ બની ત્રાટકી



(એજન્સી) રાજકોટ । તા. 05

રાજકોટની ગોંડલ ચોકડી પાસે આજે સાંજે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં સ્કોર્પિયો સવારની બેદરકારીને કારણે બે સગા ભાઈઓએ જીવ ગુમાવ્યા છે. ગોંડલથી બેસણામાંથી પરત ફરી રહેલા પરિવારની ઈકો કાર પર રાજકોટ તરફથી આવતી સ્કોર્પિયો ડિવાઈડર ટપીને કાળ બનીને ખાબકી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકોમાં સવાર બે ભાઈઓના તેમની પત્નીઓની નજર સામે જ કરુણ મોત નીપજ્યા હતા. આ ઘટનામાં બંને વાહનોમાં સવાર કુલ ૯ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જેમાંથી એક મહિલાની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

### બેસણામાંથી પરત ફરતા પરિવાર પર ત્રાટક્યો કાળ

મળતી વિગતો મુજબ, મૂળ થાનગઢના વતની શામજીભાઈ તળશીભાઈ પાટડિયા (ઉ.વ. ૬૦) અને તેમના નાના ભાઈ મગનભાઈ (ઉ.વ. ૫૫), જેઓ રાજકોટમાં ભાવનગર રોડ પર રહેતા હતા, તેઓ તેમના પત્ની ગીતાબેન અને હંસાબેન તથા બહેન સરસ્વતીબેન સાથે ગોંડલ ખાતે એક સંબંધીના અવસાન બાદ બેસણામાં ગયા હતા. સાંજે જ્યારે આ આખો પરિવાર ઈકો કારમાં સવાર થઈને પરત રાજકોટ આવી રહ્યો હતો, ત્યારે ગોંડલ ચોકડી પાસે સ્કોર્પિયો રૂપી કાળ તેમની સામે આવ્યો હતો.

### સ્કોર્પિયો ચાલકે ગુમાવ્યો કાબૂ: ડિવાઈડર કૂદી ઈકો પર ખાબકી

જંગલેશ્વરથી વાવડી તરફ જઈ રહેલી સ્કોર્પિયોના ચાલકે ઓવર સ્પીડ અથવા અન્ય કોઈ અજ્ઞાત કારણોસર સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેફામ ગતિએ દોડતી સ્કોર્પિયો અચાનક ડિવાઈડર કૂદીને સામેની લેન તરફ ફંગોળાઈ હતી અને બરાબર તે જ સમયે સામેથી પસાર થતી ઈકો કાર પર ધડાકાભેર ખાબકી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને વાહનોના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માત બાદ સ્થળ પર ચીસાચીસ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

### ઘટનાસ્થળે જ બે સગા ભાઈઓએ છોડ્યા દમ

આ ગોઝારી દુર્ઘટનામાં ઈકોમાં સવાર શામજીભાઈ અને મગનભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. પોતાની નજર સામે જ પતિને અંતિમ શ્વાસ લેતા જોઈ પત્નીઓ અને બહેન સ્તબ્ધ થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત ગીતાબેન, હંસાબેન અને સરસ્વતીબેનને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એક મહિલાની સ્થિતિ ચિંતાજનક છે.

### યુવકોના મોતથી ગમગીની: રજાની મજા સજામાં પરિણમી

# વડોદરા કોટણા બીચ અકસ્માત મિત્રોની પિકનિક માતમમાં ફેરવાઈ

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી વડોદરાના લોકપ્રિય પિકનિક સ્પોટ ગણાતા કોટણા બીચ પર આજે વહેલી સવારે એક કાળજુ કંપાવી દેનારી ઘટના બની છે. મહીસાગર નદીના કિનારે રજાની મજા માણવા ગયેલા મિત્રોના જૂથમાંથી બે યુવકો નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. લાંબી શોધખોળ બાદ બંને યુવકોના મૃતદેહ મળી આવતા ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાઈ ગયો હતો. આ દુર્ઘટનાને પગલે વડોદરાના દાંડિયા બજાર અને કારેલીબાગ વિસ્તારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

### મોજ-મસ્તી સમયે જ ત્રાટક્યો કાળ

મળતી માહિતી મુજબ, વડોદરાના મિત્રોનું એક જૂથ રવિવારની રજા અથવા ટૂંકી ટ્રીપના આયોજન સાથે કોટણા બીચ પર પહોંચ્યું હતું. સવારના ખુશનુમા વાતાવરણમાં યુવકો મહીસાગર નદીના પાણીમાં નાહવા પડ્યા હતા અને પરસ્પર મોજ-મસ્તી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ૨૨ વર્ષીય કૃષ્ણા રાજપૂત અને ૨૩ વર્ષીય જય જોગલેકર નદીના ઊંડા ધરામાં ખેંચાઈ ગયા હતા. પાણીનો પ્રવાહ અને ઊંડાઈ વધુ હોવાથી બંને યુવકો જોતજોતામાં



આંખ સામેથી ઓઝલ થઈ ગયા હતા.

સાથી મિત્રોને ડૂબતા જોઈ અન્ય યુવકોએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી, જેના કારણે સ્થાનિક તરવૈયાઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વડીવાડી ફાયર બ્રિગેડનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર વિભાગના જવાનો અને સ્થાનિક તરવૈયાઓએ કલાકો સુધી નદીના ઊંડા પાણીમાં સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. અંતે, કલાકોની ભારે જહેમત બાદ બંને યુવકોના મૃતદેહ નદીમાંથી મળી આવ્યા હતા.

આ કરુણ અકસ્માતમાં જીવ ગુમાવનાર યુવકોની ઓળખ નીચે મુજબ થઈ છે:

કૃષ્ણા રાજપૂત: ઉંમર ૨૨ વર્ષ, રહે. પ્રકાશ યુવક મંડળ પાસે, દાંડિયા બજાર, વડોદરા.

જય જોગલેકર: ઉંમર ૨૩ વર્ષ, રહે. કારેલીબાગ, વડોદરા.

બંને યુવકો હજુ તો પોતાની કારકિર્દીની શરૂઆત કરી રહ્યા હતા, ત્યારે જ કુદરતે તેમને છીનવી લેતા પરિવારો પર આભ તૂટી પડ્યું છે. હોસ્પિટલ ખાતે મૃતદેહોના પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરવામાં આવી છે અને પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

કોટણા બીચ વડોદરાવાસીઓ માટે લોકપ્રિય સ્થળ છે, પરંતુ અવારનવાર અહીં ડૂબવાની ઘટનાઓ સામે આવતી રહે છે. નદીની અંદર ક્યાં ઊંડા ખાડા છે તેની જાણકારી ન હોવાને કારણે પ્રવાસીઓ જોખમમાં મુકાતા હોય છે. તંત્ર દ્વારા આવા જોખમી સ્થળોએ ચેતવણીના બોર્ડ મારવા અને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવી અત્યંત જરૂરી છે. સાથે જ યુવાનોએ પણ પાણીમાં ઉતરતી વખતે વધુ પડતા ઉત્સાહમાં આવી જોખમ ખેડવું જોઈએ નહીં.

### યુવકની માતા પર કાર ચડાવી મોતને ઘાટ ઉતારી

# અમરેલી પ્રેમ પ્રકરણ હત્યા મામલે નવ શખ્સો સામે ફરિયાદ

(એજન્સી) અમરેલી । તા. 05

સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં પ્રેમ પ્રકરણમાં પ્રતિશોધની પરાકાષ્ઠા સમાન એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પોતાની કૌટુંબિક સાળી સાથે મૈત્રી કરાર કરનાર યુવકનું ફિલ્મી ઢબે અપહરણ કરી તેની નજર સામે જ તેની માતા પર કાર ચડાવી દઈ કરપીણ હત્યા નીપજાવવામાં આવી છે. આ ચકચારી બનાવને પગલે નીંગાળા અને રાજુલા પંથકમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે. પીપાવાવ પોલીસે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે ૩ મહિલાઓ સહિત કુલ ૯ વ્યક્તિઓ વિરુદ્ધ હત્યા અને અપહરણનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નીંગાળા-૧ ગામના ૨૫ વર્ષીય ભાવેશ ભીલને તેની પત્નીની માસીની દીકરી કૈલાસ સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવતીના પરિવારના વિરોધ છતાં બંનેએ જૂનાગઢ જઈને મૈત્રી કરાર કર્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, થોડા દિવસ અગાઉ પોલીસની મધ્યસ્થી બાદ કૈલાસ તેના પરિવાર સાથે ગઈ હતી. જોકે, ગઈકાલે કૈલાસે ભાવેશને ફોન કરી જણાવ્યું હતું કે તેના પરિવારજનો તેને ત્રાસ આપી રહ્યા છે અને તે રાજુલા આવી રહી છે. પ્રેમિકાને લેવા માટે ભાવેશ તેની માતા જીતુબેન સાથે નીકળ્યો ત્યારે માર્ગમાં જ કાળમુખી કાર આડું ફાટી હતી.

નીંગાળા-રાજુલા હાઈવે પર એક પેટ્રોલ પંપ પાસે યુવતીના પરિવારે કારમાં ધસી આવી ભાવેશ અને તેની માતા પર હુમલો કર્યો હતો. આરોપીઓએ ભાવેશનું બળજબરીથી અપહરણ કરી કારમાં બેસાડી દીધો હતો. મીડિયા અહેવાલ મુજબ, આરોપીઓએ ભાવેશની માતાને ધક્કો મારી નીચે પાડી દીધા બાદ તેમના પર નિર્દયતાથી કાર ચડાવી દીધી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ આરોપીઓએ ભાવેશને જાનથી મારી નાખવાની ધમકી આપીને ખરેડ ગામ પાસે ઉતારી મૂક્યો હતો.

આરોપીઓએ ભાવેશને ધમકી આપી હતી કે જો તે કોઈને અવાજ કરશે તો તેની માતા જેવી જ હાલત કરવામાં આવશે.

### વાડી પોલીસ સ્ટેશનમાં હોબાળો મચ્યો છે

# વડોદરા વિહાર સિનેમા છેડતી મામલે પોલીસ સ્ટેશનમાં હોબાળો

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ઘટના સામે આવી છે. શહેરના પ્રખ્યાત વિહાર સિનેમામાં મોડી રાત્રે પરિવાર સાથે ફિલ્મ જોવા ગયેલી ૧૪ વર્ષની કિશોરીની છેડતીનો બનાવ બનતા ભારે તણાવ સર્જાયો હતો. આ ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા વાડી પોલીસ સ્ટેશન ખાતે એકત્રિત થયા હતા અને આરોપીઓ વિરુદ્ધ કડક પગલાં લેવાની માંગ કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, પીડિત સગીરા તેના પરિવાર સાથે નાઈટ શોમાં મૂવી જોવા માટે વિહાર સિનેમા ગઈ હતી. ફિલ્મ દરમિયાન ત્યાં હાજર ચાર યુવકોએ સગીરા સાથે અડપલાં અને છેડતી શરૂ કરી હતી. પરિવારે સતર્કતા દાખવીને સગીરાની સીટ બદલાવી હતી, તેમ છતાં લુખ્ખા તત્વોએ છેડતી ચાલુ રાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, છેવટે સગીરાના પિતાએ પોતાના મિત્રોને ફોન કરીને જાણ કરતા સમગ્ર મામલો બિચક્યો હતો. સિનેમા હોલમાં જ લોકોએ આ અસામાજિક તત્વોનો વિરોધ કરતા હોબાળો મચી ગયો હતો.

આ ઘટનાની જાણ વાયુવેગે સમગ્ર વિસ્તારમાં ફેલાતા જ સ્થાનિક લોકો અને રાજકીય અગ્રણીઓ મોટી સંખ્યામાં વાડી પોલીસ સ્ટેશન ખાતે ઉમટી પડ્યા હતા. લોકોએ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડીને મિસાલરૂપ સજા કરવાની માંગ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે વધારાની કુમક બોલાવવી પડી હતી. લોકોના આક્રોશને જોતા પોલીસે ત્વરિત ધોરણે ગુનો દાખલ કરીને તપાસની ખાતરી આપી હતી. વાડી પોલીસે આ મામલે છેડતી અને પોક્સો (POCSO) એક્ટની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધી છે.

# TATA.ev એ ₹16.99 લાખ ની શરૂઆતની કિંમતે Curvv.ev SeriesX લોન્ચ કરી

**(એજન્સી) મુંબઇ । તા. 05**

ભારતના સૌથી મોટા ફોર-વ્હીલર EV ઉત્પાદક TATA.ev એ આજે નવી Curvv.ev SeriesX રજૂ કરી - બે લાંબી રેન્જ, ફીચરથી ભરપૂર અને પ્રીમિયમ પર્સોન જે ગ્રાહકો માટે



ડિઝાઈન કરવામાં આવી છે જે કોઈપણ ખચકાટ વિના લાંબા અંતરને આવરી શકે તેવી SUV ઈચ્છે છે. 16.99 લાખની આકર્ષક કિંમતથી શરૂ થતી, Curvv.ev SeriesX માં બે વેરિયન્ટ શામેલ હશે - Accomplished X 55 અને Empowered X 55. પેલેટને પાંચ રંગ વિકલ્પોમાં વિસ્તૃત કરીને, Curvv.ev SeriesX હવે આઈકોનિક ★DARK એડિશન ઉપરાંત, અદભુત નવા નાઈટ્રો ક્રિમસન રંગમાં ઉપલબ્ધ થશે.બોલ્ડ અને અદભુત SUV-coupe સ્ટાઈલને એકસાથે લાવીને, Curvv.ev SeriesX ગ્રાહકોની રોજિંદી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિચારપૂર્વક રીતે ડિઝાઈન કરવામાં આવી છે. ₹400 કિમી* ની વાસ્તવિક દુનિયાની C75 રેન્જ અને 502 કિમી** ની ARAI પ્રમાણિત (P1+P2) રેન્જ સાથે, Curvv.ev SeriesX એક વિશ્વસનીય ઈન્ટરસિટી કાર છે જે સ્માર્ટ ટેકનોલોજી અને શક્તિશાળી પરફોર્મન્સ સાથે આરામદાયક રોજિંદા મુસાફરી પ્રદાન કરે છે. આજીવન HV બેટરી વોરંટી સાથે, નવી SeriesX પર્સોન Curvv.ev લાઈનઅપને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત, ફીચરથી ભરપૂર વિકલ્પોમાં પરિવર્તિત કરે છે જે વધુ મૂલ્ય પ્રદાન કરે છે, ઈલેક્ટ્રિક ગતિશીલતાને રોમાંચક, વિશ્વસનીય અને ખરેખર ચિંતામુક્ત બનાવે છે. નવી Curvv.ev SeriesX પર્સોન રજૂ કરતા, Tata પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના ચીફ કોમર્શિયલ ઓફિસર વિવેક શ્રીવત્સે જણાવ્યું હતું કે, 'અમે રજૂ કરેલી દરેક નવી EV સાથે, અમારો ઉદ્દેશ ઈલેક્ટ્રિક મોબિલિટીને વધુ સુલભ અને લાભદાયી બનાવવાનો છે.

# બજારમાં હજુ પણ વોલેટાલિટી રહેવાની શક્યતા

મુંબઈ : સોમવારના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં મજબૂત બુલિશ ટ્રેન્ડ જોવા મળ્યો, જેમાં વ્યાપક ખરીદી અને પોઝિટિવ સેન્ટિમેન્ટ દ્વારા સેન્સેક્સ અને નિફ્ટી બંને મુખ્ય ઈન્ડેક્સ શુક્રવારના બંધ સ્તર કરતા નોંધપાત્ર તેજી સાથે ઓપન થયા હતા. બજારના વિશ્લેષકો આ તેજી પાછળ ચૂંટણી પરિણામોથી ઊભી થનારી રાજકીય સ્થિરતાની આશાને મુખ્ય કારણ ગણાવી રહ્યા છે. શરૂઆતથી જ ગ્રીન ઓપનિંગ મળતા ઈન્ડેક્સમાં સતત અપમૂવ જોવા મળ્યો. દિવસ દરમિયાન નાના-મોટા કરેકશન છતાં "બાઈ ઓન ડીપ્સ" સ્ટ્રેટેજી જોવા મળી. વૈશ્વિક બજારોમાં સ્થિરતા, સ્થાનિક સ્તરે DII સપોર્ટ અને ટેકનિકલ બ્રેકઆઉટના કારણે બજારનું માર્કેટ સ્ટ્રક્ચર ઓવરઓલ મજબૂત અને અપટ્રેન્ડમાં રહ્યું.

દેશના પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, કેરલમ, આસામ, તિમલનાડુ અને પુડુચેરીમાં થયેલી વિધાનસભા ચૂંટણીના આજે પરિણામોના દિવસે શેરબજારમાં વહેલી સવારથી જ મતોની ગણતરી શરૂ થતા અને રાજકીય વલણો કેન્દ્ર સરકાર - ભાજપ તરફી વલણ આવતાની સાથે જ શેરબજારમાં તેની સીધી અસર જોવા મળી હતી. મધ્ય પૂર્વના સંઘર્ષમાં થોડી રાહત મળવાના સંકેતો વચ્ચે તેલના ભાવમાં ઘટાડો થવાને કારણે ટેકો મળ્યો છે, જ્યારે મુખ્ય વિધાનસભા ચૂંટણીઓના પરિણામો પણ આગામી દિવસોમાં ફોકસમાં રહેશે. તામિલનાડુ અને પશ્ચિમ બંગાળ સહિત ચાર ભારતીય રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો ઉપર રોકાણકારો દરેક અપડેટ પર નજર રાખી રહ્યા છે.

# લેહર ફૂટવેરે નવી ટેકનોલોજી-આધારિત મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સાથે 5 ગણી ક્ષમતા વિસ્તરણની જાહેરાત કરી

**(એજન્સી) જયપુર । તા. 05**

લેહર ફૂટવેર્સ લિમિટેડે (BSE - LEHAR | 532829 | INE976H01018) હરિયાણાના કુંડલીમાં એક નવી, વિશાળ પાયાની ફેસિલિટીના ઉમેરા સાથે તેના મેન્યુફેક્ચરિંગ ફૂટપ્રિન્ટના મોટા વિસ્તરણની જાહેરાત કરી છે, જેનો ઉદ્દેશ્ય ઝડપથી વિકસતા એથ્લેઝર અને સ્પોર્ટ્સ ફૂટવેર સેગમેન્ટમાં તેની ઉપસ્થિતિને મજબૂત બનાવવાનો છે. આ સુવિધા સ્પોર્ટ્સ શૂઝ અને સંબંધિત પ્રોડક્ટ્સના મેન્યુફેક્ચરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે કંપનીની ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારાને દર્શાવે છે અને હાયર-વેલ્યુ પ્રોડક્ટ કેટેગરીઝ તરફ તેના વ્યૂહાત્મક પરિવર્તનને મજબૂત બનાવે છે.આ વિસ્તરણના ભાગ રૂપે, કંપનીએ પ્રસ્તાવિત સુવિધા માટે ભાડા કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે તબક્કાવાર રીતે ઉત્પાદન ક્ષમતાને આશરે 1 લાખ જોડી પ્રતિ માસથી વધારીને 5 લાખ જોડી પ્રતિ માસ કરવાની અપેક્ષા ધરાવે છે. આ ફેસિલિટી નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિકથી કોમર્શિયલ ઓપરેશન્સ શરૂ કરે તેવી અપેક્ષા છે, જે સ્પોર્ટ્સ અને એથ્લેઝર ફૂટવેર માર્કેટમાં વધતી માંગનો લાભ લેવા માટે લેહર ફૂટવેરની વ્યાપક વ્યૂહરચનાને અનુરૂપ છે.નવી કુંડલી ફેસિલિટી સ્પોર્ટ્સ શૂઝ અને ઈવીએ-આધારિત ફૂટવેર માટે એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજીસથી સજ્જ હશે, જેનાથી પ્રોડક્ટ ક્વાલિટીમાં વૃદ્ધિ, સુસંગતતામાં સુધારો અને ઉચ્ચ કાર્યકારી કાર્યક્ષમતા સક્ષમ બનશે. આ યુનિટ કંપનીના ઈન-હાઉસ એથ્લેઝર બ્રાન્ડ 'રનર' તેમજ તેના ઓઈએમ મેન્યુફેક્ચરિંગ વર્ટિકલ બંનેને ટેકો આપશે તેવી અપેક્ષા છે.કુંડલી પ્લાન્ટની ખાસિયતો: 5 ગણી ક્ષમતા વિસ્તરણ - તબક્કાવાર: વધતી માંગને પહોંચી વળવા માટે દર મહિને આશરે 1 લાખ જોડીથી વધારીને આશરે 5 લાખ જોડી સુધી ઉત્પાદન વધારવું.પ્રોડક્ટ મિક્સમાં ઉન્નતિ: ઉચ્ચ-મૂલ્યના સ્પોર્ટ્સ અને એથ્લેઝર ફૂટવેરનો હિસ્સો વધ્યો હોવાથી એએસપી અને માર્જિનનું થઈ રહેલુ વિસ્તરણ, ઓઈએમ + બ્રાન્ડ સિનર્જી: Rannrને વિશાળ પાયે લઈ જતી વખતે ઓઈએમ ક્લાયંટ્સને સર્વિસ આપવા માટે ક્ષમતાઓને મજબૂત બનાવવી, વ્યૂહાત્મક જગ્યા: કુંડલી ઉત્તર ભારતીય બજારો અને લોજિસ્ટિક્સ હબ સાથે મજબૂત સંપર્ક પૂરો પાડે છે.

# હિન્દુસ્તાન ઝિંકે રિસોર્સ સિક્યોરિટી પર ધ્યાન વધુ મજબૂત બનાવ્યું, ડાઉનસ્ટ્રીમ ઈકોસિસ્ટમને આગળ વધારી

**(એજન્સી) મુંબઇ । તા. 05**

હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ ભવિષ્ય માટે તૈયાર, વૈવિધ્યસભર મેટલ્સ અને ક્રિટિકલ મિનરલ્સ કંપની તરીકે પોતાનું પરિવર્તન ઝડપી બનાવી રહી છે. કંપનીનું સ્પષ્ટ ધ્યાન ભારતની રિસોર્સ સિક્યોરિટી મજબૂત બનાવવાનો અને સ્થાનિક વેલ્યૂ ચેઈન વિકસાવવાનો છે. શેરહોલ્ડર્સને સંબોધિત પોતાના સંદેશમાં ચેરપર્સન પ્રિયા અગ્રવાલ હેબ્બરે જણાવ્યું હતું કે, આગામી ઔદ્યોગિક અને આર્થિક વિકાસના તબક્કાને રિસોર્સ સિક્યોરિટી નિર્ધારિત કરશે, કારણ કે વૈશ્વિક સપ્લાય ચેઈન્સ હવે માત્ર કાર્યક્ષમતા પરથી આગળ વધી વધુ સ્થિરતા અને સ્થિતિસ્થાપકતાની દિશામાં આગળ વધી રહી છે. તેમણે કહ્યું હતું કે, "ભારત સામે તમામ ક્રિટિકલ મિનરલ્સ માટે આયાત પર રહેલી ભારે નિર્ભરતા ઘટાડવાની એક મહત્વપૂર્ણ જવાબદારી છે. તમારી કંપની આ પ્રયાસનું નેતૃત્વ કરવા માટે ઉત્તમ સ્થિતિમાં છે." કંપનીની વ્યૂહાત્મક HZL 2.0 યાત્રા પરંપરાગત ઝિંક અને સિલ્વર ઉત્પાદકથી આગળ વધી ભવિષ્યલક્ષી મલ્ટી-મેટલ પ્લેટફોર્મ તરીકે વિકસવા તરફ આગળ વધે છે. આ પરિવર્તન એવી સંકલિત ઈકોસિસ્ટમ ઊભી કરવા માટે થઈ રહ્યું છે, જે ક્રિટિકલ મિનરલ્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય સંસાધન સુરક્ષા અને વૈશ્વિક સપ્લાય જરૂરિયાતો બંનેને સમર્થન આપે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આગામી દાયકામાં ભારતનો વિકાસ તેના ક્રિટિકલ મિનરલ્સને સુરક્ષિત કરવાની ક્ષમતા અને સમગ્ર વેલ્યૂ ચેઈનમાં સ્થાનિક ક્ષમતાઓ ઊભી કરવા સાથે નજીકથી જોડાયેલો રહેશે. હિન્દુસ્તાન ઝિંક દેશના સંસાધન આધારને મજબૂત બનાવી, ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોને સક્ષમ બનાવી અને આત્મનિર્ભર ભારતના વ્યાપક વિઝનને સમર્થન આપી આ યાત્રામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે સજ્જ છે.

## BHELનો નફો 156% વધીને ₹1,290 કરોડ થયો

# રેવન્યુમાં 37%નો ગ્રોથ, રોકાણકારોને દરેક શેર પર ₹1.40નું ડિવિડન્ડ આપવાની જાહેરાત

**(એજન્સી) મુંબઇ । તા. 05**

સરકારી એન્જિનિયરિંગ કંપની BHEL નો નાણાકીય વર્ષ 2026 ના ચોથા ક્વાર્ટરમાં કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 156% વધીને 1,290.47 કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. ગયા નાણાકીય વર્ષના આ જ ક્વાર્ટરમાં કંપનીને 504.45 કરોડ રૂપિયાનો નફો થયો હતો. BHELની આવક 37% વધીને 12,310.37 કરોડ રૂપિયા થઈ ગઈ. ગયા વર્ષના આ જ સમયગાળામાં કંપનીને 8,993.37 કરોડ રૂપિયા હતી. શેરધારકો માટે 1.40ના ડિવિડન્ડની પણ જાહેરાત કરવામાં આવી છે. BHEL એ આજે 4 મેના રોજ




જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. મહારત્ન કંપનીનો આખા વર્ષનો કુલ નફો પણ 200% વધીને 1,600.26 કરોડ રૂપિયા રહ્યો. નાણાકીય વર્ષ 2025માં આ આંકડો 533.90 કરોડ રૂપિયા હતો. તેમજ, આખા નાણાકીય વર્ષમાં આવક 19% વધીને 33,782.18 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. FY25માં તે 28339.48 કરોડ રૂપિયા રહ્યો હતો. BHELનો શેર પરિણામો પછી 52 સપ્તાહની ઊંચી સપાટી 399 પર પહોંચી ગયો હતો. જોકે, હાલમાં તે થોડો નીચે આવ્યો છે અને 7% વધીને 377 પર કારોબાર કરી રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં શેરમાં 65%નો ઉછાળો આવ્યો હતો. જ્યારે 6 મહિનામાં શેર 41% વધ્યો છે. ભારત સરકાર જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) ને તેમની કામગીરી અને ટર્નઓવરના આધારે મહારત્ન, નવરત્ન અને મિનીરત્નનો દરજ્જો આપે છે. 'મહારત્ન' નો દરજ્જો એવી કંપનીઓને મળે છે જેમનો છેલ્લા 3 વર્ષનો સરેરાશ વાર્ષિક નેટ પ્રોફિટ 5,000 કરોડ રૂપિયાથી વધુ હોય અથવા સરેરાશ વાર્ષિક ટર્નઓવર 25,000 કરોડ રૂપિયાથી વધુ હોય.

# જગદીશ ફરસાણે અપકમિંગ ઓન-ધ ગો નાસ્તા પેક સાથે ભારતની પ્રથમ એવોકાડો ઓઈલ આધારિત સેવ રજૂ કરી

**(એજન્સી) વડોદરા । તા. 05**

ભારતના પારંપારિક નાસ્તા અને નમકીનમાં સૌથી જૂનુ અને જાણીતુ નામ જગદીશ ફરસાણે ગ્રાહકોની બદલાતી પસંદગી સાથે લેગસી ફૂડ બ્રાન્ડ્સને વિકસિત કરવાનો સંકેત આપ્યો છે. વડોદરામાં આઠ દાયકાથી પણ વધુ સમયથી પ્રચલિત જગદીશ ફરસાણે નાસ્તાના પોર્ટફોલિયોમાં તેના અપકમિંગ લોન્ચ 80 ગ્રામનું ગ્રેબ એન્ડ ગો પેક સાથે ભારતની પ્રથમ એવોકાડો ઓઈલથી બનેલી સેવની વિવિધ રેન્જ રજૂ કરી છે. 500 પ્રોડક્ટ્સ/SKUsના વ્યાપક પોર્ટફોલિયો તેમજ વિવિધ બજારોમાં હાજરી ધરાવતી બ્રાન્ડનું નવીનતમ લોન્ચ સ્વાદ અને પરિચિતતાથી દૂર ગયા વિના વધુ સભાન સામગ્રી અને આધુનિક વપરાશની આદતો તરફ પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.ઈ-કોમર્સ, રિટેલ અને ક્વિક કોમર્સ ચેનલો દ્વારા વિતરિત નવી રજૂ કરાયેલી એવોકાડો ઓઈલ સેવ રેન્જ ચાર પ્રકારમાં ઉપલબ્ધ છે, જે 'તમારા માટે વધુ સારા' સ્વાદિષ્ટ નાસ્તા માટે વધતી જતી ગ્રાહક પસંદગીને આવરી લે છે.આ અંગે જગદીશ ફરસાણના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આકાશ કંદોઈએ જણાવ્યું હતું કે, 'ગ્રાહક આજે સ્વાદ અને સારી સામગ્રી વચ્ચે પસંદગી કરતો નથી, પરંતુ બંનેની પસંદગી કરે છે. અમારા જેવી આઠ દાયકાથી કામ કરતી બ્રાન્ડ માટે આ તકને ઝડપી લેતાં તેને અર્થપૂર્ણ રીતે વિકસાવવામાં આવી છે. એવોકાડો ઓઈલ સેવ સાથે અમે એક એવી પ્રોડક્ટ લઈ આવ્યા છીએ, જેને લોકો પ્રેમ કરે છે. અને તેના અત્યંત ખાસ તત્વ એવોકાડોના ઓઈલ વિશે પુનઃવિચાર કરે છે. તદુપરાંત અમારા નવા પેક ફોર્મેટ ગ્રાહકોની વપરાશની બદલાતી જતી રીતને અનુરૂપ છે. આ અમારા માટે પરંપરાથી વિચલન નથી, પરંતુ તેની સાથે વધુ સુસંગત અભિવ્યક્તિ છે.'આ સામગ્રીમાં ઈનોવેશન સાથે જગદીશ ફરસાણ તેની પ્રોડક્ટનો કેવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે, તેની પુનઃકલ્પના કરી રહી છે.

## 7.50%થી ઓછા વ્યાજ દરે મળી રહી છે હોમ લોન

# બેંક ઓફ ઈન્ડિયા 7.10% વ્યાજ દરે લોન આપી રહ્યું છે, જુઓ 5 બેંકોના વ્યાજ દરો

મુંબઈ : હાલના દિવસોમાં જો તમે ઘર ખરીદવા માટે હોમ લોન લેવાનું વિચારી રહ્યા છો, તો તમારે દેશની મુખ્ય બેંકોના વ્યાજ દરો વિશે જાણવું જોઈએ. બેંક ઓફ ઈન્ડિયામાં હોમ લોનનો વ્યાજ દર 7.80%થી શરૂ થઈ રહ્યો છે. જ્યારે SBIના વ્યાજ દર 7.25%થી શરૂ થાય છે.

આવી સ્થિતિમાં, જો તમે લોન માટે અરજી કરવા માંગો છો, તો તે પહેલાં તમારે એ જાણવું ખૂબ જ જરૂરી છે કે કઈ બેંકમાંથી લોન લેવી તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

**1. પ્રી-પેમેન્ટ પેનલ્ટી વિશે ચોક્કસ માહિતી લો : ઘણી બેંકો સમય પહેલા લોન ચૂકવવા પર પેનલ્ટી લગાવે છે. આવી સ્થિતિમાં, બેંકો પાસેથી આ વિશે સંપૂર્ણ વિગતો મેળવી લો, કારણ કે સમય પહેલા લોન ચૂકવવા પર બેંકોને અપેક્ષા મુજબ ઓછું વ્યાજ મળે છે. આવી સ્થિતિમાં, તેમની તરફથી કેટલીક શરતો અને નિયમો લાગુ કરવામાં આવે છે. તેથી, હોમ લોન લેતી વખતે આ વિશે સંપૂર્ણ માહિતી મેળવી લો.**

**2. તમારા સિબિલ સ્કોરનું ધ્યાન રાખો : તમને હોમ લોન કયા વ્યાજ દરે મળશે તે સિબિલ સ્કોર પર પણ નિર્ભર કરે છે. સિબિલ સ્કોરથી વ્યક્તિની ક્રેડિટ હિસ્ટ્રીનો ખ્યાલ આવે છે. સિબિલ સ્કોર ઘણી ખાસ ક્રેડિટ પ્રોફાઈલિંગ કંપનીઓ દ્વારા નક્કી કરવામાં આવે છે. તેમાં એ જોવામાં આવે છે કે તમે પહેલા લોન લીધી છે કે ક્રેડિટ કાર્ડ વગેરેનો ઉપયોગ કઈ રીતે કર્યો છે. કોઈપણ વ્યક્તિનો ક્રેડિટ સ્કોર રીપેમેન્ટ હિસ્ટ્રી, ક્રેડિટ ઉપયોગનો ગુણોત્તર, હાલની લોન અને બિલના સમયસર પેમેન્ટથી નક્કી થાય છે. આ સ્કોર 300-900ની રેન્જમાં હોય છે, પરંતુ 700 કે તેથી વધુના સ્કોરને ધિરાણકર્તાઓ સારો માને છે.**

**3. ઓફર્સનું ધ્યાન રાખો : બેંકો સમયાંતરે લોન લેનારાઓને વધુ સારા ઓફર્સ આપે છે. આવા કિસ્સામાં, લોન લેતા પહેલાં, તમે બધી બેંકોની ઓફર્સ વિશે જાણી લો. કારણ કે ઉતાવળમાં લોન લેવી તમારા માટે ખોટું સાબિત થઈ શકે છે. લોન લેતા પહેલાં યોગ્ય રીતે તપાસ કરી લો.**

# રૂપિયામાં સ્થિરતા લાવવા રિઝર્વ બેન્કની કવાયત

મુંબઈ : રૂપિયા પર આવી રહેલા દબાણને હળવું કરવા તથા ફોરેકસ રિઝર્વમાં વધારો કરવાના ભાગરૂપ ડોલર પ્રવાહ વધારવા કેવા પગલાં લઈ શકાય તેના પર રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) હાલમાં વિચારણા કરી રહી છે. ઈરાન યુદ્ધને કારણે ક્રુડ તેલના ભાવ ઊંચે જતા રૂપિયા પર દબાણ આવ્યું છે.

ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે આયાત બિલ ઊંચુ રહેશે જેને કારણે ફોરેકસ રિઝર્વ પર દબાણ આવવાની ગણતરી મૂકવામાં આવી રહી છે. આ ઉપરાંત ઈક્વિટી માર્કેટમાંથી વિદેશી રોકાણકારોના આઉટફલોસને પગલે ડોલર સામે રૂપિયો હાલમાં ઘટી ઓલટાઈમ લો સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે.

ભારતનું ફોરેકસ રિઝર્વ હાલમાં ૭૦૦ અબજ ડોલરની અંદર ઊતરી ૬૯૮.૪૯ અબજ ડોલર પર આવી ગયું છે. રિઝર્વનું હાલનું સ્તર ૧૧ મહિનાના આયાત બિલની ચૂકવણી જેટલુ પૂરતું છે. જો કે એપ્રિલમાં યોજાઈ ગયેલી નાણાં નીતિની સમીક્ષા બેઠકમાં ફોરેકસ રિઝર્વ વધારવા બાબત ચર્ચા થઈ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

આ અગાઉ ૨૦૧૩માં ડોલર પ્રવાહ વધારવા ખાસ યંત્રણા કાર્યાન્વિત કરાઈ હતી જેમાં બિન-નિવાસી ભારતીયો પાસેથી ડોલર ડિપોઝિટસ આકર્ષવા પ્રોત્સાહન અપાયા હતા.

આ ઉપરાંત સરકારી બોન્ડમાં વિદેશી રોકાણકારોને થતી વ્યાજ આવક પરના વિથહોલ્ડિંગ ટેકસ નાબુદ કરવા બાબત પણ વિચારાઈ રહ્યું છે જેથી ડોલર પ્રવાહમાં વધારો થઈ શકે, એમ સુત્રોએ ઉમેર્યું હતું.

## બાયોકોનનો કાર્યભાર હવે આગામી પેઢી સંભાળશે

# સ્થાપક કિરણ મઝુમદાર એ ભાણી ક્લેરને ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી

મુંબઈ : બાયોફાર્માસ્યુટિકલ કંપની બાયોકોનનાં સ્થાપક અને ચેરપર્સન કિરણ મઝુમદાર શૉએ કંપની માટે ઉત્તરાધિકાર યોજના એટલે કે સક્સેશન પ્લાન જાહેર કર્યો છે. તેમણે પોતાની ભાણી ક્લેર મઝુમદારને ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા છે.

ફોર્ચ્યુન ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે 37 વર્ષીય ક્લેર કંપનીના વિકાસના આગામી તબક્કાનું નેતૃત્વ કરવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. કિરણ મઝુમદાર શૉએ ચાર દાયકા પહેલા બાયોકોનનો પાયો નાખ્યો હતો. તેમની પોતાની કોઈ સંતાન નથી, તેથી તેઓ કંપનીને સુરક્ષિત હાથોમાં સોંપવા માંગતા




હતા. તેમણે જણાવ્યું કે ક્લેરે પોતાને સાબિત કર્યા છે કે તેઓ એક કંપની ચલાવી શકે છે. ક્લેર મઝુમદાર હાલમાં 'બિકારા થેરાપ્યુટિક્સ'ના સ્થાપક અને CEO છે. આ કંપની બાયોકોન દ્વારા જ ઈન્ક્યુબેટ કરવામાં આવી હતી અને 2024માં નાસ્ડેક પર લિસ્ટ થઈ છે. બિકારાનું માર્કેટ કેપિટલાઈઝેશન 1.6 બિલિયન ડોલરથી વધુ છે. ક્લેર પાસે MIT અને સ્ટેનફોર્ડ જેવી યુનિવર્સિટીની ડિગ્રી છે અને તેમણે કેન્સર બાયોલોજીમાં પીએચડી કરી છે.

# ખાનગી ક્ષેત્રની બેન્કોને વર્તમાન નાણાં વર્ષમાં રિટેલ ધિરાણમાં વધારાની અપેક્ષા

મુંબઈ : ધિરાણ વૃદ્ધિ માટે મોટેભાગે કોર્પોરેટ તથા માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) પર નિર્ભર રહેતી મોટી ખાનગી ક્ષેત્રની બેન્કો વર્તમાન નાણાં વર્ષમાં રિટેલ ધિરાણ ઉપાડમાં વધારો થવાની અપેક્ષા રાખી રહી છે. ગયા નાણાં વર્ષના ચોથા ત્રિમાસિકમાં રિટેલ ધિરાણ વૃદ્ધિ એક અંકમાં રહી હતી. જો કે રિટેલ ધિરાણ છૂટુ કરવામાં ભારે ઝડપ ધિરાણ ચોપડા પર અર્થપૂર્ણ વૃદ્ધિમાં પરિવર્તન જોવા મળશે તેવી ખાનગી બેન્કો અપેક્ષા રાખી રહી છે. પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે પણ કોર્પોરેટ ધિરાણમાં સ્થિતિસ્થાપકતા જળવાઈ રહેવાની ધારણાં છે.

દેશના કેટલાક ક્ષેત્રો જેમ કે ડેટા સેન્ટરો, ગ્રીન એનર્જી તથા ડિફેન્સ અને કેટલાક મોટો જુથોની કામગીરી જોરદાર જોવા મળી રહી હોવાનું એક ખાનગી બેન્કના સીનિયર એક્ઝિક્યૂટિવે જણાવ્યું હતું.

બોન્ડ માર્કેટમાં ઊંચા વ્યાજ દરોને કારણે મોટા જુથો બેન્ક ધિરાણને વધુ પસંદ કરી રહ્યા છે. બેન્કો કોર્પોરેટ ધિરાણ વધારવામાં વધુ રસ ધરાવતી હોય છે.

સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક માટે ત્રણ મોટી ખાનગી બેન્કોના આવેલા પરિણામોમાં રિટેલ ધિરાણમાં તથા અન્ય સેગમેન્ટસમાં વૃદ્ધિનું વિભિન્ન ચિત્ર જોવા મળ્યું હોવાનું એક એનાલિસ્ટે જણાવ્યું હતું. રિટેલ લોન છૂટી કરવામાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે અને રિટેલ લોન માગમાં વધારો જોવા મળવાના ચિહ્નો જણાઈ રહ્યા છે, એમ અન્ય એક ખાનગી બેન્કના અધિકારીએ જણાવ્યું હતું. રિટેલ લોનમાં વૃદ્ધિ જોવા મળવામાં સાધારણ સમય લાગી જતો હોય છે. રિટેલમાં ખાસ કરીને વ્હીકલ, વ્યક્તિગત તથા બિઝનેલ લોન્સમાં ગતિ જોવા મળી રહી છે.

## 10 માંથી 8 કંપનીઓ વળતર આપવામાં નિષ્ફળ

# ફક્ત બે કંપની હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલ, બજાર કરતાં વધુ સારું પ્રદર્શન કરવામાં સફળ

અમદાવાદ : છેલ્લા બે દાયકામાં ભારતીય કંપનીઓ દ્વારા કરવામાં આવેલા મોટા સંપાદનથી શેરધારકોને ખાસ કોઈ નોંધપાત્ર લાભ થયો નથી. ૧૦ માંથી આઠ કિસ્સાઓમાં, નોંધપાત્ર સંપત્તિ પ્રાપ્ત કરવા માટે અબજો ડોલર ખર્ચ કરતી કંપનીઓના શેર સંપાદન પછી દેખાવની દ્રષ્ટિએ વ્યાપક બજાર કરતાં તે નોંધપાત્ર રીતે પાછળ રહી ગયા છે.



૧૦ સૌથી મોટી હસ્તગત કરતી કંપનીઓમાંથી, ફક્ત બે, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલ, બજાર કરતાં વધુ સારું પ્રદર્શન કરવામાં સફળ રહી હતી. હિન્ડાલ્કોએ ફેબ્રુઆરી ૨૦૦૭ માં નોવેલિસને ૫.૭ બિલિયન ડોલરમાં હસ્તગત કરી હતી. લગભગ ૧૭ વર્ષ પછી, કંપનીના શેરના ભાવે માત્ર બે વર્ષ પહેલાં નિફ્ટી ૫૦ ને પાછળ છોડી દીધું હતું. જોકે, તેના મજબૂત પ્રદર્શન માટે નોવેલિસની ઊંચી કમાણી કરતાં ઔદ્યોગિક ધાતુના ભાવમાં વૈશ્વિક ઉછાળો જવાબદાર હોઈ શકે છે.

ભારતી એરટેલ વિશે, છેલ્લા બે વર્ષમાં તેનું મજબૂત નાણાકીય પ્રદર્શન અને પરિણામે શેરમાં તેજીનું કારણ સ્થાનિક ટેલિકોમ બજારમાં બંને કંપનીઓના વધતા પ્રભુત્વને આભારી હોઈ શકે છે, માર્ચ ૨૦૧૦ માં ઝૈન ટેલિકોમના આફ્રિકન વ્યવસાયના ૧૦.૭ બિલિયન ડોલરના સંપાદનને કારણે નહીં.

તાજેતરના સારા પ્રદર્શનને પગલે, નોવેલિસના સંપાદન પછી હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝના શેરના ભાવમાં ૫૮૩%નો વધારો થયો છે, જે સમાન સમયગાળા દરમિયાન બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ માં ૪૭૪% નો વધારો હતો.

બીજી તરફ, ઝૈન ટેલિકોમના આફ્રિકન વ્યવસાયને હસ્તગત કર્યા પછી ભારતી એરટેલના શેરના ભાવમાં ૫૭૩%નો વધારો થયો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન નિફ્ટીમાં ૩૫૯% નો વધારો થયો છે. આ બે કંપની સિવાય ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ઓએનજીસી, યુપીએલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બાયોકોન, કોફોર્જ અને અદાણી ગ્રીન એક્વિઝિશન પર અબજો ડોલર ખર્ચવા છતાં બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

# નીચા મૂલ્યાંકનોનો લાભ લઈ પ્રમોટરો દ્વારા માર્ચ ત્રિમાસિકમાં હોલ્ડિંગમાં વધારો

મુંબઈ : ૨૦૨૪ નતથા ૨૦૨૫માં ઊંચા મૂલ્યાંકને પોતાની હસ્તકના શેરોમાંથી આંશિક શેરોનું વેચાણ કરી ચૂકેલા અનેક કંપનીઓના પ્રમોટરોએ ૨૦૨૬માં શેરોની ખરીદી શરૂ કરી હોવાનું જોવા મળી રહ્યું છે.

એક રિસર્ચ પેઢીના રિપોર્ટ પ્રમાણે દેશમાં ૪૭૦૦ જેટલી લિસ્ટેડ કંપનીઓમાંથી ૭૦૦ જેટલી કંપનીના પ્રમોટરોએ વર્તમાન વર્ષના માર્ચ ત્રિમાસિકમાં પોતાના હોલ્ડિંગમાં વધારો કર્યો છે. નીચા વેલ્યુએશને પ્રમોટરો હોલ્ડિંગમાં વધારો કરી રહ્યા છે.

ગોદરેજ પ્રોપર્ટીસ, ચમ્બલ ફર્ટિલાઈઝર્સ સહિતની કેટલીક કંપનીઓ તો છેલ્લા ચાર ત્રિમાસિકથી હોલ્ડિંગમાં વધારો કરી રહી છે. જ્યારે બીજી કેટલીક કંપનીઓએ માર્ચ ત્રિમાસિકમાં શેરોની ખરીદી કરી છે.

અમેરિકાના ટેરિફ વિવાદ તથા ઈરાન યુદ્ધને કારણે શેરોના ભાવમાં જોવા મળેલા ઘટાડાનો લાભ લઈ પ્રમોટરો પોતાની પાસેની વધારાની કેશનો ઉપયોગ હોલ્ડિંગમાં વધારો કરવા માટે કરી રહ્યા છે.

ખુલ્લા બજારમાંથી ખરીદી ઉપરાંત સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટરો પાસેથી શેરો મેળવાઈ રહ્યા છે, એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

વેલ્યુએશનમાં સાનુકૂળતાને પગલે પ્રમોટરોના રસમાં વધારો થયો છે. જો કે કેટલીક કંપનીઓમાં વિરોધાભાષી ચિત્ર પણ જોવા મળી રહ્યું છે. ૪૬૫ જેટલી કંપનીઓ એવી છે જેમાં માર્ચ ત્રિમાસિકમાં પ્રમોટરોએ હોલ્ડિંગમાં ઘટાડો કર્યો છે.

૨૦૨૪ તથા ૨૦૨૫માં પ્રમોટરોએ એકંદર ૫૬ અબજ ડોલરના શેરોનું વેચાણ કર્યું હતું. આમાંથી ૩૬ અબજ ડોલરના શેરોનું વેચાણ સેકન્ડરી બજારમાં બ્લોક ડીલ્સ મારફત થયું હતું, જ્યારે ૨૦ અબજ ડોલરના શેરો આઈપીઓ મારફત ઓફ્ફલોડ કરાયા હતા.

# ક્રૂડ ઉછળી 114 ડોલર પાર: સોનામાં રૂ.1500, ચાંદીમાં રૂ.7000નો કડાકો

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવ વધતા અટકી ફરી તૂટયા હતા જ્યારે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ફરી ઉછળી બેરલના ૧૧૪ ડોલર ઉપર ગયાના સમાચાર મળ્યા હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચકાતાં વિશ્વ બજારમાં આજે સોનામાં ઉછાળે ફંડોનું સેલીંગ વધતાં વૈશ્વિક સોનાના ભાવ ઘટી ઔંસના ૪૬૦૦ ડોલરની અંદર જતા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજાર પાછળ ઘર આંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૫૦૦ તથા ચાંદીના ભાવ કિલોના રૂ.૩૦૦૦ તૂટયા હતા. દરમિયાન, ઊરાન તથા અમેરિકા વચ્ચે ઘર્ષણ વધવાની ભીતિ ફરી સર્જાતાં વિશ્વ બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ૧૦૮.૧૭ ડોલરથી વધી ઉંચામાં ભાવ ૧૧૪.૩૦ થઈ ૧૧૦.૮૨ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ જે ૧૦૦ ડોલરની અંદર જતાં રહ્યા હતા તે હવે વધી ૧૦૭.૪૬ થઈ ૧૦૩.૩૯ ડોલર રહ્યા હતા.સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ખાતે તંગદિલી વધ્યાના નિર્દેશો હતા. કુવેતથી નિકાસ લગભગ બંધ થઈ ગયાના વાવડ પણ મળ્યા હતા. દરમંયાન, વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ૪૬૧૪થી ૪૬૧૫ વાળા ઘટી નીચામાં ભાવ ૪૫૨૬ થઈ ૪૫૬૯થી ૪૫૭૦ ડોલર રહ્યા હતા. અમદાવાદ બજારમાં સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૫૨૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૨૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ઘટી રૂ.૨૪૨૦૦૦ રહ્યા હતા.

# નર્મદા જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહમાં 94.17 ટકા અને વિજ્ઞાન પ્રવાહનું 84.95 ટકા પરિણામ જાહેર


સાયન્સમાં નર્મદા જિલ્લામાં પ્રથમ નંબર વાળંદ નિધિ કમલેશભાઈ. 600 માંથી 547 માર્ક્સ અને A 1 ગ્રેડ અને 99.70 PR પ્રાપ્ત કરેલ છે. તેમજ ગુજકેટ માં 120 માંથી 110.25 માર્ક હાંસિલ કર્યા છે


સાયન્સમાં નર્મદા જિલ્લામાં બીજો નંબર અન્સાર સાયાનમહેંદી સાજીદહુસેન. 650 માંથી 592 માર્ક્સ અને A 1 ગ્રેડ અને 98.59 PR પ્રાપ્ત કરેલ છે. તેમજ ગુજકેટમાં 120 માંથી 105.25 માર્ક હાંસિલ કર્યા છે.


કોમર્સમાં નર્મદા જિલ્લામાં માં પ્રથમ . પટેલ હિર રાજેન્દ્રભાઇ 700 માંથી 655 માર્ક્સ. 99.66 PR


કોમર્સમાં નર્મદા જિલ્લામાં ટોપ 10માં યાદવ પ્રીતી ઉજૈનસિંહ 700 માંથી 634માર્ક્સ. 98.67PR પ્રાપ્ત કરેલ છે

રાજપીપલા:ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-2026માં લેવાયેલી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર ધોરણ-12ની પરીક્ષામાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં રાજ્યનું કુલ પરિણામ 84.33 ટકાની સામે નર્મદા જિલ્લાનું કુલ પરિણામ 84.95 ટકા નોંધાયું છે. જિલ્લામાં વિજ્ઞાનપ્રવાહમાં નોંધાયેલા કુલ 840 વિદ્યાર્થીઓમાંથી 839 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી 711 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે, જ્યારે 129 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે.પ્રાપ્ત માહિતી મુજબ ધો-12 વિજ્ઞાન પ્રવાહમાં ગ્રેડ આધારિત પરિણામ મુજબ જિલ્લામાં A1 ગ્રેડમાં 3, A2 માં 43, B1 માં 70, B2 માં 156, C1 માં 228, C2 માં 173, D માં 38, E1 માં કોઈ વિદ્યાર્થી નથી અને NI માં 129 વિદ્યાર્થીઓ નોંધાયા છે. કેન્દ્રવાર પરિણામ જોવામાં આવે તો રાજપીપલા કેન્દ્રમાં કુલ 580 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 578 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાં 496 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 84 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 85.81 ટકા નોંધાયું છે. તેવી જ રીતે ડેડીયાપાડા કેન્દ્રમાં 260 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 259 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાં 215 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 45 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 83.01 ટકા નોંધાયું છે.આજ રીતે ધોરણ-12 સામાન્ય પ્રવાહનું પરિણામ રાજ્ય (બોર્ડ)નું કુલ પરિણામ 92.71 ટકાની સામે નર્મદા જિલ્લાનું કુલ પરિણામ 94.17 ટકા નોંધાયું છે.જિલ્લામાં કુલ 4,157 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 4,149 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંમાંથી 3,903 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે, જ્યારે 254 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે.કેન્દ્રવાર પરિણામ જોવામાં આવે તો રાજપીપલા કેન્દ્રમાં 1,124 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 1,124 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાં 1,058 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 66 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 94.13 ટકા નોંધાયું છે.ડેડીયાપાડા કેન્દ્રમાં 1,106 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 1,100 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાં 1,007 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 99 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 91.55 ટકા નોંધાયું છે.ગરૂડેશ્વર કેન્દ્રમાં 467 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 467 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાં 449 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 18 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 96.15 ટકા નોંધાયું છે.તિલકવાડા કેન્દ્રમાં 462 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 460 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાં 452 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 10 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 98.26 ટકા નોંધાયું છે.સેલંબા કેન્દ્રમાં 427 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 427 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાં 370 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 57 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 92.54 ટકા નોંધાયું છે.બોરેયા કેન્દ્રમાં 316 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 316 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાં 311 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને 5 વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ રહ્યા છે. આ કેન્દ્રનું પરિણામ 98.42 ટકા નોંધાયું છે.

# સંખેડા તાલુકા પંચાયત પ્રમુખ પદને લઈ ચર્ચા: આ વખતે શિક્ષિત ચહેરાની માંગ ઉઠી

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકામાં તાલુકા પંચાયતની ચૂંટણી બાદ હવે પ્રમુખ પદને લઈને રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગત ટર્મની સ્થિતિ:- બેઠકનો પ્રકાર: ગત ટર્મમાં સંખેડા તાલુકા પંચાયતની સીટ સામાન્ય બેઠક હતી.- પ્રતિનિધિત્વ: સામાન્ય સીટ હોવા છતાં આદિવાસી સમાજના દીપિકાબેન રાહુલભાઈ તડવીને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા.- આદિવાસી પ્રમુખ: ગત ટર્મમાં પણ આદિવાસી સીટના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા.હાલની ચર્ચા: સ્થાનિક રાજકારણમાં હાલ ચર્ચાનો વિષય બન્યો છે કે આ વખતે સંખેડા તાલુકા પંચાયતમાં કોઈ શિક્ષિત અને અનુભવી ચહેરાને પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવે. તાલુકા મતદારો અને ગ્રામજનો અને સ્થાનિક આગેવાનોનું માનવું છે કે શિક્ષિત પ્રમુખ આવવાથી તાલુકા ના વિકાસના કામોને વધુ વેગ મળશે અને વહીવટી કામગીરી પણ સરળ બનશે.સંખેડા તાલુકાના રાજકીય વર્તુળોમાં આ મુદ્દે અલગ અલગ મત પ્રવર્તી રહ્યા છે. હવે ભાજપા પક્ષ દ્વારા કોને પ્રમુખ પદ માટે પસંદ કરવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં PMના કાર્યક્રમને લઈ વીડિયો કોન્ફરન્સ યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૧૧ મેના રોજ સોમનાથની એક દિવસીય મુલાકાતે પધારનાર છે. ત્યારે તેમની મુલાકાતનું સુનિયોજીત આયોજન થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.આ સંદર્ભમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતા માં વડાપ્રધાનશ્રીના કાર્યક્રમને લઈ વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં કલેક્ટર કચેરી ખાતેથી જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ જોડાયાં હતા. વડાપ્રધાનશ્રીની મુલાકાત સંદર્ભે સંભવિત કાર્યક્રમો, સંભવિત રૂટ તથા તે સંદર્ભમાં જરૂરી આયોજન કરવા માટે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.આ કોન્ફરન્સમાં શિક્ષણમંત્રીશ્રી ડો.પ્રદ્યુમ્નભાઈ વાજા, સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રી ભગવાનભાઈ બારડ, ધારાસભ્યશ્રી કે.સી.રાઠોડ, અગ્રણી સર્વશ્રી ડો.સંજય પરમાર, ભાવનાબહેન હીરપરા પણ જોડાયાં હતાં. નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજેશ આલ સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ પણ આ બેઠકમાં વર્ચ્યુઅલી જોડાયા હતાં.

# ભાવનગર મંડળ દ્વારા બોટાદ સ્ટેશન પર નિઃશુલ્ક છાશ અને ઠંડા પીવાના પાણીનું વિતરણ

બોટાદ : ભીષણ ગરમી અને વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને મુસાફરોને રાહત આપવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા જનહિતમાં વિશેષ પહેલ કરવામાં આવી છે. આ અંતર્ગત તા. 05 મે, 2026, મંગળવાર ના રોજ બોટાદ રેલવે સ્ટેશન પર મુસાફરો માટે નિઃશુલ્ક છાશ અને ઠંડા પીવાના પાણી નું વિતરણ કરવામાં આવ્યું હતું, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકશ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે બોટાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ વિસ્તારમાં ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને છાશ તથા ઠંડુ પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું, જેના કારણે તેમને ભીષણ ગરમીમાંથી નોંધપાત્ર રાહત મળી શકે, નિઃશુલ્ક છાશ વિતરણ સેવા માટે "માઁ મહાવીર ગ્રૂપ-બોટાદ"નો સરાહનીય સહકાર મળ્યો. તે જ રીતે મુસાફરો માટે નિઃશુલ્ક ઠંડા પીવાના પાણીના વિતરણમાં "જયસ્તુ ગ્રૂપ ઓફ બોટાદ"નું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. "માઁ મહાવીર ગ્રૂપ-બોટાદ" દ્વારા મુસાફરો માટે 100 લીટર છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે "જયસ્તુ ગ્રૂપ ઓફ બોટાદ" દ્વારા 400 લીટર ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્ટેશન પર આ વ્યવસ્થાઓને સફળતાપૂર્વક મૂકવામાં ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના નિરીક્ષકો, ટિકિટ ચેકિંગ સ્ટાફ તથા અન્ય કર્મચારીઓ એ સક્રિય ભૂમિકા ભજવી અને સમગ્ર વિતરણ કાર્યને સુવ્યવસ્થિત અને સુરક્ષિત રીતે પૂર્ણ કર્યું. આ અવસર પર મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે, "ભીષણ ગરમી દરમિયાન મુસાફરોને રાહત આપવી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભાવનગર મંડળ દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી આ પ્રકારની જનહિતકારી પ્રવૃત્તિઓ સતત યોજાઈ રહી છે. આ પહેલ અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મુસાફરો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે."ભાવનગર મંડળ દ્વારા ખાતરી કરવામાં આવી રહી છે કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને માનવીય સેવાઓ સતત ઉપલબ્ધ રહે. ભીષણ ગરમી દરમિયાન આવી રાહત સેવાઓ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

# બંગાળ સહિત અન્ય બે રાજ્યોમાં ભાજપની ઐતિહાસિક જીતનો ભવ્ય વિજયોત્સવ



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ ખાતે પશ્ચિમ બંગાળ સહિત અન્ય રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક જીતને પગલે રાજકીય ઉત્સાહ અને જનઉમંગનો માહોલ સર્જાયો હતો.વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપના પ્રભાવશાળી પ્રદર્શનથી દેશભરમાં આનંદની લહેર ફેલાઈ છે, જેના પડઘા ડાંગ જિલ્લામાં પણ ગૂંજી ઉઠ્યા હતા.પશ્ચિમ બંગાળમાં ભાજપે નોંધાવેલી અભૂતપૂર્વ સફળતા અને વર્ષોથી ચાલતા રાજકીય સમીકરણોમાં આવેલા પરિવર્તનને કાર્યકર્તાઓએ "પરિવર્તનનો પ્રચંડ જનમત" ગણાવ્યો હતો. સાથે જ પુંડુચેરી અને આસામમાં ભાજપની મજબૂત જીતે કોંગ્રેસને કડક પડકાર આપતા ત્રણેય રાજ્યોમાં 'કમળ' ખીલી ઉઠ્યું હોવાનું જણાવાયુ હતુ.આ ઐતિહાસિક સફળતાને કાર્યકર્તાઓએ 'હેટ્રિક વિજય' તરીકે બિરદાવી હતી.વઘઈ ખાતે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય વિજયોત્સવ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ફટાકડા ફોડી, એકબીજાને મીઠાઈ ખવડાવી અને દેશભક્તિના નારા સાથે આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. "વંદે માતરમ" અને "જય શ્રી રામ"ના જયઘોષથી સમગ્ર વઘઇ વિસ્તાર દેશપ્રેમ અને ઉત્સાહથી ગુંજી ઉઠ્યો હતો.આ પ્રસંગે ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ કિશોરભાઈ ગાવિત સહિત ધર્મેશ પટેલ, પંકજ પટેલ, વ્યાપારી આગેવાન સુભાષભાઈ બોરસે, સુરેશભાઈ કાંજીયા, મયુરભાઈ પટેલ, બિપીનભાઈ રાજપૂત તેમજ સંદીપભાઈ સુરતી સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત આગેવાનો અને કાર્યકર્તાઓએ આ જીતને પ્રધાનમંત્રીના સશક્ત નેતૃત્વ, વિકાસલક્ષી નીતિઓ અને જનકલ્યાણકારી યોજનાઓ પર જનતાના મજબૂત વિશ્વાસનું પ્રતિબિંબ ગણાવ્યું હતુ.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો..

# પીપાવાવ મરીન પો.સ્ટે.ના અપહરણ વિથ ખૂનના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ગણતરીની કલાકોમાં પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી.પી. શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગંભીર ગુનાઓ કરી નાસતા ફરતા તથા ફરાર આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત સાહેબ તથા અમરેલી ઇ.ચા. કામના આરોપીઓ યોગેશ બાબુભાઈ મકવાણા, રહે.રાજકોટ તથા રોહિત બટુકભાઇ મકવાણા, રહે.મહુવા તથા મહેશ ભાયાભાઈ સોલંકી, રહે.માઢીયા તથા જ્યોતિબેન વા/ઓ યોગેશભાઈ બાબુભાઈ મકવાણા તથા કાજલબેન ડો/ઓ બટુકભાઈ મકવાણા તથા જાનુબેન વા/ઓ બટુકભાઈ ડાયાભાઈ મકવાણા, રહે.તમામ



પોલીસ અધિક્ષકશ્રી જયવીર ગઢવી સાહેબ નાઓએ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ખૂનનો ગંભીર ગુનો કરી, ફરાર થયેલ આરોપીને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. ટીમને સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી સી.પી.વાઘેલા તથા એલ.સી.બી. ટીમ દ્વારા પીપાવાવ મરીન પો.સ્ટે. ના ખુન તથા અપહરણનો ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપીઓને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં પકડી પાડી, આગળની કાર્યવાહી થવા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે. ગુનાની વિગત ભાવેશભાઈ ભગવાનભાઈ ભીલ, રહે.નીંગાળા-૦૧, તા.રાજુલા, જિ.અમરેલી વાળાને આ કામના આરોપીઓની બહેન સાથે અગાઉ પ્રેમ સબંધ હોય અને તેની બહેન આ ભાવેશભાઈ સાથે જતી રહેલ હશે તે અંગે વ્હેમ રાખી, આ ભાવેશભાઇ તથા તેના મમ્મી જીતુબેન રાજુલા જવા નીકળેલ તે વખતે નીંગાળા-૧ ગામે નેશનલ હાઈવે રોડ ઉપર બાલકૃષ્ણ પેટ્રોલપંપની સામે આ મહુવા વાળા તમામે એકસંપ કરી, અર્ટીગા ફોરવ્હીલ કારમાં આવી, ભાવેશભાઈ તથા તેના મમ્મી જીતુબેનને આડેધડ માર મારી, બળજબરીથી ફોરવ્હીલ ગાડીમાં ભાવેશભાઈને બેસાડી લઈ જતી વખતે ભાવેશભાઈના મમ્મી જીતુબેન અર્ટીગા ગાડી આગળ ઉભા રહેતા, ફોરવ્હીલના ચાલક યોગેશ બાબુભાઈએ આ જીતુબેનની ઉપર ગાડી ચડાવી,ગંભીર ઈજાઓ પહોંચાડી, તેમનું મોત નિપજાવી, ખુન કરી, ભાવેશભાઈનું અપહરણ કરી. ખરેડ ગામે ખારામાં લઇ જઈ, આ ભાવેશભાઈને આરોપીઓએ આડેધડ માર મારી, ધમકી આપી, એકબીજાને મદદગારી કરી,હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોય જે અંગે ભાવેશભાઈએ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા પીપાવાવ મરીન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫૨૬૦૧૪૩/ ૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૩(૧), ૧૪૦(૩), ૧૮૯(૨),૧૯૧(૨), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુનો રજી. થયેલ છે. પકડાયેલ આરોપીઓ (૧) યોગેશ બાબુભાઈ મકવાણા,ઉ.વ.૩૭,રહે. રાજકોટ, ગ્રીનલેન્ડ ચોકડી, નવા ગામ,રંગીલા સોસાયટી, તા.જિ. રાજકોટ(૨) રોહીત બટુકભાઈ મકવાણા, ઉ.વ.૨૩, રહે.મહુવા, ભવાનીનગર, તા.મહુવા, જિ.ભાવનગર.(૩) હિતેશ બટુકભાઈ મકવાણા, ઉ.વ.૨૭, રહે. મહુવા, ભવાનીનગર, તા.મહુવા, જિ.ભાવનગર. (૪) મહેશ ભાયાભાઈ સોલંકી, ઉ.વ.૨૩, રહે. માઢીયા, પ્લોટ વિસ્તાર, તા.મહુવા, જિ.ભાવનગર.(૫) જ્યોતિબેન વા/ઓ. યોગેશભાઈ બાબુભાઈ મકવાણા, ઉ.વ.૩૫, રહે.રાજકોટ, ગ્રીનલેન્ડ ચોકડી, નવા ગામ રંગીલા સોસાયટી, તા.જિ.રાજકોટ(૬) જાનુબેન વા/ઓ. બટુકભાઈ ડાયાભાઈ મકવાણા, ઉ.વ.૪૫, રહે.મહુવા, ભવાનીનગર, તા.મહુવા. જિ.ભાવનગર. (૭) કાજલબેન વા/ઓ. બટુકભાઈ મકવાણા, ઉ.વ.૨૮, રહે. મહુવા, ભવાનીનગર, તા.મહુવા, જિ.ભાવનગર,કબ્જે કરેલ મુદ્દામાલની વિગત એક મારુતિ કંપનીની અર્ટીગા ફોરવ્હીલ કાર રજી.નં. જી.જે.૦૩. એલ.બી. ૬૫૯૩ કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા એન્ડોઇડ મોબાઈલ ફોન નંગ - ૪ કિ.રૂ. ૧૭,૫૦૦/-એક મારુતિ કંપનીની અર્ટીગા ફોરવ્હીલ કાર રજી.નં. જી.જે.૦૩. એલ.બી. ૬૫૯૩ કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા એન્ડ્રોઇડ મોબાઈલ ફોન નંગ - ૪ કિ.રૂ. ૧૭,૫૦૦/-મળી કુલ કિ.રૂ.૫, ૧૭,૫૦૦/- નો મુદ્દામાલ. અધિકારીશ્રી તથા પોલીસ સ્ટાફ આ કામગીરી અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી સી.પી. વાઘેલા તથા પો.સ.ઈ.શ્રી એમ.ડી.ગોહિલ તથા પો.સ.ઈ.શ્રી જે.ડી.વાઘેલા તથા હેડ કોન્સ. ગોકુળભાઈ કળોતરા, મહેશભાઈ રાઠોડ, જનકભાઈ હિમાસીયા, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, પરેશભાઈ દાફડા, રવિરાજભાઈ વરૂ, મહેશભાઈ બારૈયા, રમેશભાઈ સીસારા તથા વુ.હેડ કોન્સ. દયાબેન જસાણી દ્વારા કરવામાં આવેલ છે.

# "જળ એ જીવન છે" શિક્ષિત ઉમેદવાર એ ગામનો વિકાસ છે આ સૂત્ર સાર્થક કર્યું બોરતળાવ તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતી ભાવિકાબેન વિશાલકુમાર પટેલ દ્વારા



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

જેવો બોરતળાવ તાલુકા પંચાયત મત વિસ્તારના વિરમપુરા ગામની અંદર ઘણા સમયથી પાણીની સમસ્યા હતી અને તેમને ચૂંટણી જીત્યા બાદ તાત્કાલિક ધોરણે ગામને એક નવીન ટેન્કર સહપ્રેમ ભેટમાં આપ્યું જેથી કરીને ગામના નાગરિકોને પાણીની સમસ્યા ન રહે અને પોતે એક મહિલા સદસ્ય હોવાથી તેઓ સારી રીતના સમજી શકે છે કે મહિલાઓને પાણીની જરૂરિયાત કેટલી હોય છે અને પાણીની સમસ્યાના કારણે મહિલાઓનો કેટલો સમય બગડતો હોય છે એ સમયન બગડે તે ધ્યાનમાં રાખી તેમને તાત્કાલિક ધોરણે વિરમપુરા ગામને નવીન ટેન્કર આપી મહિલાઓને પાણીના કકરાટ માંથી મુક્ત કર્યા અને આ દ્રશ્ય રમણીય હતું તમામ ગામના નાગરિકો અને મહિલાઓ ખુશ ખુશાલ હતા એક શિક્ષિત ઉમેદવાર ની પસંદગી કરતા ગામનો વિકાસ થયો એ સાચા અર્થમાં મતદારોને આજે લાગી રહ્યું છે તેમનો મત વેડફાઈ નથી ગયો તેમ ગ્રામજનોના મુખે ચર્ચા છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં રસાયણ શાસ્ત્ર વિભાગમાં અભ્યાસપુર્ણ કરનાર વિદ્યાર્થીઓને નોકરીની ઉતમ તકોનું થયુ નિર્માણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કેમેસ્ટ્રી વિભાગમાં અભ્યાસ અને શોધક્ષેત્રે કાર્ય કરતાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પુર્ણ થતાની સાથે જ પ્લેસમેન્ટની તકોનું નિર્માણ થાય છે.તાજેતરમાં યોજાયેલ ખાસ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં કુલ સાત પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો. આ અવસર માંથી ૨૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક જોબ પ્લેસમેન્ટ મળ્યું હતું. ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજિત આ પ્લેસમેન્ટ ડ્રાઇવ, વિદ્યાર્થીઓ માટે કારકિર્દી નિર્માણ તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થયું છે. પ્લેસમેન્ટ ડ્રાઇવ અંતર્ગત વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ના માર્ગદર્શન અને તાલીમ ના કારણે તેઓ આત્મવિશ્વાસ પૂર્વક કંપનીઓની પસંદગી પ્રક્રિયામાં સામેલ થઈ શક્યા અને સફળતા મેળવી. કાર્યક્રમ માં Synzeal Research Pvt. Ltd, Oxygen healthcare Pvt. Ltd., SNJ Labs Pvt. Ltd., Avance Research Pvt. Ltd, Tivan Science Pvt. Ltd., Simson Pharmaceutical Pvt. Ltd., Pharmance Pvt. Ltd., જેવી ખ્યાતનામ કંપનીઓ માં પ્લેસમેંટ પામેલા વિદ્યાર્થીઓ ને ઓફર લેટર આપવામાં આવ્યા હતા તેમજ GSET માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ નિલદીપ વરડાંગર, ગૌતમ મકવાણા અને ભાર્ગવી જોશી ને સન્માનિત કરવામાં આવ્યા હતા. આવા સરસ વિદાય સમારંભ ના આયોજન બદલ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ના કુલપતિશ્રી પ્રો.



પ્રતાપસિંહજી ચૌહાણે હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પ્રો.નવલ કપુરીયાને અભિનંદન પાઠવતા જણાવ્યુ હતુ કે ડિપાર્ટમેન્ટ ની સિદ્ધિઓમાં ખાસ નોંધનીય છે કે છેલ્લા પાંચ વર્ષોમાં કેમિસ્ટ્રી અને ફોરેન્સિક સાયન્સ ડિપાર્ટમેન્ટમાંથી અભ્યાસ કરેલા ૧૫૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને ભારત ની પ્રતિષ્ઠિત તેમજ મલ્ટીનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓ તથા વિવિધ સંશોધન લેબોરેટરીઓમાં સફળ પ્લેસમેન્ટ મળ્યું છે. આ વિદ્યાર્થીઓએ પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ કારકિર્દીનું ઘડતર કર્યું છે. ડિપાર્ટમેન્ટ ના ફેકલ્ટી સભ્યો દ્વારા અત્યાર સુધીમાં ૫૦ કરતાં વધુ આંતરરાષ્ટ્રીય જર્નલોમાં સંશોધન પ્રકાશનો કરવામાં આવ્યા છે. ઉપરાંત, કેન્સર રિસર્ચ તથા એન્વાયરમેન્ટલ સેન્સર ક્ષેત્રે ત્રણ ભારતીય પેટન્ટ અને એક આંતરરાષ્ટ્રીય પેટન્ટ સફળતાપૂર્વક ગ્રાન્ટ થયેલા છે. ડિપાર્ટમેન્ટમાં વિવિધ રસાયણોના પૃથ્થકરણ માટે આધુનિક સાધનોની સુવિધા ઓ ઉપલબ્ધ છે. સાથે જ અન્ય સંસ્થાઓ અને કંપનીઓ માટે કન્સલ્ટન્સી સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે, જે ડિપાર્ટમેન્ટ ની સંશોધન ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે, નવી નોકરીની તકોને ઝડપનાર ધર્મિષ્ઠા બલાઈ, દિલીપ બાંભણીયા, કાના વાળા, કશિષ ભટ્ટ, મયુર વાઝા, મુકુંદ રૂપાપરા, નિલદિપ વડનાગર, પરમ નકુમ, પરેશ જોટવા, રઘુવિર ભટ્ટ,રાજ સભાડીયા, યશ્વી કનેરીયા, મનીષ વૈંશ, જય કમ્બોડી, રિચા ચાંગાણી, રવિ ગોહિલ, વિભુતિ મેથાલીયા, મીત ઘરસંડા, નિરાલી ખાનપરા, શમિમ જ.ઠવા, કૃપાલી રાઠોડ ને પ્રો.નવલ કપુરીયા, મૃણાલ અંબાસણા, ડો.જસ્મિન ભાલોડીયા, ડો.રશ્મીબેન પટેલે બિરદાવ્યા હતા.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે પીએચ.ડી.ની દ્વિતિય બેંચનાં કોર્ષવર્ક અભ્યાસ કાર્યક્રમ પુર્ણ થતાં વિદ્યાર્થીઓએ પોતાનાં એસેસમેન્ટ અને પેપર પ્રેઝન્ટેશન દ્વારા પોતાની અભ્યાસ ક્ષેત્રની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી



નરેન્દ્ર દવે જૂનાગઢ

વિદ્યાભ્યાસ ક્ષેત્રે ઉચ્ચ શિખરો સર કરવા યુવાનોની ધગશ અને તાલાવેલીને નિખાર આપવા અને ગિર અને સોરઠ પ્રદેશનાં યુવાનો શોધક્ષેત્રે નવા સોપાનો સર કરે એવી ઈચ્છા શક્તિને બધુ બળવત્તર બનાવવા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા વિશેષ પ્રયાસો હાથ ધરી પ્રથમ બેંચમા ૧૯૫ બેઠકો પર પી.એચડીનાં વિદ્યાર્થીઓ શોધકાર્ય સાથે સંધાન કરે એવી વ્યવસ્થા પુર્ણ થયા બાદ બીજી બેંચનાં ૯૫ વિદ્યાર્થી ઓનાં પીએચ.ડીનાં અભ્યાસ ક્ષેત્રે કોર્ષ વર્ક પણ સફળતા પુર્વક સંપન્ન થયો છે. આજે વિદ્યાર્થીઓએ પોતાનાં એક મહિનાનાં કોર્ષ વર્કનાં અભ્યાસનો અર્ક એસેસમેન્ટ અને પેપર પ્રેઝન્ટેશન દ્વારા તજજ્ઞો સમક્ષ પ્રસ્તુત કર્યો હતો. યુનિ.નાં યુનિ.નાં કૂલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે દુરવાણી દ્વારા કોર્ષવર્ક સંપન્ન કરનાર અને પોતાનાં એક મહીનાનાં અભ્યાસનો અર્ક એસેસમેન્ટ રૂપે પ્રસ્તુત કરનાર સર્વ વિદ્યાર્થીઓને શુભકામનાં પાઠવતા જણાવ્યુ હતુ કે બિલકુલ પારદર્શિ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી પરીક્ષાનાં જ દિવસે પરિણામ આપી યુનિ. દ્વારા પી.એચ.ડી.માં આપ સૌ માટે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા તટસ્થરૂપે ખુબ સારો માર્ગ પ્રશસ્ત કરી તકોનું નિર્માણ થયુ છે. પ્રથમ બેંચમાં ૧૯૫ વિદ્યાર્થીઓનાં સફળતાપુર્વક એનરોલમેન્ટ થયા બાદ આજે દ્વિતિય બેંચમાં આજે ૯૫ યુવાઓએ કોર્ષવર્ક પુર્ણ કરી પોતાનાં શોધ ક્ષેત્રમાં કારકિર્દીનાં નિર્માણની દિશામાં આગળ વધી રહ્યા છે, ઉચ્ચશિક્ષણોત્સુક સૌરાષ્ટ્રનાં યુવાનો વિશ્વની જ્ઞાનક્ષિતીજોને દસ્તક આપી ગુજરાતનું નામ રોશન કરે, જ્ઞાન સાથે જોડાયેલા પરિણામો, પ્રભાવિત કરવાની તકોનું નિર્માણ કરવુ, અને પરિવર્તનને અનુકૂલન કરવાની ક્ષમતા નિખારવી મહત્વની છે. કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગીય વડા પ્રો.ભાવસિંહજી ડોડીયા, સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઈલ્ડ લાઈફ સ્ટડીઝનાં ડો.નિશીથ ધારૈયા, સોશ્યોલોજી ડિપાર્ટમેન્ટનાં પ્રો.જયસિંહ ઝાલા, ડો. દુશ્યંત દુધાગ્રા, તાલાળા કોલેજનાં ડો. આર.કે.ડોડીયા, મહિલા કોલેજનાં આચાર્ય પ્રો.બલરામ ચવડાએ કોર્ષ વર્કમાં ઉપસ્થિત યુવાઓને યુજીસીના સુધારેલા નિયમો અને જોગવાઈની જાણકારી આપી પીએચડી પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યા પછી, દરેક વિદ્યાર્થીએ પ્રી-પીએચડી કોર્સ વર્ક, સંશોધન પદ્ધતિ પરનો કોર્ષ, પ્રાયોગિક પદ્ધતિઓ, માત્રાત્મક અને આંકડાકીય પદ્ધતિઓ અને કમ્પ્યુટર એપ્લિકેશનો જેવી બાબતોની વિષદ છણાવટ કરી હતી. પી.એચડી કાર્યવિભાગીય વડા ડો. ઓમ જોષીએ કોર્ષવર્ક સંપન્ન કર્યા બાદ આખરી કસોટી અને પેપર પ્રેઝન્ટેશન અને એસેસમેન્ટ ની વિસ્તૃત છણાવટ કરી સૌ વિદ્યાર્થીઓની અભ્યાસ પરત્વેનાં લગાવને બિરદાવ્યો હતો.

# ચાણસ્મા હાઈવે પોલીસ ચોકી ખાતે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ



નિતીન ઠાકર ચાણસ્મા : ચાણસ્મા નગરમાં સુખ સમૃદ્ધિનું આવાગમન થાય અને રોગ શોક દુર ભાગે તેમ જ ચાણસ્મા નગરમાં દેવોની અમીદષ્ટિ સાથે કૃપા પ્રાપ્ત થાય તેવા કલ્યાણકારી શુભ હેતુસર ચાણસ્મા હાઈવે પોલિશ ચોકીના. પોલિશ કર્મચારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું હતું જેના યજમાનપદે હાઈવે પોલિશ ચોકી ખાતે ફરજ બજાવતા. અશોકભાઈ ચૌધરી બિરાજમાન થયા હતા. જ્યારે ચાણસ્મા નગરની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ પત્રકારો તાલુકાના આગેવાનો પોલિશ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે પીઆઈ પટેલ ના માર્ગદર્શન નીચે હાઈવે પોલિશ ચોકીના કર્મચારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાન ની કથાનું સુંદર આયોજન કરાયું હતું.

# રાજુલા તાલુકાના ભચાદર ગામના લોકો દ્વારા રેલ્વે લાઈનનું ફાટક ચાલુ રાખવા રજૂઆત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના મોજે ભચાદર ગામથી દેવકા જવાનો ગાડામાર્ગ રસ્તો આવેલ છે ત્યાંથી પીપાવાવ સુરેન્દ્રનગર રેલ્વે લાઈન પસાર થાય છે જે રેલ્વે લાઇનમાંથી ફાટક નં ૧૨ આવેલ છે તે ૧૨ નંબરનું ફાટક રાત્રી દરમિયાન રેલ્વે વિભાગ દ્વારા બંધ કરવામાં આવે છે. રેલ્વે અધિકારીઓને અવારનવાર રજૂઆત કરેલ પરંતુ કોઈ નિવારણ આવેલ નથી. ભચાદર થી દેવકા ગાડા માર્ગ ઉપર આશરે ૩૦૦૦ વિઘા જમીન ભરાઈ અને ભયાદર અને કડિયાળી ની આવેલ છે ખેડૂત પોતાના ખેતરમાં ખેતી કામ કરતા હોય અને ટ્રેક્ટર, ગાડી, બળદ લઈ ગયા હોય અને ફાટક રેલ્વે વિભાગ બંધ કરી દેય છે તો ખેડૂતોને ત્યાં રાત્રી રોકાણ કરવુ પડે તેમ ફરજ બને છે અને બીજો કોઈ રસ્તો ન હોય અને ખેડૂતને રાત્રી દરમિયાન ખેતર રેવું પડે છે અને જંગલી જાનવર સિંહ મોટી સંખ્યામાં હોય જેથી ખેડૂત અને તેના બળદ ઉપર હુંમલ થઈ શકે તો


ભચાદર ગામથી દેવકા જતા રસ્તા ઉપર પીપાવાવ સુરેન્દ્રનગર રેલ્વે લાઈન નું ફાટક ચાલુ કરવા રજુવાત

રાત્રી દરમિયાન ફાટક બંધ કરી ત્યાંથી ભેરાઈ, ભયાદર અને કડિયાળીના ખેડૂતોની માગણી છે કે આ ફાટક ૨૪ કલાક ચાલુ રાખવામાં આવે અને ખેડૂતો હેરાન ન થાય રેલ્વે વિભાગ અધિકારીને જાણ કરી ૧૨ નંબરની ફાટક રાત્રે ચાલુ રાખવા વિનંતી છે.જો ફાટક નહીં ખોલવામાં આવે તો ભેરાઇ, વડ ભચાદર, કડિયાળી, ઊંચૈયા ગામનના લોકો ગાંધી ચીંધ્યા માર્ગે રેલ રોકો આંદોલન કરીશું અને અંતમાં આ ખેડૂતો એ જણાવેલ કે રાત્રી દરમિયાન ફાટક બંધ હસે ખેડૂત ઘરે આવવા માટે રસ્તો નહીં હોય જેથી ત્યાં રાત વસો કરવો પડે અને જો જંગલી જાનવરથી ખેડૂત અને તેના પરિવાર અને પોતાના બળદ ઉપર કોઈ જંગલી જાનવરનો હુમલો થશે તો તે માટે જવાબદાર રેલ્વે વિભાગ રહેશે તો ઉપર મુજબની માંગણી ખેડૂતોની ધ્યાને લઈ રાત્રે રસ્તો ચાલુ કરવા વિનંતી કરવામાં આવી હતી.

# ગુલાબના ફુલના ફાયદાઓ

"આશાવાદીઓ ગુલાબ ને જુવે છે એના કાંટા ને નહી,
નિરાશાવાદીઓ કાંટા સામે તાકી રહે છે ગુલાબ પ્રત્યે ધ્યાન આપતા નથી."
ખલીલ જિબ્રાન.: પ્રકૃતિ એ ગુલાબના ફૂલ માં સૌદર્ય,સુગંધ સાથે શીતળતા પણ ભરપૂર મૂકી છે.આમ તો ગુલાબ ના ફૂલ ને ફૂલો નો રાજા કહેવામાં આવે છે લાલ,પીળા,સફેદ અને ગુલાબી રંગ ના ગુલાબ ની ડાળ માં ભલે કાંટા હોય પણ એની અંદર ની શીતળતા ને લીધે એના પર દૃષ્ટિ પડતા જ આંખો એના તરફ આકર્ષતા મગજ ને શીતળતા અને શાંતિનો અનુભવ થાય છે. ગુલાબ ની કુલ ૧૦૦ જેટલી પ્રજાતિ ઓ વિવિધ રંગો માં દેશ દુનિયા માં જોવા મળે છે.ફૂલો નો ગુલદસ્તો માં ગુલાબ નું ફુલ ન હોય તો મોંઘા માં મોંઘા ગુલદસ્તા નું આકર્ષણ ઓછું થઈ જાય છે.ગુલાબ ના ફૂલની મહેક,શીતળતા અને સૌદર્ય ના લીધે પ્રેમી એની પ્રેમિકા ને જલ્દી આકર્ષી શકે છે એટલે તો દર વર્ષે વેલેન્ટાઈન ડે ના દિવસો દરમિયાન ગુલાબ ના ફૂલ ની ડિમાન્ડ માર્કેટ માં વધારે જોવા મળે છે. ગુલાબ એ એક કલમી છોડ છે એટલે એનું વાવેતર મૂળ દ્વારા નહી કલમ રોપીને વેલમાં અને ટટ્ટાર છોડ માં સ્વરૂપે થાય છે. જે રીતે તુલસી ના છોડ ને ભરપૂર સૂર્ય પ્રકાશ જોઈએ છે એજ રીતે ગુલાબ ના છોડ ને પણ


- રુપાલી દવે

પાંચ કલાક થી વધારે સીધા સૂર્ય પ્રકાશ ની આવશ્યકતા હોય છે. ઉનાળા ની ઋતુ માં ઘરના અને જાહેર બગીચાઓમાં ગુલાબ ના ફૂલ ના છોડ ની મહેક માં વધારો જોવા મળે છે. આ ઋતુ માં માર્કેટ માં તુલસી અને મોગરા ની માફક ગુલાબની આવક પણ ભરપૂર હોય છે.
"નામ માં શું છે? જેને આપણે ગુલાબ કહીએ છીએ,
અન્ય નામ થી એની સુગંધ મીઠી આવશે."
વિલિયમ શેકસપિયર : જે રીતે કમળ નું ફૂલ એ ભારતનું રાષ્ટ્રીય ફૂલ છે એજ રીતે ગુલાબ નું ફુલ યુ.એસ અને ઈંગ્લેન્ડ નું રાષ્ટ્રીય ફૂલ છે. ઈતિહાસ કારો અને સાહિત્યકારો એ ગુલાબના ફૂલ ને પ્રેમ અને આસ્થા ના પ્રતિક તરીકે વર્ણવ્યું છે.ગ્રીક અને રોમન દેવી દેવતાઓ એ ગુલાબ ના ફૂલ ને પ્રથમ વાર પ્રેમ ના પ્રતીક તરીકે ઓળખી કાઢ્યું હતું. પ્રાચીન સમય માં રોમ માં જે ખંડ માં ગુપ્ત ચર્ચા કરવાની હોય એ જગ્યા એ "અંડર ધી રોઝ" એટલે ફૂલદાનીમાં જંગલી ગુલાબ નું ફુલ મૂકવામાં આવતું હતું. ક્રિશ્ચન સમાજ લાલ ગુલાબ ના ફૂલ ને શહીદો ના પ્રતિક સ્વરૂપે સ્વીકારવા માં આવ્યું છે. જે મધર મેરીની સ્તુતિમાં ગુલાબ ના ફૂલો નું વર્ણન પાછળ થી સામેલ થયું હતું. ટેક્સાસ એ અમેરિકા ના ગુલાબ ની રાજધાની ના નામે પ્રસિદ્ધ છે.દર વર્ષે ઓક્ટબર માસ માં ટેક્સાસ રોઝ ડે ની ઉજવણી થાય છે ત્યારે મોટાપાયે લોકો એકઠા થતા હોય છે. ગુલાબ ના ફૂલ નું સૌંદર્ય જેમ એના પ્રેમ માં પાડી દે છે એમજ ગુલાબ ના ફૂલના અતર ની સુગંધ નો જાદુ એ ભલભલા ને આકર્ષી શકે છે. આ કારણોસર રોજિંદા જીવન માં ગુલાબ ના ફૂલ ના અતર થી લઈને ગુલકંદ વગેરે વગેરે વસ્તુઓનો ભરપૂર ઉપયોગ થાય છે. ગુલાબ ના સુગંધી ફૂલ માંથી બનતી વિવિધ વસ્તુઓ: ગુલાબ ના ફૂલ નું અતર : ગુલાબ ના ફૂલની સુગંધ એની પાંદડીઓને વરાળ માં બાફ્યા બાદ ગાળી ને પ્રાપ્ત કરવામાં આવે છે.આ પદ્ધતિ ભારત અને અરેબિયા માંથી આવી હોવાથી ગુલાબ નું નામકરણ પર્શિયા ની ભાષા માંથી થયું છે. વર્તમાન સમયમાં બલ્ગેરિયા માં કાઝનલુક નજીક ની રોઝ વેલી માં ૭૦ થી ૮૦ રોઝ પ્રફ્યુમ નું ઉત્પાદન થાય છે. અતર બનાવવા માટે ગુલાબ ના ફૂલની પાંદડી સાથે કાચો માલ આકલોહલ ગેર્નિયલ,સિટ્રોનેલો ની સુગંધ ,ગુલાબ કપૂર અને ગંધ હિન પેરાફિન ની જરૂર પડે છે.
ગુલાબ નું તેલ : ફ્રાન્સ માં ગુલાબ તેલ ના ઉત્પાદન માં રોઝા સેન્ટી ફોલીયા નો ઉપયોગ થાય છે પ્રોસેસ બાદ તૈયાર થતું ગુલાબ ના આછા પીળા અને ગ્રે કલર ના તેલ ને રોઝ એબ્સોલ્યુટ પણ કહેવાય છે. એક ગ્રામ ગુલાબ નું તેલ બનાવવા માટે બે હજાર ફૂલોની જરૂર પડે છે. ગુલાબ નું તેલ એ વાળ ની મજબૂતી માટે ઉનાળાનું રામબાણ હથિયાર માનવા માં આવે છે. ગુલાબ ફૂલના તેલ ની ઠંડક એ ગરમી થી રાહત આપે છે. ગુલાબ જળ : ગુલાબ જળ નો ઉનાળા ની ઋતુ મા ચહેરા નો ગ્લો અને ગરમી થી રાહત મેળવવા માટે ઉપયોગ થતો જોવા મળે છે. ગુલાબ જળ ને ત્વચા નો કુદરતી ટોનર માનવામાં આવે છે એટલે બપોર ના સમયે ૪૫ ડિગ્રી ગરમી માં ફરવાનું થાય ત્યારે ઘરે આવીને ગુલાબ જળ થી ચહેરો સાફ કરવા થી સન ટેન દૂર થાય છે ચેહરા પરની તાજગી પરત મેળવી શકાય છે. ત્વચા ને ભેજ રોહિત બનાવી ને કોમળ રાખે છે જો ગુલાબ જળ ને મુલતાની માટી સાથે મિક્સ કરીને એનો લેપ ચહેરા પર લગાવવા માં આવે તો ચહેરા પરના ડાઘ અમુક સમય બાદ જતા રહે છે. ગુલાબ જળ માં ઉપલબ્ધ એન્ટિસેપ્ટિક ગુણો ને લીધે ચહેરા પર ફૂલસી,ખીલ કે અળાઈ થતી નથી.વિશેષ ઉપયોગ : ૧ કોટન ના કપડા પર ગુલાબ જળ નો છંટકાવ કરીને એને આંખો પર મૂકવાથી આંખો ની ઠંડક થતા થાક અને બળતરા દૂર થાય છે.૨ જો આંખો સંક્રમણ કે એલર્જી ને કારણે આંખ લાલ થાય છે ને સતત આંખો માંથી પાણી વહે છે તો ગુલાબ જળ ના પોતા આંખ પર મૂકવાથી આંખો ને જલ્દી રાહત મળવા લાગે છે. ગુલકંદ : આયુર્વેદ અનુસાર ગુલાબ ના મુરબ્બા નું બીજું નામ ગુલ કંદ છે ગુલાબ ની પાંખડીઓ,ખડી સાકર અને મધ થી ગુલકંદ બને છે.જે શરીર ની અંદર ભરપૂર ઠંડક આપે છે.ગરમી ની ઋતુ માં ગુલકંદ નો નિયમિત ઉપયોગ અત્યંત ફાયદાકારક માનવામાં આવે છે. પેટ ની ગરમી ઘટાડી ને પાચન તંત્ર ને મજબૂત રાખે છે. ઉનાળા ના મુખ્ય રોગ એસિડિટી અને પેટ ની બળતરા માં દૂધ સાથે ગુલકંદ લેવાથી રાહત મળે છે. ઉનાળા ની ગરમી માં બાળકો માં નસકોરી ફૂટવા ની સમસ્યા વધારે જોવા મળે છે. આ સમસ્યા થી રાહત મેળવવા બાળકો ને ગરમી ની ઋતુ માં ગુલકંદ નિયમિત આપવું જોઈએ. વર્તમાન સમયમાં મોઢાં માં છાલા પડવા એ સામન્ય છે કેમકે બાળકો થી લઈને વાયોવૃદ્ધ ના પેટ ના કોઠા વૃદ્ધ આહાર અને એલોપેથીક દવાઓના નિયમિત ડોઝ ના લીધે ગરમ જ હોય છે. આ સમસ્યા થી છૂટકારો મેળવવા માટે ગુલકંદ નો ઉપયોગ કરવો જરૂરી છે. સામન્ય રીતે ગુલકંદ નો ઉપયોગ દૂધમાં, પાન માં અને સ્મુધી બનાવવામાં થતો હોય છે.ગુલાબ ના ફૂલ ના શીતળતા ના ગુણધર્મ ને લીધે એને "નાજુક" માનવા માં આવે છે. જે રીતે સુગંધી ભમરાઓ સુગંધ ની લાલસા માં એની આસપાસ મંડરાયા કરે છે એ જ રીતે મધમાખીઓ મધ એકઠું કરવાની લાલસા થી ગુલાબ ના ફૂલ ની આસપાસ વધારે ફરતી હોય છે. આ કારણોસર મધ ઉત્પાદકો ગુલાબ નું મધ બનાવવા ના હેતુ ગુલાબ ના બગીચો નું સેંકડો એકર જમીન માં નિર્માણ કરતા હોય છે.આ કારણોસર તો ગીતકારો લખે છે કે:ફૂલ આહિસ્તા ફેંકો ફૂલ બડે નાજુક હોતે હૈ..

# હીરા-ઝવેરાત સાથે હાથમાં કેરી, મેટ ગાલામાં ઈશા અંબાણી ચમકી

## ગોલ્ડન ગર્લ'ના માત્ર બ્લાઉઝની કિંમત ₹200 કરોડથી વધુ; કરણ જોહરનું ડેબ્યૂ, રાજા રવિ વર્માને ટ્રિબ્યૂટ

(એજન્સી) મુંબઈ | તા.05

ન્યૂયોર્કમાં આયોજિત ફેશન જગતની સૌથી મોટી નાઈટ એટલે કે મેટ ગાલા 2026માં આ વખતે ભારતીય કારીગરી અને શાહી અંદાજે આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. આ વર્ષની થીમ 'કોસ્ચ્યુમ આર્ટ' અને ડ્રેસ કોડ 'ફેશન ઈઝ આર્ટ'ને અનુરૂપ ભારતીય સેલિબ્રિટીઓએ કળા, શિલ્પ અને ફેશનનું અદભૂત મિશ્રણ રજૂ કર્યું હતું.

ઈશા અંબાણીનો લુક આ વર્ષે મેટ ગાલામાં સૌથી વધુ ચર્ચામાં રહ્યો છે. ઈશાએ પ્રખ્યાત ડિઝાઈનર ગૌરવ ગુપ્તા દ્વારા તૈયાર કરેલી કસ્ટમ સાડી પહેરી હતી, જેમાં અસલી સોનાના દોરાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ લુક તૈયાર કરવા માટે 50 કારીગરોએ 1200 કલાકથી વધુ સમય આપ્યો હતો. સાડી પર 'પિછવાઈ' પેઈન્ટિંગથી પ્રેરિત ડિઝાઈન બનાવવામાં આવી હતી. ઈશાના બ્લાઉઝમાં નીતા અંબાણીના પર્સનલ કલેક્શનના 200 ઓલ્ડ કટ-માઈન ડાયમંડ્સ અને હૈદરાબાદના નિઝામ કલેક્શનની ઐતિહાસિક 'સરપેચ' લગાવવામાં આવી હતી.

ઈશાનું બ્લાઉઝ તેની સાડી જેટલું જ ખાસ છે. તેણે નીતા અંબાણીના પર્સનલ કલેક્શનના 200 વિન્ટેજ કટ-માઈન હીરાથી શણગારેલું સ્ટ્રેપી, ડીપ-નેક બ્લાઉઝ પહેરેલું જોવા મળ્યું હતું. તેની ડિઝાઈન આધુનિકતા અને શાહી ભવ્યતા વચ્ચે સંપૂર્ણ સંતુલન બનાવે છે. આ બ્લાઉઝ- જેમાં 1,800 કેરેટથી વધુ હીરા જડેલા છે. આ 1,800+ કેરેટ બ્લાઉઝની અંદાજિત કિંમત આશરે 200 કરોડ હોવાનું જાણવા મળે છે. ફિલ્મમેકર કરણ જોહરે મનીષ મલ્હોત્રાના આઉટફિટ સાથે મેટ ગાલામાં શાનદાર ડેબ્યૂ કર્યું. તેનો લુક પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્માની કૃતિઓથી પ્રેરિત હતો. કરણે 6 ફૂટ લાંબો હેન્ડ-પેઈન્ટેડ કેપ પહેર્યો હતો, જેને 80 કારીગરોએ 85 દિવસમાં તૈયાર કર્યો હતો. તેણે પોતાના જ્વેલરી લેબલ 'ત્યાની'ના મલ્ટી-જેમસ્ટોન નેકલેસ સાથે લુક પૂર્ણ કર્યો હતો. આ વખતે મેટ ગાલામાં માત્ર બોલિવૂડ જ નહીં, પણ ભારતીય રાજવી પરિવારે પણ હાજરી આપી હતી. જયપુરની રાજકુમારી ગૌરવી કુમારી અને મહારાજા સવાઈ પદ્મનાભ સિંહે રેડ કાર્પેટ પર ભારતીય પરંપરાને ગ્લોબલ સ્ટેજ પર રજૂ કરી. ગૌરવી કુમારીએ તેમની દાદી મહારાણી ગાયત્રી દેવીની ગુલાબી શિફોન સાડીમાંથી બનાવેલ ગાઉન પહેર્યું હતું. તેમણે જયપુરના ફેમસ 'ધ જેમ પેલેસ'ની મોતી અને માણેક જડિત જ્વેલરી પહેરી હતી, જે પ્યોર રોયલ લુક આપી રહી હતી.











# વીર દાસને બંગાળની ચૂંટણી વચ્ચે વતન અંગે સ્પષ્ટતા કરવી પડી

(એજન્સી) મુંબઈ | તા.05

એક્ટર અને સ્ટેન્ડ-અપ કોમેડિયન વીર દાસે બંગાળ ચૂંટણીના પરિણામો વચ્ચે સ્પષ્ટ કર્યું છે કે તે બંગાળી નથી. ખરેખર, દાસ સરનેમના કારણે ઘણા લોકો તેને બંગાળી માને છે. બંગાળ સંબંધિત કોઈપણ ઘટના પર લોકો તેને સોશિયલ મીડિયા પર ટેગ કરવા લાગે છે.

આ દરમિયાન વીર દાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વિટર) પર પોતાની ઓળખ વિશે લખ્યું કે, 'અવારનવાર બંગાળમાં કંઈપણ થવા પર લોકો મને ટેગ કરીને પૂછે છે કે, 'જુઓ તમારા બંગાળમાં શું થઈ ગયું.' લોકો મને બંગાળ સંબંધિત પોસ્ટમાં ટેગ કરી રહ્યા હતા.'



આ મૂંઝવણને સમાપ્ત કરતા તેણે સ્પષ્ટ કર્યું કે, 'ભલે મારા નામ પાછળ 'દાસ' લાગેલું હોય, પરંતુ મારો સંબંધ બંગાળ સાથે નથી.' યુપી-બિહાર સાથે છે એક્ટરનું સાચું કનેક્શન પોતાની ઓળખ જણાવતા વીરે સ્પષ્ટ કર્યું કે, 'હું ખરેખર અડધો ઉત્તર પ્રદેશ (UP) અને અડધો બિહારનો છું.' વીરની સરનેમ 'દાસ'ને કારણે લોકો ઘણીવાર ઉત્તર ભારતીય અને પૂર્વીય ભારતીય રાજ્યો વચ્ચે મૂંઝવણમાં મુકાઈ જાય છે.

વીરે સ્પષ્ટ કર્યું કે, બંગાળની રાજનીતિ કે ત્યાંની ઘટનાઓ સાથે તેનો કોઈ સીધો પારિવારિક સંબંધ નથી. તેણે આ ગેરસમજને તે સમયે દૂર કરવી યોગ્ય સમજી, જ્યારે લોકો તેને રાજકીય ચર્ચાઓમાં ખેંચી રહ્યા હતા.

દેહરાદૂનમાં જન્મ અને વિદેશમાં અભ્યાસ વીર દાસના પ્રારંભિક જીવનની વાત કરીએ તો, તેનો જન્મ વર્ષ 1979માં દેહરાદૂનમાં રાનુ દાસ અને મધુર દાસના ઘરે થયો હતો. તેનું બાળપણ ભારતની સાથે-સાથે નાઈજીરીયામાં પણ વીત્યું. તેનું શાળાકીય શિક્ષણ ધ લોરેન્સ સ્કૂલ (સનાવર) અને દિલ્હી પબ્લિક સ્કૂલ (નોઈડા) માંથી થયું.

ત્યારબાદ તે ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા ગયો, જ્યાં તેણે ઈલિનોઈસની નોક્સ કોલેજમાંથી ઈકોનોમિક્સમાં બેચલર ડિગ્રી મેળવી. આજે તે માત્ર એક સફળ કોમેડિયન જ નથી, પરંતુ એક્ટર અને ડિરેક્ટર પણ બની ચૂક્યો છે.

# દિલજીત દોસાંઝે પડકાર ફેંકતા ખાલિસ્તાનીઓ ભડક્યા: વીડિયો જાહેર કરી ધમકી આપી...

(એજન્સી) મુંબઈ | તા.05

સિંગર દિલજીત દોસાંઝનો ઓરા વર્લ્ડ ટૂર 2026 વિવાદોમાં ઘેરાઈ ગયો છે. 30 એપ્રિલે કેનેડામાં કેલગરી શો દરમિયાન ખાલિસ્તાની ઝંડા બતાવવામાં આવ્યા હતા. તેના જવાબમાં દિલજીતે જાંઘ પર થાપી મારીને કહ્યું હતું- 'હું બહાર ઉઠાવીને ફેંકી દઈશ.'

હવે દિલજીતની આ થાપીને લઈને ખાલિસ્તાનીઓ ગુસ્સે થયા છે. આને લઈને 3 મેના રોજ '@બબ્બર' એકાઉન્ટ પરથી દિલજીતને ચેલેન્જ કરવામાં આવી કે, 'હવે સામે ઊભો રહેજો. આ થાપી ખાલિસ્તાનને નહીં પણ પંથને મારવામાં આવી છે.'

ખાલિસ્તાનીઓએ ધમકી આપતા કહ્યું, 'તમને નથ્થ નાખીશું. થાપી મારીને તમે શીખ હોવાનો મુખોટો ઉતારી દીધો છે. બબ્બુ માન અને ગુરદાસ માનનો અહંકાર પણ આ જ રીતે તોડ્યો હતો.' ખાલિસ્તાનીઓએ એવો પણ દાવો કર્યો કે, 'કેલગરીમાં દિલજીત વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, દિલજીતે ઉઠાવીને બહાર ફેંકી દેવાની વાત કહીને ઓસ્ટ્રેલિયાના શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાના કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.' જોકે, કેલગરી પોલીસે આ સંબંધમાં ઓફિશિયલ નોટ જાહેર કરી નથી.

આ થાપી પંથને મારી છે: ખાલિસ્તાની હેન્ડલ '@બબ્બર' દ્વારા શેર કરાયેલા વીડિયોમાં ખાલિસ્તાનીએ કહ્યું, 'દિલજીતે પોતાના શોમાં જે થાપી મારી છે, તે અમને નહીં પણ શીખ પંથને મારી છે. આ પહેલા આવો જ અહંકાર ગુરદાસ માન અને બબ્બુ માનને થયો હતો. તે પછી શું થયું, તે બધા જાણે છે. હવે માફી માંગે છે. દિલજીતનો પણ અહંકાર આ જ રીતે કાઢીશું અને આ થાપીનો જવાબ આપીશું.'

અમિતાભ બચ્ચનને પગે કેમ લાગ્યો: ખાલિસ્તાનીએ કહ્યું કે, 'દિલજીતે આ પહેલા KBC (કૌન બનેગા કરોડપતિ) શોમાં અમિતાભ બચ્ચનના પગ સ્પર્શીને ખોટું કર્યું.' જોકે, દિલજીત આ મામલે કહી ચૂક્યો છે કે તે અમિતાભના શોમાં પંજાબીઓ અને પૂર પીડિતો માટે ફંડ એકત્ર કરવા ગયો હતો, ન કે પોતાના પ્રમોશન માટે.

'ચમકીલા'ને જાણી જોઈને બાળકો સુધી પહોંચાડ્યો: ખાલિસ્તાનીએ દિવંગત પંજાબી સિંગર અમરજીત ચમકીલાને લઈને બનાવેલી ફિલ્મને લઈને પણ દિલજીત દોસાંઝને ધમકાવ્યો. ખાલિસ્તાનીએ કહ્યું કે, 'જે ચમકીલાનું પંજાબમાંથી નામ ભૂંસી નાખવામાં આવ્યું હતું, તેને દિલજીતે ફરીથી બાળકો-બાળકો સુધી પહોંચાડી દીધો.'

દિલજીત બોલ્યો- 'હું તો વચ્ચે ફસાઈ ગયો' દિલજીતે ખાલિસ્તાની ઝંડા બતાવવાને લઈને થયેલા વિવાદ પર 2 મેના રોજ એડમન્ટન (કેનેડા)માં શો દરમિયાન કહ્યું- 'હું તો વચ્ચે ફસાઈ ગયો છું. ભારત જાઉં છું, તો ત્યાં ઘણા લોકો કહે છે કે ખાલિસ્તાની આવી ગયો. જ્યારે હું વિદેશમાં આવું છું, તો આ લોકો કહે છે કે ભારતનો માણસ આવી ગયો. આવી સ્થિતિમાં હું શું કરું?



# મિસાઈલ હુમલાથી દુબઈમાં ફસાઈ અમીષા પટેલ

## હુમલા પછી એરસ્પેસ બંધ થતાં ફ્લાઈટ મસ્કટ ડાયવર્ટ થઈ, એક્ટ્રેસે કહ્યું- આ યુદ્ધ ક્યારે પૂરું થશે!

(એજન્સી) મુંબઈ | તા.05

દુબઈમાં થયેલા નવા મિસાઈલ હુમલાઓની અસર અમીષા પટેલ પર પડી છે. ખરેખર, એક્ટ્રેસે તાજેતરમાં ન્યૂયોર્કથી મુંબઈ જવા રવાના થઈ હતી. તેમની ફ્લાઈટ દુબઈમાં ઉતરવાની હતી, પરંતુ અચાનક થયેલા હુમલાઓને કારણે ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી અને એક્ટ્રેસ મસ્કટમાં ફસાઈ ગઈ છે. અમીષા પટેલે ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે કે, 'હું ન્યૂયોર્કથી મુંબઈ પાછી એમિરેટ્સથી આવી રહી હતી. જેમ જ અમે દુબઈમાં ઉતરવાના હતા, યુએઈમાં તાજા મિસાઈલ હુમલાઓને કારણે એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું. હવે અમને મસ્કટ ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. અમે આગળની માહિતીની રાહ જોઈ રહ્યા છીએ. આ યુદ્ધ આખરે ક્યારે સમાપ્ત થશે.'

ઉપરાંત, અમીષા પટેલે એક પોસ્ટ પણ શેર કરી છે. તેમાં તેણે દુબઈ એરપોર્ટની તસવીર સાથે લખ્યું છે, 'દુબઈ એરપોર્ટ પર ઘણા કલાકો વીતી ગયા છે અને રાહ હજુ પણ ચાલુ છે. હું મુંબઈમાં ઘરે પાછા આવવાની રાહ જોઈ શકતી નથી.' આ પહેલીવાર નથી. આ પહેલા ઈઝરાયલ-ઈરાન યુદ્ધની સ્થિતિ વચ્ચે ઈશા ગુપ્તા, દિયા મિર્ઝા, સોનલ ચૌહાણ, લારા દત્તા સહિત અનેક એક્ટ્રેસો દુબઈમાં ફસાઈ ગઈ હતી.

# જાહ્નવી કપૂર અને શિખર પહાડિયા જામનગરમાં લગ્ન કરશે?: વર્ષના અંતમાં સાત ફેરા લેશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું, પિતા બોની કપૂરે ખુલાસો કર્યો

(એજન્સી) મુંબઈ | તા.05

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર અને શિખર પહાડિયાના લગ્ન થવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. બંને આ વર્ષના અંતમાં લગ્ન કરવાના હોવાની અટકળો પર હવે જાહ્નવીના પિતા અને ફિલ્મમેકર બોની કપૂરે સ્પષ્ટતા કરી છે.

ખરેખરમાં, છેલ્લા કેટલાક દિવસોથી ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે, આ કપલ સપ્ટેમ્બર કે ઓક્ટોબર મહિનાની વચ્ચે ગુજરાતના જામનગરમાં એક પરંપરાગત સમારોહમાં લગ્ન કરી શકે છે. જ્યારે આ અટકળો વિશે બોની કપૂરને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે ઈ-ટાઈમ્સ સાથેની વાતચીતમાં સીધા જ કહ્યું, 'ના, આ સાચું નથી.'

શિખર પહાડિયા પરિવારની નજીકનો વ્યક્તિ શિખર અવારનવાર કપૂર પરિવારના ખાનગી કાર્યક્રમો અને રજાઓમાં જોવા મળે છે. તે માત્ર જાહ્નવી સાથે વેકેશન પર જ નથી જતો, પરંતુ ઘણીવાર મંદિરોના દર્શન માટે પણ પરિવાર સાથે જોવા મળે છે. જાહ્નવીએ પણ એપ્રિલ 2024માં 'કોફી વિથ કરણ'ના એક એપિસોડમાં ઈશારામાં જણાવ્યું હતું કે, તે કોઈની સાથે રિલેશનશિપમાં છે. બંનેનું નામ સૌથી પહેલા ત્યારે જોડાયું હતું, જ્યારે જાહ્નવીએ બોલિવૂડમાં ડેબ્યૂ પણ નહોતું કર્યું. વર્ષ 2016માં થોડા સમય સુધી એકબીજાને ડેટ કર્યા પછી બંને અલગ થઈ ગયાં હતાં. જોકે, છેલ્લા કેટલાક વર્ષોથી બંને અવારનવાર જાહેર સ્થળોએ સાથે જોવા મળે છે.

પ્રેમમાં સુરક્ષિત અનુભવે છે જાહ્નવી તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન જાહ્નવીએ પ્રેમ અને તેના પાર્ટનર વિશે ખૂલીને વાત કરી હતી. તેણે શિખરનું નામ લીધા વિના કહ્યું, 'પ્રેમ સુરક્ષિત અનુભવ કરાવે છે. તેની હાજરીને કારણે હવે હું પોતાને એટલી લાચાર અનુભવતી નથી.' તેણે આગળ કહ્યું કે, તે આ સંબંધમાં એક બાળકીની જેમ રહી શકે છે અને તેની સાથે તેને સૌથી વધુ મજા આવે છે. એક્ટ્રેસના મતે, આ પ્રેમે તેને તેના સૌથી સાચા સ્વરૂપમાં રહેવામાં મદદ કરી છે.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# અંજલિ શેખાવતે ગોલ્ડ મેડલ જીત્યો શૂટિંગમાં મેળવી સિદ્ધિ

● ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં વિજય, શૂટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬ વિજેતા જાહેર



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

રાજધાનીના ડો. કરણી સિંહ શૂટિંગ રેન્જ ખાતે આયોજિત ૨૪મી કુમાર સુરેન્દ્ર સિંહ મેમોરિયલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં રાજસ્થાનની નિશાનબાજ અંજલિ શેખાવતે શાનદાર પ્રદર્શન કર્યું છે. મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં અંજલિએ દેશના દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડીને સુવર્ણ પદક પર કબજો જમાવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ફાઈનલ રાઉન્ડમાં અંજલિએ ૨૪૦.૫ પોઈન્ટ્સ સ્કોર કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ક્વોલિફિકેશન રાઉન્ડમાં ચોથા ક્રમે રહ્યા બાદ અંજલિએ ફાઈનલમાં અદભૂત વાપસી કરી હતી. હરિયાણાની કનક બુધવારે ૨૩૮.૭ સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે પંજાબની અગમ રંજિત કૌર ગ્રેવાલ ૨૧૯ના સ્કોર સાથે ત્રીજા ક્રમે રહી બ્રોન્ઝ મેડલ મેળવવામાં સફળ રહી હતી. આશ્ચર્યજનક રીતે, ઓલિમ્પિયન ઈશા સિંહ ક્વોલિફિકેશનમાં ટોચ પર હોવા છતાં ફાઈનલમાં ભાગ લઈ શકી નહોતી, જેનો પૂરો ફાયદો અંજલિએ ઉઠાવ્યો હતો.

બીજી તરફ, જુનિયર અને યુથ મહિલા કેટેગરીમાં હરિયાણાની કનક બુધવારે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. કનકે જુનિયર વિભાગમાં ૨૩૮.૪ અને યુથ વિભાગમાં ૨૪૪.૩ના સ્કોર સાથે બે સુવર્ણ પદક જીત્યા હતા. યુથ કેટેગરીમાં હરિયાણાની નવ્યાએ સિલ્વર અને આર્મીની અંજલિ મહેન્દ્ર ભાગવતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હરિયાણાના ખેલાડીઓએ આ સ્પર્ધામાં મેડલની લ્હાણી કરી છે.

# IPL સ્ટાર અક્ષત રઘુવંશી પ્રથમ બોલે સિક્સ ફટકારી ચમક્યો



(એજન્સી)મુંબઈ। તા. 05

આઈપીએલ ૨૦૨૬માં ફરી એકવાર યુવા શક્તિનો પરચો જોવા મળ્યો છે. મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સના ૨૨ વર્ષીય બેટર અક્ષત રઘુવંશીએ પોતાના ડેબ્યૂમાં જ સનસનાટી મચાવી દીધી છે. મીડિયા અહેવાલ મુજબ, અક્ષતે પોતાની કારકિર્દીના પ્રથમ બોલ પર જ ગગનચુંબી છગ્ગો ફટકારીને ક્રિકેટ જગતના દિગ્ગજોની યાદીમાં સ્થાન મેળવી લીધું છે. આ સાથે જ તે આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ બોલે સિક્સ ફટકારનાર ૧૧મો ખેલાડી બની ગયો છે. થોડા સમય અગાઉ રાજસ્થાન રોયલ્સના યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ જે કારનામું કર્યું હતું, તેવું જ પ્રદર્શન હવે અક્ષતે દોહરાવ્યું છે. વિલ જેક્સના બોલ પર લોન્ગ ઓન ઉપરથી જોરદાર સિક્સ ફટકારીને તેણે સ્ટેડિયમમાં હાજર તમામ દર્શકોના દિલ જીતી લીધા હતા. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, આ પરાક્રમ કરનાર તે નવો ભારતીય ખેલાડી બન્યો છે. અક્ષતની આ આક્રમક શૈલીએ સાબિત કરી દીધું છે કે લખનૌએ તેને હરાજીમાં મોટી રકમ ચૂકવીને કેમ પસંદ કર્યો હતો.

# કેએલ રાહુલ પિતૃત્વનો અનુભવ જીવનની સૌથી સુંદર ક્ષણ ગણાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી બેટ્સમેન અને આઈપીએલ ૨૦૨૬માં દિલ્હી કેપિટલ્સના ઓપનર કે.એલ. રાહુલે તાજેતરમાં તેના પિતૃત્વના અનુભવ વિશે હૃદયસ્પર્શી વાતો શેર કરી છે. રાહુલે જણાવ્યું છે કે પિતા બન્યા પછી તેના જીવનમાં જે શાંતિ અને ખુશીઓ આવી છે, તેની તેણે ક્યારેય કલ્પના પણ કરી નહોતી. પિતૃત્વને તેના જીવનનો સૌથી સુંદર તબક્કો ગણાવતા રાહુલે ઉમેર્યું કે, આ નવા અનુભવે તેને માત્ર એક વ્યક્તિ તરીકે જ નહીં, પરંતુ એક ક્રિકેટર તરીકે પણ ઘણું શીખવ્યું છે અને તેને રમત પ્રત્યે વધુ સકારાત્મક બનાવ્યો છે.



રાહુલે એ પણ સ્વીકાર્યું કે હવે પુત્રીને ઘરે મૂકીને મેદાન પર જવું તેના માટે ખૂબ જ મુશ્કેલ બની જાય છે.

## ખુશીઓની નવી વ્યાખ્યા: એવારાહનું આગમન

જાન્યુઆરી ૨૦૨૩માં બોલિવૂડ અભિનેત્રી આથિયા શેટ્ટી સાથે લગ્ન કરનાર કે.એલ. રાહુલે વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં તેની પુત્રી 'એવારાહ'નું દુનિયામાં સ્વાગત કર્યું હતું. રાહુલે એક ખાનગી મીડિયા પ્લેટફોર્મ સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "મેં હંમેશા વિચાર્યું હતું કે મારા જીવનમાં શાંતિ અને ખુશીઓ છે, પરંતુ હું ખોટો હતો. જ્યાં સુધી તમે તમારા બાળકને તેડે નહીં, ત્યાં સુધી તમે સાચી ખુશી, શાંતિ કે આનંદ શું છે તે જાણી શકતા નથી. આ મારા જીવનનો સૌથી સુંદર તબક્કો છે."

## મેદાન પરનું દબાણ અને પુત્રીનો જાદુ

ક્રિકેટ એક માનસિક રમત છે અને તેમાં ઈજાઓ કે ખરાબ ફોર્મ ખેલાડીને તણાવમાં લાવી શકે છે. જોકે, રાહુલ માટે તેની પુત્રી એવારાહ હવે એક 'સ્ટ્રેસ બસ્ટર' જેવું કામ કરે છે. રાહુલે કહ્યું, "જ્યારે હું એવારાહને હસતા જોઉં છું અથવા જ્યારે તે મને ગળે વળગાડે છે, ત્યારે હું મારું બધું જ દર્દ, ઈજાઓ અને ચિંતાઓ ભૂલી જાઉં છું. આનાથી મને મેદાન પર વધુ શાંત રહેવામાં મદદ મળી છે. હવે હું રમત વિશે વધુ પડતું વિચારતો નથી (ઓવરથિંકિંગ), જેનાથી ક્રિકેટ મારા માટે ફરીથી

## ટેસ્ટ પ્લેયરની છબી તોડી મેળવેલી સફળતા

પોતાની કારકિર્દી વિશે વાત કરતા રાહુલે જણાવ્યું કે એક સમય એવો હતો જ્યારે તેને માત્ર ટેસ્ટ ખેલાડી માનવામાં આવતો હતો. ૧૦ વર્ષ પહેલા કોઈ તેને સફેદ દડાની ક્રિકેટ (T20 અને ODI) માટે સક્ષમ માનતું નહોતું. પરંતુ તે બીબાઢાળ છબીમાંથી બહાર નીકળીને આજે એક સફળ ટી૨૦ ખેલાડી તરીકે પ્રસ્થાપિત થવું તે તેના માટે ગર્વની વાત છે. રાહુલે સ્વીકાર્યું કે આ પ્રવાસમાં તેણે ભૂલો પણ કરી છે, પરંતુ તેણે હંમેશા પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો અને સારી તૈયારી કરવાનો પ્રયાસ કર્યો છે.

# આઈપીએલ ફાઈનલ વેન્યુ બેંગલુરુથી છીનવાઈ શકે છે



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ તેની અંતિમ ચરણ તરફ આગળ વધી રહી છે, પરંતુ તેની ભવ્ય ફાઈનલ મેચના સ્થળને લઈને અત્યારે મોટા વિવાદના વાદળો ઘેરાયા છે. બીસીસીઆઈ (BCCI) ના સૂત્રો દ્વારા મળતી ચોંકાવનારી માહિતી મુજબ, ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના હોમ ગ્રાઉન્ડ એટલે કે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ફાઈનલ મેચ યોજવાની યોજના મુશ્કેલીમાં મુકાઈ છે. આ પાછળનું મુખ્ય કારણ કોઈ રમતલક્ષી ખામી નહીં, પરંતુ કર્ણાટકના ધારાસભ્યો દ્વારા આઈપીએલની ટિકિટો માટે કરવામાં આવી રહેલી માંગ અને તેનાથી ઉભો થયેલો રાજકીય વિવાદ છે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય વિજયાનંદ કાશપ્પનવરે એવી માંગણી કરી હતી કે દરેક ધારાસભ્યને ઓછામાં ઓછી પાંચ વીઆઈપી ટિકિટો મળવી જોઈએ. તેમણે એવો તર્ક આપ્યો હતો કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ વીઆઈપી (VIP) છે અને તેમણે સામાન્ય જનતાની જેમ લાઈનમાં ઉભા રહેવું જોઈએ નહીં. આ નિવેદન બાદ કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે જાહેરાત કરી હતી કે દરેક ધારાસભ્ય અને સાંસદને આરસીબીની મેચ માટે ૩ ટિકિટો આપવામાં આવશે. જોકે, આ મુદ્દો હવે વકર્યો છે અને બીસીસીઆઈ આ પ્રકારના રાજકીય દબાણથી નારાજ હોવાનું જણાય છે. સામાન્ય રીતે આઈપીએલની પરંપરા મુજબ, અગાઉની સીઝનની વિજેતા ટીમનું શહેર ફાઈનલ મેચની યજમાની કરે છે. પરંતુ બેંગલુરુમાં ટિકિટોને લઈને ચાલી રહેલા આંતરિક ડખાને કારણે બીસીસીઆઈ હવે કોઈ જોખમ લેવા માંગતું નથી. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે જો ટિકિટ વિવાદનો તાત્કાલિક ઉકેલ નહીં આવે, તો બોર્ડ ફાઈનલ મેચને બેંગલુરુથી ખસેડીને અન્ય કોઈ શહેરમાં યોજવાનો મોટો નિર્ણય લઈ શકે છે. પ્લેઓફ મેચો પંજાબ અને કર્ણાટક વચ્ચે વહેંચવામાં આવે તેવી શક્યતા છે, પરંતુ ફાઈનલ માટે સસ્પેન્સ યથાવત છે.

વિવાદ વધતા કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરે ધારાસભ્યો દ્વારા ટિકિટના દુરુપયોગના આરોપોને ફગાવી દીધા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ ટિકિટો ઓનલાઈન બુક થાય છે અને તે બિન-તબદીલીપાત્ર (Non-transferable) હોય છે, એટલે કે ધારાસભ્ય પોતે અથવા તેમના પરિવારના સભ્યો જ તેનો ઉપયોગ કરી શકે છે.

# માન્ચેસ્ટર સિટીની ટાઈટલ આશા ધૂંધળી એવરટન સામે ડ્રો



(એજન્સી) લિવરપૂલ । તા. 05

ઇંગ્લિશ પ્રીમિયર લીગ (EPL) ૨૦૨૬ ના ખિતાબની રેસમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન માન્ચેસ્ટર સિટીને મોટો ફટકો પડ્યો છે. સોમવારે રમાયેલી અત્યંત રોમાંચક મેચમાં એવરટને શાનદાર લડત આપી માન્ચેસ્ટર સિટીને ૩-૩ ની બરાબરી પર રોકી દીધું હતું. આ ડ્રોના પરિણામે પેપ ગાર્ડિઓલાની ટીમ હવે ટાઈટલની રેસમાં આર્સેનલથી પાછળ ધકેલાઈ ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, માન્ચેસ્ટર સિટી માટે જેરેમી ડોકુએ બે ગોલ ફટકારી ટીમને હારમાંથી બચાવી હતી, પરંતુ ૨ પોઈન્ટ ગુમાવતા સિટીની મુશ્કેલીઓ વધી છે.

પ્રથમ હાફમાં માન્ચેસ્ટર સિટીનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. ૪૩મી મિનિટે ડોકુએ શાનદાર ગોલ કરીને સિટીને ૧-૦ ની લીડ અપાવી હતી. જોકે, બીજા હાફમાં એવરટને આક્રમક રમત બતાવી માત્ર ૧૪ મિનિટના ગાળામાં ત્રણ ગોલ ફટકારીને સિટીને આઘાત આપ્યો હતો. થિયર્નો બેરીએ ૬૮મી અને ૮૧મી મિનિટે બે ગોલ કર્યા, જ્યારે જેક ઓ'બ્રાયને ૭૩મી મિનિટે ગોલ કરીને એવરટનને ૩-૧ થી આગળ કરી દીધું હતું. અંતિમ ક્ષણોમાં એર્લિંગ હાલેન્ડના ગોલ અને સ્ટોપેજ ટાઈમની ૯૭મી મિનિટે ડોકુના લાંબી રેન્જના પ્રહારથી મેચ ડ્રોમાં પરિણમી હતી. આ ડ્રો બાદ પ્રીમિયર લીગના પોઈન્ટ ટેબલમાં આર્સેનલ ૭૬ પોઈન્ટ સાથે ટોચના સ્થાને મજબૂત બન્યું છે. માન્ચેસ્ટર સિટી ૭૧ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે, જે આર્સેનલ કરતા ૫ પોઈન્ટ પાછળ છે.

# લખનૌ સુપર જાયન્ટ્સની હાર બાદ કેપ્ટન રિષભ પંત વ્યથિત



(એજન્સી) મુંબઈ । તા. 05

આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ સામે રમાયેલી હાઈ-સ્કોરિંગ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સની હાર થતા કેપ્ટન રિષભ પંતે ટીમની બેટિંગ પર સવાલો ઉઠાવ્યા છે. વાનખેડે સ્ટેડિયમની બેટિંગ ફ્રેન્ડલી પીચ પર ૨૨૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યા હોવા છતાં, પંતનું માનવું છે કે ટીમ હજુ ૧૦ થી ૧૫ રન પાછળ રહી ગઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, રોહિત શર્મા અને રાયન રિકલટનની તોફાની બેટિંગના કારણે લખનૌને છ વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો છે.

## બેટિંગમાં શરૂઆત સારી પણ અંત નબળો

મેચ બાદ વાતચીત કરતા કેપ્ટન પંતે જણાવ્યું કે, જે રીતે ટીમે શરૂઆત કરી હતી તે જોતા ૨૩૦ થી વધુ રનનો સ્કોર થવો જોઈતો હતો. નિકોલસ પૂરને માત્ર ૨૧ બોલમાં ૬૩ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જેમાં આઠ ગગનચુંબી છગ્ગા સામેલ હતા. જોકે, મધ્ય ઓવરોમાં રનની ગતિ ધીમી પડતા લખનૌ ૨૨૮ રન સુધી જ સીમિત રહ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પંતે સ્વીકાર્યું કે આ પીચ પર ૨૨૦ થી ૨૩૦ રનનો સ્કોર સામાન્ય હતો અને તેઓ થોડા રન ઓછા બનાવી શક્યા.

## બોલરોનો બચાવ કરતા કેપ્ટન પંત

લખનૌ સુપર જાયન્ટ્સની હાર બાદ પંતે પોતાના બોલરોનો બચાવ કર્યો છે. તેણે કહ્યું કે આવી ફ્લેટ પીચ પર બોલરોને દોષ આપવો યોગ્ય નથી. મુંબઈના બેટર્સ પોતાની હોમ કન્ડિશનથી પરિચિત હતા અને તેમણે તેનો પૂરો ફાયદો ઉઠાવ્યો. રોહિત શર્માના ૮૪ અને રિકલટનના ૮૩ રનની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે માત્ર ૧૮.૪ ઓવરમાં જ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. પંતે આ હારની સામૂહિક જવાબદારી સ્વીકારી છે અને આગામી મેચોમાં વધુ સારા પ્રદર્શનની આશા વ્યક્ત કરી છે.

આ પરાજય બાદ લખનૌની ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને પહોંચી ગઈ છે. અત્યાર સુધી રમાયેલી ૯ મેચોમાંથી ટીમ માત્ર ૨ મેચ જીતી શકી છે. બીજી તરફ, મુંબઈ ઈન્ડિયન્સ આ જીત સાથે નવમા ક્રમે પહોંચી છે.

# નૂરજહાં નૂરઅલી પેરા ટેબલ ટેનિસમાં ભારતનું નામ ગુંજાવશે

## એશિયન પેરા ગેમ્સ માટે ક્વોલિફાય થવા મક્કમ



(એજન્સી) અમદાવાદ । તા. 05

ભારતની અગ્રણી અને દેશની પ્રથમ ક્રમાંકિત પેરા ટેબલ ટેનિસ ખેલાડી નૂરજહાં નૂરઅલીએ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનું વર્ચસ્વ જમાવવા માટે કમર કસી લીધી છે. આગામી ઓક્ટોબર મહિનામાં જાપાન ખાતે યોજાનારી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ક્વોલિફાય થવા માટે નૂરજહાં અત્યારે યુરોપ અને એશિયાના પ્રવાસે છે, જ્યાં તે ચાર મહત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. આ આંતરરાષ્ટ્રીય અભિયાન નૂરજહાંની કારકિર્દી માટે અત્યંત નિર્ણાયક માનવામાં આવે છે, કારણ કે તે વિશ્વ રેન્કિંગમાં ઉપર આવવા અને ભારત માટે મેડલ જીતવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન (ITTF) ના વિશ્વ રેન્કિંગમાં નૂરજહાં અત્યારે ક્લાસ ૭ કેટેગરીમાં ૨૭મા સ્થાને છે. એશિયામાં આઠમો ક્રમ ધરાવતી આ ખેલાડીનો મુખ્ય ઉદ્દેશ્ય હવે એશિયાના ટોપ ૬ ખેલાડીઓમાં સ્થાન મેળવવાનો છે, જેથી તે સીધી જ એશિયન પેરા ગેમ્સ માટે ક્વોલિફાય થઈ શકે. નૂરજહાંએ પોતાના અભિયાનની શરૂઆત મોન્ટેનેગ્રોથી કરી છે અને હવે તે સ્લોવેનિયા અને તાઈવાનમાં રમાનારી હાઈ-પ્રોફાઈલ ટુર્નામેન્ટમાં પોતાનું કૌશલ્ય બતાવશે. નૂરજહાંની જીવનયાત્રા કોઈપણ માટે પ્રેરણારૂપ બની શકે તેવી છે. માત્ર પાંચ વર્ષની ઉંમરે પોલિયોનો શિકાર બનવા છતાં, તેણે ક્યારેય હાર માની નથી. ૨૦૨૨માં રમતગમતના મેદાનમાં પુનરાગમન કર્યા બાદ તેણે પાછું વળીને જોયું નથી. ચાલુ વર્ષે ઈન્દોરમાં યોજાયેલી નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં તેણે ગોલ્ડ મેડલ જીતીને પોતાનું ટાઈટલ જાળવી રાખ્યું હતું, જેની મદદથી તે ભારતની નંબર ૧ પેરા ટેબલ ટેનિસ ખેલાડી બની હતી. અમદાવાદમાં સ્થિત નૂરજહાં AAHLમાં જુનિયર ઓફિસર તરીકે ફરજ બજાવે છે. રમત પ્રત્યેના તેના સમર્પણને જોઈને સંસ્થાએ તેને તાલીમ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે જરૂરી રજાઓ અને સુગમતા પૂરી પાડી છે.

વિજેતા // જીએસટી અને કસ્ટમ્સ ટીમની જીત થઈ, મુંબઈ હીરોઝ સામે રસાકસીનો જંગ જામ્યો

# ફિટ ઈન્ડિયા હિટ ઈન્ડિયા ક્રિકેટ મેચ જીએસટી ટીમ વિજેતા બની

(એજન્સી) મુંબઈ । તા. 05

દેશભરમાં ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુથી રમાયેલી 'ફિટ ઈન્ડિયા હિટ ઈન્ડિયા' ફ્રેન્ડલી ક્રિકેટ મેચમાં જીએસટી અને કસ્ટમ્સ અમેચ્યોર ટીમે બોલીવુડના સિતારાઓથી સજ્જ મુંબઈ હીરોઝને પરાજય આપી શાનદાર વિજય મેળવ્યો છે. મુંબઈના વાકોલા સ્થિત એર ઈન્ડિયા ગ્રાઉન્ડ પર રમાયેલી આ મેચમાં સરકારી અધિકારીઓએ રમતગમતના મેદાનમાં પણ પોતાની ક્ષમતા સાબિત કરી દીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા મુવમેન્ટના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ખેલાડીઓ અને કલાકારોનો અનોખો સંગમ

આ મેચમાં મુંબઈ હીરોઝની ટીમમાં સુનીલ શેટ્ટી, સોહેલ ખાન, શરદ કેલકર અને ફ્રેડી દારૂવાલા જેવા જાણીતા કલાકારો




મેદાનમાં ઉતર્યા હતા. બીજી તરફ, જીએસટી અને કસ્ટમ્સની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૧૭૦ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. અખિલેશ કુમારે ૫૭ રનની શાનદાર ઈનિંગ રમીને જીતનો પાયો નાખ્યો હતો, જ્યારે પરાગ ખાનાપુરકરે માત્ર ૨૧ બોલમાં આક્રમક ૪૫ રન ફટકાર્યા હતા. મુંબઈ હીરોઝ તરફથી ફ્રેડી દારૂવાલાએ બે વિકેટ ઝડપી હતી.

## રસાકસીભરી ચેઝ અને મુંબઈ હીરોઝનો પરાજય

૧૭૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી મુંબઈ હીરોઝની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. કેપ્ટન સુનીલ શેટ્ટી અને સોહેલ ખાન સસ્તામાં આઉટ થતા ટીમ દબાણમાં આવી ગઈ હતી. નવદીપ તોમરે ૪૨ રન બનાવીને લડત આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જીએસટી ટીમના બોલિંગ આક્રમણ સામે મુંબઈની ટીમ ૨૦ ઓવરમાં ૧૩૧ રન જ બનાવી શકી હતી. મીડિયા અહેવાલ મુજબ, અજીત દાનને તેમની ત્રણ મહત્વની વિકેટ માટે 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

## ફિટનેસ અને એકતાનો સંદેશ

મેચના અંતે સુનીલ શેટ્ટીએ સ્વીકાર્યું હતું કે હાર પચાવવી મુશ્કેલ નથી, પરંતુ અમે વધુ મજબૂત રીતે વાપસી કરીશું. તેમણે જેકી શ્રોફ અને ગુલશન ગ્રોવર સહિત તમામ સમર્થકોનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત પ્રાચી સ્વરૂપ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી સમાજમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવે છે. આ મેચ માત્ર હાર-જીત માટે નહીં, પરંતુ રમતગમત દ્વારા સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે રમાઈ હતી.

મણિપુર અને છત્તીસગઢ વચ્ચે જંગ જામશે

# રાષ્ટ્રીય ફૂટબોલ ચેમ્પિયનશિપ મણિપુરની મોટી જીત

(એજન્સી) રાયપુર । તા. 05

સ્વામી વિવેકાનંદ ૨૦ વર્ષથી ઓછી વયના પુરુષોની રાષ્ટ્રીય ફૂટબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં મણિપુરની ટીમે પોતાનું પ્રભુત્વ જાળવી રાખતા ક્વાર્ટર ફાઈનલ તરફ મજબૂત ડગલાં માંડ્યા છે. નારાયણપુરના રામકૃષ્ણ મિશન આશ્રમ મેદાન પર રમાયેલી મેચમાં મણિપુરે દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ટીમને ૭-૦થી હરાવીને ટુર્નામેન્ટમાં અત્યાર સુધીનો સૌથી મોટો વિજય નોંધાવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ જીત સાથે મણિપુર ગ્રુપ-બીમાં છ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને પહોંચી ગયું છે.

મણિપુર તરફથી સલામ સ્વામીચંદ્ર મેઈતેઈએ શાનદાર રમતનું પ્રદર્શન કરતા પ્રથમ હાફમાં જ પોતાની હેટ્રિક પૂર્ણ કરી હતી. આ ઉપરાંત ચનમ આકાશ, ગિથૌબા, જેક સિંહ અને કાર્લોસ સિંહે પણ એક-એક ગોલ કરીને ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. સાત ગોલની આ રમઝટે સાબિત કરી દીધું છે કે મણિપુર આ વર્ષે ખિતાબ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. બીજી તરફ, સામા પક્ષે દમણ અને દીવની ટીમ આક્રમણ સામે લાચાર જોવા મળી હતી.




યજમાન છત્તીસગઢ અને નાગાલેન્ડ વચ્ચે રમાયેલી અન્ય એક મેચ ૧-૧ થી ડ્રોમાં પરિણમી હતી. છત્તીસગઢ તરફથી ઈન્દ્રજીત રોયે પેનલ્ટી દ્વારા ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી, પરંતુ મેચની અંતિમ ક્ષણોમાં નાગાલેન્ડના વિનાતો અચુમીએ ગોલ ફટકારીને છત્તીસગઢના વિજયના રથને રોકી દીધો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હવે ૬ મેના રોજ મણિપુર અને છત્તીસગઢ વચ્ચે રમાનારી મેચ નિર્ણાયક સાબિત થશે. મણિપુરને આગળ વધવા માટે માત્ર ડ્રોની જરૂર છે, જ્યારે યજમાન ટીમે જીતવું જ પડશે.

### વૈશ્વિક દક્ષિણનો વિકાસ ભારતની મુખ્ય પ્રાથમિકતા, વિકાસલક્ષી ભાગીદારી મજબૂત કરવાના નવા આયામો

# ભારત જમૈકા સંબંધો વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈએ પહોંચ્યા જયશંકર

(એજન્સી) કિંગ્સ્ટન । તા. 05

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારત અને જમૈકા વચ્ચેના મજબૂત મૈત્રીપૂર્ણ સંબંધોને નવી દિશા આપતા જણાવ્યું છે કે, બંને રાષ્ટ્રો વચ્ચેનો સહયોગ વૈશ્વિક દક્ષિણ (ગ્લોબલ સાઉથ) ના ઉત્થાન માટે એક મહત્વપૂર્ણ સ્તંભ છે. કિંગ્સ્ટન ખાતે જમૈકાના વિદેશ મંત્રી કામિના જોહ્ન્સન સ્મિથ સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ, ભારતીય વિદેશ મંત્રીએ દ્વિપક્ષીય જોડાણને વધુ ગાઢ બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ પરસ્પર હિતના તમામ વિષયો પર વિસ્તૃત અને અર્થપૂર્ણ ચર્ચા કરી હતી, જેમાં રમતગમતથી લઈ ડિજિટલ પેમેન્ટ સુધીના ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

બંને નેતાઓ વચ્ચેની મંત્રણામાં ભારત અને જમૈકાએ ભાગીદારીને મજબૂત કરવા માટે નવા રસ્તાઓ શોધ્યા છે. વિદેશ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડિજિટલ પરિવર્તન, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને રમતગમત ક્ષેત્રે તાજેતરમાં થયેલા સમજૂતી કરાર (MoUs) નો અસરકારક અમલ કરવામાં આવશે જેથી જમીની સ્તરે તેના વાસ્તવિક પરિણામો જોઈ શકાય. ખાસ કરીને ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં ભારતની સફળતાનો લાભ જમૈકાને મળે તે માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

### ગ્રામીણ ઉત્કર્ષ અને આર્થિક સહાય

કિંગ્સ્ટન ટાઉનમાં હાથ ધરવામાં આવેલા 'ગ્રામીણ આજીવિકા સુધારણા' પ્રોજેક્ટની સફળતાને વિદેશ મંત્રીએ બિરદાવી હતી. ભારત-યુએન ડેવલપમેન્ટ પાર્ટનરશીપ ફંડ દ્વારા ૧ મિલિયન યુએસ ડોલરની આર્થિક સહાયથી માર્ચ મહિનામાં પૂર્ણ થયેલા આ પ્રોજેક્ટથી ૨૦૦ થી વધુ વ્યક્તિઓને સીધો લાભ થયો છે અને હજારો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ સફળતાને આગળ વધારતા, હવે જમૈકા માટે 'કારીગર સશક્તિકરણ હબ' સ્થાપવાની




શક્યતાઓ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે.

### આરોગ્ય અને સંરક્ષણ ક્ષેત્રે ભારતની મદદ

તાજેતરમાં જમૈકામાં ત્રાટકેલા 'મેલિસા' વાવાઝોડા બાદ રાહત અને પુનઃનિર્માણના કાર્યોમાં ભારત મોખરે રહ્યું છે. વિદેશ મંત્રીએ પ્રતીકાત્મક રીતે ૧૦ ભીષ્મ (BHISHM) ક્યુબ્સ સોંપ્યા હતા, જે કટોકટીના સમયે તબીબી સહાય પૂરી પાડવા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત, જમૈકાના આરોગ્ય માળખાને વધુ સજ્જ કરવા માટે ભારત ટૂંક સમયમાં ૩૦ ડાયાલિસિસ યુનિટ પૂરા પાડવાની પ્રક્રિયામાં છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ, ભારતીય વાયુસેનાના વિમાન દ્વારા અગાઉ ૨૦ ટનથી વધુ રાહત સામગ્રી અને તબીબી ટીમ મોકલીને સ્થાનિક ક્ષમતા વધારવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રી એસ. જયશંકરે જમૈકાના વડાપ્રધાન એન્ડ્રુ હોલનેસ સાથે પણ મુલાકાત કરી હતી, જેમાં પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને દેશોએ બહુપક્ષીય મંચો પર એકબીજાને ટેકો આપવાની અને 'રિફોર્મ્ડ મલ્ટીલેટરલિઝમ' (સુધારાત્મક બહુપક્ષીયવાદ) માટે અવાજ ઉઠાવવાની ખાતરી આપી છે. વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓને વિશ્વ સમક્ષ મૂકવા માટે ભારત અને જમૈકા એકસૂત્રે બંધાયેલા છે.

### ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને ધમકી

# જો જહાજ પર હુમલો થયો તો નામનિશાન મટી જશે



(એજન્સી) વોશિંગ્ટન/કિંગ્સ્ટન । તા. 05

અમેરિકા અને ઈરાન વચ્ચે સમુદ્રી સીમા પર ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અત્યાર સુધીની સૌથી આક્રમક અને ખુલ્લી ચેતવણી આપતા સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. એક ટેલિવિઝન ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ગર્જના કરી છે કે, જો હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક રીતે મહત્વના જળમાર્ગમાં અમેરિકાના કોઈપણ જહાજને નુકસાન પહોંચાડવામાં આવશે, તો તેનો વળતો જવાબ એટલો ભયાનક હશે કે ઈરાનનું અસ્તિત્વ પૃથ્વીના નકશા પરથી ભૂંસી નાખવામાં આવશે. ટ્રમ્પના આ નિવેદને પશ્ચિમ એશિયામાં યુદ્ધની જ્વાળાઓ ફરી પ્રજ્વલિત કરી દીધી છે. ઈરાન દ્વારા પર્સિયન ગલ્ફમાં કરવામાં આવેલી કડક નાકેબંધીને કારણે વૈશ્વિક વેપાર ખોરવાયો છે. આ ગતિરોધને તોડવા અને ત્યાં ફસાયેલા સેંકડો માલવાહક જહાજોને મુક્ત કરાવવા માટે અમેરિકાએ 'પ્રોજેક્ટ ફ્રીડમ' નામનું મસમોટું સૈન્ય અભિયાન શરૂ કર્યું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના દળોએ ઈરાન તરફથી છોડવામાં આવેલી ક્રૂઝ મિસાઈલો અને ઘાતક ડ્રોન હુમલાઓને હવામાં જ તોડી પાડ્યા છે. આ ઓપરેશન દરમિયાન અમેરિકી હેલિકોપ્ટરોએ આક્રમક તેવર બતાવતા ઈરાની દળોની ૬ હથિયારધારી બોટને દરિયામાં ડૂબાડી દીધી છે, જે વ્યાપારી જહાજો માટે ગંભીર ખતરો બની હતી.

હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વનો સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે, જ્યાંથી દરરોજ લાખો બેરલ ક્રૂડ ઓઈલની અવરજવર થાય છે. અત્યારે ચાલી રહેલા સંઘર્ષને કારણે આ માર્ગ પર હજારો નાવિકો અને કરોડો ડોલરનો સામાન જોખમમાં મુકાયો છે. વીમા કંપનીઓએ આ વિસ્તારમાં જોખમનું સ્તર વધારી દેતા શિપિંગ ખર્ચમાં ધરખમ વધારો થયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા ઉછાળાને કારણે સમગ્ર વિશ્વના અર્થતંત્ર પર મંદી અને મોંઘવારીનું જોખમ તોળાઈ રહ્યું છે. જો આ નાકેબંધી જલ્દી નહીં ખુલે તો ઊર્જા સંકટ વધુ ઘેરું બની શકે છે.

પશ્ચિમ એશિયામાં વણસી રહેલી સ્થિતિ વચ્ચે યુએઈ (UAE) પર થયેલા હુમલામાં ૩ ભારતીયો ઘાયલ થયા હોવાના સમાચાર પણ સામે આવ્યા છે. આ ઘટનાએ અખાતી દેશોમાં રહેતા લાખો ભારતીય કામદારોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ચિન્હ ઉભું કર્યું છે. વિદેશ મંત્રાલય દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. સ્થાનિક બજારોમાં પણ આ યુદ્ધના એંધાણની અસર વર્તાવા લાગી છે અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે. અમેરિકાની આક્રમકતા અને ઈરાનની જિદ વચ્ચે અત્યારે વિશ્વ એક એવા વળાંક પર ઉભું છે જ્યાંથી પાછા વળવું મુશ્કેલ છે. ડોનાલ્ડ ટ્રમ્પની 'નામનિશાન મટાવી દેવાની' ધમકી માત્ર રાજદ્વારી નિવેદન નથી, પરંતુ એક ગંભીર સૈન્ય સંકેત છે.

### દક્ષિણ કોરિયાના જહાજ પર હુમલાથી તણાવ વધ્યો

ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ગંભીર આક્ષેપ કર્યો છે કે ઈરાને દક્ષિણ કોરિયાના એવા માલવાહક જહાજને નિશાન બનાવ્યું છે જે અમેરિકાની સુરક્ષા હેઠળ હતું. આ ઘટના બાદ ટ્રમ્પે પોતાની સેનાને અત્યાધુનિક શસ્ત્રોનો ઉપયોગ કરવા માટે છૂટો દોર આપી દીધો છે. તેમણે જણાવ્યું કે અમેરિકા પાસે એવી ટેકનોલોજી છે જે દુશ્મનને પળવારમાં નેસ્તનાબૂદ કરી શકે છે અને હવે સંયમ રાખવાનો સમય પૂરો થઈ ગયો છે. બીજી તરફ, ઈરાને પણ વળતો પ્રહાર કરતા કહ્યું છે કે તેની સરહદમાં ઘૂસનારા કોઈપણ વિદેશી દળોને દુશ્મન ગણીને તેનો વિનાશ કરવામાં આવશે.

## ન્યૂઝ બ્રીફ

### ભારત પેન્સિલવેનિયા આર્થિક સંબંધો નવી ઊંચાઈએ પહોંચશે



હેરીસબર્ગ | ભારત અને અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્ય વચ્ચેના આર્થિક અને તકનીકી સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ પેન્સિલવેનિયાના ગવર્નર જોશ શેપિરો સાથે મુલાકાત કરી બંને પ્રદેશો વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં ભારતમાં થઈ રહેલા માળખાગત પરિવર્તનો અને ડિજિટલ ક્રાંતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, જે આગામી સમયમાં બંને પક્ષો માટે આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલશે. ગવર્નર શેપિરોએ સોશિયલ મીડિયા પર આ મુલાકાત અંગે ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભારત સાથેની આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય વધુ રોકાણ આકર્ષવાનો અને પ્રતિભાશાળી યુવાનો માટે ઉચ્ચ વેતનવાળી નોકરીઓનું સર્જન કરવાનો છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં ૧૮થી વધુ ભારતીય કંપનીઓએ પેન્સિલવેનિયાના અર્થતંત્રમાં ૫૪૦ મિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. આ આંકડા ભારતની વધતી જતી આર્થિક ક્ષમતા અને વૈશ્વિક પ્રભાવના સાક્ષી પુરાવે છે.

### રશિયા યુક્રેન યુદ્ધવિરામ જાહેરાત શાંતિના ટૂંકા ગાળાની આશા



કિવ | બીજા વિશ્વયુદ્ધમાં સોવિયેત સંઘની જીતની યાદમાં ઉજવવામાં આવતા 'વિજય દિવસ' નિમિત્તે રશિયા અને યુક્રેન વચ્ચે હિંસાના લાંબા દોર બાદ ટૂંકા ગાળાના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે ૮૧મી વર્ષગાંઠ નિમિત્તે ૮ અને ૯ મેના રોજ બે દિવસીય શસ્ત્રવિરામની ઘોષણા કરી છે. જોકે, આ જાહેરાતની સાથે જ રશિયાએ કડક ચેતવણી પણ આપી છે કે જો યુક્રેન દ્વારા વિજય દિવસની ઉજવણીમાં કોઈ પણ પ્રકારનો ખલેલ પહોંચાડવામાં આવશે, તો તેનો વળતો જવાબ કિવ પર ભયાનક મિશાઈલ હુમલા દ્વારા આપવામાં આવશે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન દ્વારા લેવાયેલા આ નિર્ણય મુજબ, મહાન દેશભક્તિ યુદ્ધમાં સોવિયત જનતાના વિજયના સન્માનમાં આ વિરામ જાહેર કરાયો છે. રશિયાએ અપેક્ષા વ્યક્ત કરી છે કે યુક્રેન પણ આ ઉદાહરણને અનુસરશે. રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે જો કિવ શાસન વિજય દિવસના કાર્યક્રમોને નિશાન બનાવવાનો પ્રયાસ કરશે, તો રશિયન સશસ્ત્ર દળો યુક્રેનની રાજધાનીના કેન્દ્ર પર પ્રચંડ જવાબી હુમલો કરવા માટે સજ્જ છે.

### તેલના ભાવમાં ઉછાળો વિશ્વભરમાં મોંઘવારીનું સંકટ, વૈશ્વિક અર્થતંત્ર પર સંકટ બહેરીનમાં રાષ્ટ્રીય કટોકટી

# મિડલ ઈસ્ટ યુદ્ધ 2026 હોર્મુઝમાં અમેરિકી હુમલાથી રક્તપાત વધ્યો

(એજન્સી) ગાંધીનગર । તા. 05

પશ્ચિમ એશિયામાં ૧૮ દિવસના ટૂંકા અને કામચલાઉ યુદ્ધવિરામનો અંત આવતા જ મધ્ય પૂર્વમાં સ્થિતિ ફરી એકવાર અત્યંત સ્ફોટક અને રક્તરંજિત બની છે. હોર્મુઝની ખાડીમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે સમગ્ર વિશ્વ પર યુદ્ધના વાદળો ઘેરાયા છે. ઈરાની મીડિયા દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ, અમેરિકી સૈન્ય દ્વારા માલસામાન લઈ જતી નાગરિક નૌકાઓને નિશાન બનાવવામાં આવતા ૫ નિર્દોષ નાગરિકોના મોત નીપજ્યા છે. આ ઘટનાએ શાંતિની આશા પર પાણી ફેરવી દીધું છે અને પશ્ચિમ એશિયાને ફરી વિનાશના આરે લાવી મૂક્યું છે.

યુદ્ધની જ્વાળાઓ હવે યુનાઈટેડ આરબ અમીરાત (UAE) અને ઓમાન સુધી પહોંચી ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાન પ્રેરિત ડ્રોન હુમલામાં ફુજૈરાહ સ્થિત અતિ મહત્વના તેલ સુવિધા કેન્દ્રને નિશાન બનાવવામાં આવ્યું છે. આ કેન્દ્ર હોર્મુઝની ખાડીને બાયપાસ કરતું મુખ્ય પાઈપલાઈન હબ હોવાથી તેલના પુરવઠા પર મોટી અસર પડી છે. હુમલા બાદ અહીં ભયાનક આગ લાગી હતી, જેને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી રહી છે. બીજી તરફ, ઓમાનમાં રહેણાંક વિસ્તારો પર થયેલા હુમલાથી સામાન્ય જનતામાં ફફડાટ ફેલાયો છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા બહેરીન સરકારે દેશમાં તાત્કાલિક અસરથી 'રાષ્ટ્રીય કટોકટી' (નેશનલ ઈમરજન્સી) જાહેર કરી દીધી છે.

આ યુદ્ધની સીધી અને નકારાત્મક અસર વૈશ્વિક બજાર પર જોવા મળી રહી છે. હુમલાના સમાચાર વાયુવેગે ફેલાતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં ૬ ટકાનો તોતિંગ વધારો ઝીંકાયો છે. જો આ સંઘર્ષ લાંબો ચાલશે તો આગામી દિવસોમાં વિશ્વભરમાં મોંઘવારીનો આંકડો આસમાને પહોંચી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, બ્રિટિશ સેનાએ પણ અમીરાત તટ પાસે એક માલવાહક જહાજમાં



લાગેલી આગની પુષ્ટિ કરી છે, જેનાથી દરિયાઈ વેપાર માર્ગો પર જોખમ વધી ગયું છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ આ હુમલાઓમાં તેમની સંડોવણીનો ઈનકાર કર્યો છે અને અમેરિકાની વ્યૂહરચનાની આકરી ટીકા કરી છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટનાક્રમ બાદ અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી ઈરાનને ખુલ્લી ચેતવણી આપી છે કે જો તે અમેરિકી હિતો કે જહાજોને નુકસાન પહોંચાડશે તો ઈરાનને દુનિયાના નકશા પરથી 'નેસ્તનાબૂદ' કરી દેવામાં આવશે. ટ્રમ્પે દક્ષિણ કોરિયાના જહાજ પર થયેલા હુમલાનો ઉલ્લેખ કરીને સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા હવે કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી સહન કરશે નહીં. વોશિંગ્ટનથી મળતા સંકેતો મુજબ, અમેરિકી નૌકાદળને હોર્મુઝની ખાડીમાં હાઈ-એલર્ટ પર રાખવામાં આવ્યું છે. મિડલ ઈસ્ટમાં સર્જાયેલી આ કટોકટીને કારણે ભારત માટે પણ ચિંતાજનક સ્થિતિ ઉભી થઈ છે. ભારત તેની તેલની જરૂરિયાત માટે મોટાભાગે આ જ વિસ્તાર પર નિર્ભર હોવાથી સ્થાનિક બજારમાં ઈંધણના ભાવ વધવાની શક્યતા છે. આ ઉપરાંત, અખાતી દેશોમાં વસતા લાખો ભારતીયોની સુરક્ષાને લઈને પણ ભારત સરકાર સતર્ક થઈ છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે વિદેશ મંત્રાલય પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જહાજોને આ વિવાદિત વિસ્તારથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે.

## અમેરિકી એપાચે હેલિકોપ્ટર હુમલો ઈરાનની છ બોટ દરિયામાં ડૂબાડી

(એજન્સી) ફ્લોરિડા । તા. 05

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે સોમવારે પશ્ચિમ એશિયાના અત્યંત વ્યૂહાત્મક ગણાતા જળમાર્ગો પર ઈરાની અવરોધોને દૂર કરવા માટે ભયાનક લશ્કરી કાર્યવાહી કરી છે. વોશિંગ્ટને હોર્મુઝની સામુદ્રધુનીમાં વ્યાપારી જહાજોના માર્ગમાં અવરોધ ઉભી કરતી ઈરાનની છ ઝડપી બોટને એપાચે અને સી-હોક એટેક હેલિકોપ્ટર દ્વારા તોડી પાડી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ કાર્યવાહી પ્રોજેક્ટ ફ્રીડમનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય જળસીમામાં વ્યાપારી પરિવહન સુરક્ષિત કરવાનો છે.

અત્યારે હોર્મુઝની સામુદ્રધુનીમાં સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, પ્રોજેક્ટ ફ્રીડમ હેઠળ ૧૦૦થી વધુ વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. બે શક્તિશાળી એરક્રાફ્ટ કેરિયર્સ અને જમીન આધારિત મથકો પરથી આ વિમાનો સંચાલિત થઈ રહ્યા છે. આ મિશનનો મુખ્ય હેતુ ઈરાની બંદરો પર નૌકાબંધી લાગુ કરવાનો અને માલવાહક જહાજોને સશસ્ત્ર સુરક્ષા પૂરી પાડવાનો છે.

### ઈરાનના દાવાઓનું ખંડન

બીજી તરફ, ઈરાની સરકારી મીડિયાએ દાવો કર્યો હતો કે તેમના મિસાઈલ હુમલામાં અમેરિકી યુદ્ધ જહાજને નુકસાન થયું છે અને તેને પીછેહઠ કરવી પડી છે. જોકે, અમેરિકી સૈન્યના સૂત્રોએ આ અહેવાલોને સદંતર પાયાવિહોણા ગણાવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાના તમામ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સ સંપૂર્ણપણે કાર્યરત છે અને કોઈ પણ જહાજને ઈજા પહોંચી નથી. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાની બંદરો પર આકરું સૈન્ય નિયંત્રણ જાળવી રાખશે.

## ઈરાન યુએઈ હુમલો નિંદા વિશ્વને બાનમાં લેવાનું બંધ કરો, જર્મન ચાન્સેલર મર્ઝ પ્રતિક્રિયા સાથે કડક ચેતવણી

### ગલ્ફ વિસ્તારમાં તણાવની સ્થિતિ વચ્ચે શાંતિ માટે અપીલ

(એજન્સી) બર્લિન । તા. 05

પશ્ચિમ એશિયામાં શાંતિના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) પર ઈરાન દ્વારા કરવામાં આવેલા તાજેતરના મિશાઈલ અને ડ્રોન હુમલા બાદ જર્મન ચાન્સેલર ફ્રીડ્રિચ મર્ઝે આકરી પ્રતિક્રિયા આપી છે. મર્ઝે તેહરાનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે ઈરાન સમગ્ર વિશ્વને બાનમાં લેવાનું બંધ કરે અને તુરંત જ રાજદ્વારી મંત્રણાના ટેબલ પર પરત ફરે. ચાર અઠવાડિયાના યુદ્ધવિરામ બાદ ઈરાન દ્વારા આ પ્રકારની લશ્કરી કાર્યવાહીએ આખા ગલ્ફ વિસ્તારમાં ચિંતાનું મોજું ફેરવી દીધું છે.

યુક્ત આરબ અમીરાતના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેમની હવાઈ સુરક્ષા પ્રણાલીએ ઈરાન તરફથી આવતી ૧૨ બેલેસ્ટિક મિશાઈલો,



ત્રણ ક્રુઝ મિશાઈલો અને ચાર ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલા બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર પર પણ જોખમ ઊભું થયું છે. ચાન્સેલર મર્ઝે સોશિયલ મીડિયા પર પોતાની પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં અવરોધ ઊભો કરવાનું કૃત્ય અસ્વીકાર્ય છે અને તેહરાને પરમાણુ શસ્ત્રો મેળવવાની જીદ છોડવી જ પડશે.

ઈરાનના આ પગલાની માત્ર જર્મની જ નહીં, પરંતુ બ્રિટન અને ફ્રાન્સ દ્વારા પણ સખત નિંદા કરવામાં આવી છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ ઘટનાને ગંભીર ગણાવતા પ્રદેશમાં તણાવ ઓછો કરવા હાકલ કરી છે. તેમણે ઉમેર્યું કે મધ્ય પૂર્વમાં લાંબા ગાળાના રાજદ્વારી ઉકેલ માટે ઈરાને સાર્થક વાટાઘાટોમાં જોડાવું અનિવાર્ય છે. બીજી તરફ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને નાગરિક વિસ્તારોને નિશાન બનાવવાની આ કાર્યવાહીને અયોગ્ય અને અસ્વીકાર્ય ગણાવી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં કોઈ નક્કર પરિણામ ન આવતા પરિસ્થિતિ વધુ વણસી છે. ગત ૮ એપ્રિલના રોજ જે યુદ્ધવિરામ સમજૂતી થઈ હતી, તે હવે જોખમમાં જણાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો માની રહ્યા છે કે જો ઈરાન પોતાની આક્રમકતા ઓછી નહીં કરે, તો આવનારા દિવસોમાં ગલ્ફ વિસ્તારમાં આર્થિક અને લશ્કરી અસ્થિરતા વધી શકે છે.

**હુમલો** તેલ સુવિધા પર ડ્રોન હુમલો થતા ફુજૈરાહમાં ભીષણ આગ, પશ્ચિમ એશિયામાં યુદ્ધના એંધાણ વચ્ચે ભારતની નજર

## ઈરાનનો યુએઈ પર હુમલો મિસાઈલ અને ડ્રોનથી આખું આકાશ ગુંજ્યું

(એજન્સી) અબુ ધાબી । તા. 05

પશ્ચિમ એશિયામાં શાંતિની આશા પર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે. ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલા નાજુક યુદ્ધવિરામનો ભંગ કરીને ઈરાને સંયુક્ત આરબ અમીરાત (UAE) પર ભયાનક મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો છે. આ હુમલાને કારણે સમગ્ર અખાતી વિસ્તારમાં યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. યુએઈના સંરક્ષણ મંત્રાલયે સત્તાવાર પુષ્ટિ કરી છે કે તેમના આકાશમાં ઈરાની ક્રૂઝ મિસાઈલો અને સશસ્ત્ર ડ્રોન જોવા મળ્યા હતા, જેને તોડી પાડવા માટે દેશની એર ડિફેન્સ સિસ્ટમ રાતોરાત સક્રિય થઈ ગઈ હતી. આ હુમલાએ એપ્રિલની શરૂઆતમાં થયેલા યુદ્ધવિરામ પર પ્રશ્નાર્થ ચિન્હ લગાવી દીધું છે.

હુમલાની સૌથી ગંભીર અસર ફુજૈરાહ અમીરાતમાં જોવા મળી છે, જ્યાં એક ઈરાની આત્મઘાતી ડ્રોન સીધું જ ક્રૂડ ઓઈલ સ્ટોરેજ (તેલ સુવિધા) સાથે અથડાયું હતું. ડ્રોન અથડાવાની સાથે જ ત્યાં ભીષણ વિસ્ફોટ થયો હતો અને આખું સંકુલ આગની જ્વાળાઓમાં



લપેટાઈ ગયું હતું. 'ખલીજ ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, આ કમનસીબ ઘટનામાં ત્યાં ફરજ બજાવતા ૩ ભારતીય કામદારો ગંભીર રીતે ઘાયલ થયા છે. સિવિલ ડિફેન્સની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આ ઘટનાએ વિદેશમાં વસતા ભારતીય સમુદાયમાં પણ ચિંતા ફેલાવી દીધી છે.

યુએઈના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા દ્વારા વિગતો આપતા જણાવ્યું કે, ઈરાન તરફથી કુલ ચાર ક્રૂઝ મિસાઈલો છોડવામાં આવી હતી. જેમાંથી ત્રણ મિસાઈલોને અબુ ધાબીની દરિયાઈ સીમામાં જ એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તોડી પાડવામાં આવી હતી, જ્યારે એક મિસાઈલ માનવરહિત સમુદ્રમાં પડી હતી. વિદેશ મંત્રાલયે આ હુમલાની આકરી નિંદા કરતા તેને દેશની સુરક્ષા માટે 'ગંભીર દુષ્ટચક્ર' ગણાવ્યું છે. યુએઈએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે તે આ પ્રકારની ઉશ્કેરણીનો જવાબ આપવાનો પોતાનો 'પૂર્ણ અને કાયદેસરનો અધિકાર' અનામત રાખે છે.

ઈરાન આ વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માંગે છે અને અમેરિકાના 'પ્રોજેક્ટ ફ્રીડમ'નો વિરોધ કરી રહ્યું છે. અગાઉ પણ ઈરાને એડનોક (ADNOC) ના તેલ ટેન્કર પર હુમલો કર્યો હતો, જેને યુએઈએ 'દરિયાઈ લૂંટ' ગણાવી હતી. અત્યારે અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) હેઠળની સેના વેપારી જહાજોને સુરક્ષિત બહાર કાઢવાના મિશન પર કામ કરી રહી છે, જે ઈરાનને આંખના કણાની જેમ ખૂંચી રહ્યું છે.

## વ્હાઈટ હાઉસ ફાયરિંગ ઘટના સુરક્ષા દળોએ હુમલાખોરને વીંધ્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 05

અમેરિકાના હૃદય સમાન વ્હાઈટ હાઉસની અત્યંત નજીક સોમવારે મોડી રાત્રે ગોળીબારની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. અમેરિકી સીક્રેટ સર્વિસના જવાનોએ એક હથિયારધારી વ્યક્તિ પર ગોળીબાર કર્યો હતો, જે શંકાસ્પદ હિલચાલ કરી રહ્યો હતો. આ ઘટના વ્હાઈટ હાઉસથી માત્ર અડધો માઈલ દૂર ૧૫મા સ્ટ્રીટ અને ઈન્ડિપેન્ડન્સ એવન્યુ પાસે બની હતી. સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક અસરથી સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને લોકોને ત્યાંથી દૂર રહેવાની સૂચના આપી છે.

સીક્રેટ સર્વિસના ડેપ્યુટી ડાયરેક્ટર મેટ ક્વિને પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સુરક્ષા જવાનોએ એક વ્યક્તિ પાસે હથિયાર હોવાનું જોયું હતું. જ્યારે અધિકારીઓએ તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે વ્યક્તિ ભાગવા લાગી હતી અને તેણે એજન્ટો પર ગોળીબાર કર્યો હતો. જવાબમાં સીક્રેટ સર્વિસના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો, જેમાં હુમલાખોરને ગોળી વાગી હતી. મીડિયા અહેવાલ મુજબ, હુમલાખોરને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જોકે તેની સ્થિતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી નથી. આ હિંસક અથડામણ દરમિયાન ત્યાં હાજર એક નિર્દોષ બાળક પણ ઈજાગ્રસ્ત થયું હોવાના સમાચાર છે. જોકે, સદનસીબે બાળકની ઈજાઓ જીવલેણ નથી અને તેની સારવાર ચાલી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઘટના બની તેના થોડા સમય પહેલા જ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સનો કાફલો તે જ વિસ્તારમાંથી પસાર થયો હતો. જોકે, અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ ફાયરિંગ અને ઉપરાષ્ટ્રપતિના કાફલા વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાના પુરાવા હજુ મળ્યા નથી.

### ચેતવણી આપતા કહ્યું- અમારી પાસે 21 રાજ્યોની પોલીસ; પંજાબના મુખ્યમંત્રી ધારાસભ્યો સાથે રાષ્ટ્રપતિને મળવા રવાના

# રાઘવ ચઢ્ઢાએ કહ્યું- હું AAPનો આગામી ટારગેટ

**ચંડીગઢ**

પંજાબના CM ભગવંત માન આમ આદમી પાર્ટી (AAP)ના તમામ 94 ધારાસભ્યોને 3 વોલ્વો બસોમાં લઈને દિલ્હી જવા રવાના થયા છે. અહીં તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે. તેમને બપોરે 12:30 વાગ્યાનો સમય મળ્યો છે. તેઓ એકલા જ મુર્મુને મળશે, આ દરમિયાન તમામ ધારાસભ્યો રાષ્ટ્રપતિ ભવનની બહાર હાજર રહેશે. રાષ્ટ્રપતિ સાથેની મુલાકાત દરમિયાન, CM માન તેમની પાર્ટીમાંથી ચૂંટાયેલા 6 રાજ્યસભા સાંસદોના AAP છોડીને BJPમાં જોડાવાની ફરિયાદ કરતા રાઈટ ટુ રિકોલ કાયદાની માંગ કરશે.

CM માન પહેલાં આપ છોડી ગયેલા લોકોમાં રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠકના નેતૃત્વમાં કેટલાક સાંસદો રાષ્ટ્રપતિને મળ્યા. ત્યારબાદ, રાઘવ ચઢ્ઢાએ કહ્યું, આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા પછી, પંજાબ સરકાર બદલાની આગમાં સળગી રહી છે. બદલાના ભાવે, તેમણે આપ છોડી ગયેલા સાંસદો સામે પંજાબના રાજ્ય મશીનરીનો ઉપયોગ કર્યો.' રાઘવે કટાક્ષમાં કહ્યું, 'જ્યાં સુધી તેઓ આજ્ઞાકારી હતા, ત્યાં સુધી તેઓ સંસ્કારી હતા; જેવો સાથ છોડ્યો તો ભ્રષ્ટાચારી ગણાવવામાં આવ્યા.

રાઘવે કહ્યું કે AAP સવારથી સાંજ સુધી દરેક પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવે છે, અને હવે તે પાર્ટી છોડી ગયેલા સાંસદો સામે બદલો લેવાની કોશિશ કરી રહી છે. રાઘવે કહ્યું, 'AAP એક ખતરનાક રમત રમી રહી છે, અને તેનું પરિણામ ખૂબ જ ખતરનાક હશે.' સાંસદ સંદીપ પાઠકે કહ્યું કે તેઓ માથા પર કફન બાંધીને નીકળ્યા છીએ અને FIRથી ડરતા નથી.

આ દરમિયાન પંજાબ BJP પ્રમુખ સુનીલ જાખડે કહ્યું- સાંભળ્યું છે કે CM વોલ્વો બસોમાં દિલ્હી જઈ રહ્યા છે. CMને ખૂબ ધ્યાન રાખવું પડશે. ક્યાંક, AAP ધારાસભ્યોની બસ BJP કાર્યાલય તરફ ન વળી જાય.

## દિલ્હી જતા મુખ્યમંત્રીના 3 મુખ્ય મુદ્દાઓ



**- પાંચ લોકો એમ ન કહી શકે કે પાર્ટીમાં ભાગલા પડ્યા છે:** દિલ્હી જતા મુખ્યમંત્રી ભગવંત માને ચંદીગઢમાં કહ્યું કે કોઈ પ્રકારનો કાયદો હોવો જોઈએ. પાંચ લોકો ભેગા થઈને એમ ન કહી શકે કે તેમની પાર્ટીમાં ભાગલા પડ્યા છે. પાર્ટી હવે વોશિંગ મશીન તરીકે જાણીતી બની ગઈ છે.

**- ભાજપમાં જોડાવાનો અર્થ કાયદાથી ઉપર હોવું નથી, કાર્યવાહી કરવામાં આવશે:** CM માનએ કહ્યું, "એવું ન બની શકે કે જો તેમની સામે ફરિયાદ દાખલ થાય તો તેમની સામે કોઈ કાર્યવાહી ન થાય. શું ભાજપમાં જોડાવાનો અર્થ પોતાને કાયદાથી ઉપર માનો છે? જો ભવિષ્યમાં કોઈ ફરિયાદ થશે તો કાર્યવાહી કરવામાં આવશે. કાયદો દેશનો છે અને દરેકને લાગુ પડે છે, પછી ભલે તે મંત્રી હોય કે ચોકીદાર."

**- જે વ્યક્તિને ED દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા તેને 10 દિવસ પછી સુરક્ષા આપવામાં આવી:** મુખ્યમંત્રીએ કહ્યું, "પહેલા, ભાજપ EDના દરોડા પડાવે છે અને પછી, 10 દિવસ પછી, તે જ વ્યક્તિને Y સુરક્ષા આપે છે. આનો અર્થ શું છે? ED અને CBIનો ઉપયોગ ડરાવવા માટે થઈ રહ્યો છે. બળજબરીથી લોકશાહીને બદલે, દેશમાં બળજબરી અને ભયની વ્યવસ્થા લાદવામાં આવી રહી છે." હું આ બાબતે રાષ્ટ્રપતિને મળીશ અને તેમને બધી વિગતો જણાવીશ. તમે બંધારણના રક્ષક છો, તેથી તમારા અધિકારોનો ઉપયોગ કરો.

# નાણાકીય વર્ષ 2026-27 ની શરૂઆત સતત મજબૂત માલગાડી કામગીરી સાથે થઈ

### NFR એ એપ્રિલમાં 1,135 રેક અનલોડ કર્યા





માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ એપ્રિલ 2026 માં માલગાડી પરિવહનમાં તેનું મજબૂત પ્રદર્શન ચાલુ રાખ્યું, જેમાં નોંધપાત્ર અનલોડિંગ સફળતા પ્રાપ્ત થઈ. મહિના દરમિયાન, ઝોને 1,135 માલગાડી રેક અનલોડ કર્યા, જે નાણાકીય વર્ષ 2026-27 માં ઝોન માટે મજબૂત શરૂઆત દર્શાવે છે. સમગ્ર મહિના દરમિયાન, NFR એ ખાદ્ય અનાજ, ખાદ્ય-ગ્રેડ વસ્તુઓ, ખાતરો, ખાંડ, SNTP-કોલસો, મીઠું, ટાંકી અને અન્ય સામગ્રી સહિત આવશ્યક અને ઔદ્યોગિક માલસામાનનું સરળ પરિવહન સુનિશ્ચિત કર્યું. આ માલસામાન NFR દ્વારા તેના અધિકારક્ષેત્રમાં વિવિધ માલસામાન શેડ પર કાર્યક્ષમ રીતે સંચાલિત કરવામાં આવ્યા હતા, જેનાથી સમયસર પુરવઠો અને કાર્યકારી વિશ્વસનીયતા મજબૂત થઈ હતી. આ સમયગાળા દરમિયાન માલગાડી પરિવહનનો નોંધપાત્ર હિસ્સો ઉત્તરપૂર્વીય રાજ્યોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. આસામમાં અનલોડ કરાયેલા 593 રેકમાંથી, 317 આવશ્યક ચીજવસ્તુઓ વહન કરતા હતા. આ જાહેર વિતરણ પ્રણાલી અને રોજિંદા ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડે છે. આ દરમિયાન, ત્રિપુરામાં 99 રેક, નાગાલેન્ડમાં 32, અરુણાચલ પ્રદેશમાં 20, મણિપુરમાં 14 અને મિઝોરમમાં 8 રેક ઉતારવામાં આવ્યા હતા. વધુમાં, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના અધિકારક્ષેત્ર હેઠળ, પશ્ચિમ બંગાળમાં 203 રેક ઉતારવામાં આવ્યા હતા, જ્યારે બિહારમાં 166 રેક ઉતારવામાં આવ્યા હતા. આમાં આવશ્યક અને બિન-આવશ્યક બંને વસ્તુઓનો સમાવેશ થાય છે, જે આંતર-પ્રાદેશિક પુરવઠા શૃંખલાને વધુ મજબૂત બનાવે છે.આવશ્યક માલસામાન અને ઔદ્યોગિક સામગ્રીનું પરિવહન લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા અને સમગ્ર પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિને વેગ આપવા માટે મહત્વપૂર્ણ છે. ક્ષેત્ર એકમો દ્વારા નજીકથી દેખરેખ અને સંકલિત પ્રયાસો દ્વારા, NFR એ ટર્નઅરાઉન્ડ સમય અને ઉતારવાની કાર્યક્ષમતામાં સુધારો કર્યો છે. આના પરિણામે વિશ્વસનીય માલસામાન કામગીરી અને ઉત્તરપૂર્વના સામાજિક-આર્થિક વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ મળી છે.

## બંગાળની જીત પર મોદીએ કહ્યું- ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ ખીલ્યું

**બંગાળ**

PM મોદીએ સોમવારે દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલય પર કહ્યું- બંગાળની પહેલી કેબિનેટ મીટિંગમાં જ આયુષ્માન ભારતને મંજૂરી મળશે. ઘૂસણખોરો પર કાર્યવાહી કરવામાં આવશે. મહિલાઓને સુરક્ષાનું વાતાવરણ મળશે, યુવાનોને રોજગાર મળશે, પલાયન અટકશે. પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં સરકાર બનવા પર તેમણે કહ્યું- ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ જ કમળ ખીલ્યું છે. વર્ષોની સાધના જ્યારે સિદ્ધિમાં બદલાય છે ત્યારે જે ખુશી થાય છે તે ખુશી હું કાર્યકર્તાઓના ચહેરા પર જોઈ રહ્યો છું. આ દિવસ ઐતિહાસિક અને અભૂતપૂર્વ છે. વર્ષોની મહેનત આજે સફળતામાં બદલાઈ છે અને આ જીતનો સંપૂર્ણ શ્રેય પાર્ટીના કાર્યકરો અને તેમના પરિવારોને જાય છે. ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર અને હવે પશ્ચિમ બંગાળમાં ભાજપ/એનડીએની સરકાર છે. એટલે કે ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ ખીલ્યું છે. બંગાળના ભાગ્યમાં નવો અધ્યાય જોડાયો છે, રાજ્ય હવે ભયમુક્ત અને વિકાસ તરફ આગળ વધશે. આ જીત વંદે માતરમના 150મા વર્ષમાં વધુ મહત્વપૂર્ણ છે. બંગાળમાં મહિલાઓને સુરક્ષાનું વાતાવરણ મળશે, યુવાનોને રોજગાર મળશે, પલાયન અટકશે, પ્રથમ કેબિનેટમાં જ આયુષ્માન યોજનાને લીલી ઝંડી આપવામાં આવશે અને ઘૂસણખોરો સામે કડકમાં કડક કાર્યવાહી થશે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના આત્માને કેટલી શાંતિ મળી હશે. તેમણે 1951માં જનસંઘની સ્થાપના કરીને દરેક કાર્યકર્તાને સંદેશ આપ્યો કે દેશ માટે જીવવું અને દેશ માટે મરવું.

# બંગાળમાં પહેલીવાર ભાજપ સરકાર

### તમિલનાડુમાં અભિનેતા વિજય બનશે CM; કેરળમાં કોંગ્રેસ પાછી ફરી, લેફ્ટ સરકાર હવે દેશમાં ક્યાંય નથી

**બંગાળ**

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો સોમવારે આવ્યા. પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળમાં સરકારો બદલાઈ ગઈ. આસામ અને પુડુચેરીમાં NDAએ વાપસી કરી.

બંગાળમાં TMC ને હરાવીને ભાજપ પહેલીવાર સત્તામાં આવી. પાર્ટી દસ વર્ષમાં 3 બેઠકોથી 206 બેઠકો પર પહોંચી ગઈ છે.

તમિલનાડુમાં એક્ટર થલપતિ વિજયની પાર્ટી TVK એ સૌથી વધુ બેઠકો લાવીને ચોંકાવી દીધા. 64 વર્ષમાં પહેલીવાર રાજ્યમાં એવી સરકાર બનવા જઈ રહી છે, જેમાં DMK કે AIADMK નહીં હોય. બે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને એમ કે સ્ટાલિન ચૂંટણી હારી ગયા.

### બંગાળમાં 12 મંત્રી હાર્યા, ભાજપનો 70% સ્ટ્રાઈક રેટ

**- મહિલાને મળી શકે છે કમાન:** બંગાળમાં ભાજપે ચહેરા વગર ચૂંટણી લડી, તેથી હવે મોટો સવાલ એ છે કે મુખ્યમંત્રી કોણ હશે. સંભવિત નામોમાં સુવેન્દુ અધિકારી, સુકાંત મજુમદાર, દિલીપ ઘોષ અને સમિક ભટ્ટાચાર્યનું નામ સૌથી આગળ છે. પાર્ટી કોઈ મહિલા ચહેરાને પણ લાવી શકે છે.

**- ભાજપનો 70% સ્ટ્રાઈક રેટ:** બંગાળમાં ભાજપે 293 માંથી 206 બેઠકો જીતીને આશરે 70% નો સ્ટ્રાઈક રેટ હાંસલ કર્યો. બીજી તરફ, TMC 81 બેઠકો પર સમેટાઈ ગઈ અને તેનો સ્ટ્રાઈક રેટ આશરે 27.6% રહ્યો.

**- મમતા સહિત 12 મંત્રી હાર્યા:** સીએમ મમતા સહિત 12 મંત્રી ચૂંટણી હારી ગયા. મમતા પાસે હોમ મિનિસ્ટ્રી સહિત 7 મહત્વપૂર્ણ મંત્રાલયોની જવાબદારી હતી. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શશિ પાંજા, ઉદયન ગુહા, બ્રત્ય બસુ, ચંદ્રિમા ભટ્ટાચાર્ય, સુજીત બસુ, સિદ્દિકુલ્લાહ ચૌધરી, રથિન ઘોષ, બેચારામ મન્ના, બિરબાહા હાંસદા, મોલય ઘટકને હારનો સામનો કરવો પડ્યો છે.

**- પહેલીવાર રાજ્ય અને કેન્દ્રમાં એક જ પાર્ટીની સરકાર:** 1972 પછી પહેલીવાર પશ્ચિમ બંગાળમાં હવે એવી પાર્ટીની સરકાર હશે, જે કેન્દ્રમાં પણ સત્તામાં છે. 1972 માં રાજ્યમાં કોંગ્રેસે 216 બેઠકો જીતી હતી અને તે સમયે કેન્દ્રમાં ઈન્દિરા ગાંધીની સરકાર હતી. બાંગ્લાદેશ સીમા, ઘૂસણખોરી અને વહીવટી નિયંત્રણ જેવા મુદ્દાઓ પર પણ કડકાઈ થઈ શકે છે. મોદીએ સોમવારે પાર્ટી મુખ્યાલયમાં આનું એલાન પણ કર્યું.

## એક સમયે રાજકારણથી દૂર ભાગતા હતા વિજય, માતા-પિતા વિરુદ્ધ જ કોર્ટમાં કર્યો હતો કેસ

**તમિલનાડુ**

તમિલનાડુની રાજનીતિમાં સુપરસ્ટાર વિજય થલાપતિની પાર્ટી TVKએ પ્રથમ ચૂંટણીમાં જ 234 બેઠકોમાંથી 108 બેઠકો જીતીને ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. ફિલ્મોની જેમ રાજકારણમાં પણ પહેલી જ ઈનિંગમાં સુપરહિટ સાબિત થયેલા વિજય થલાપતિ એક સમયે રાજનીતિમાં આવવા પણ નહોતા માંગતા. વર્ષ 2020માં વિજય થલાપતિના પિતા અને જાણીતા ડાયરેક્ટર એસ. એ. ચંદ્રશેખરે વિજયની પરવાનગી વગર 'વિજય મક્કલ અય્યકમ' (VMI) નામની રાજકીય પાર્ટીની નોંધણી કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી, જેમાં તેઓ પોતે મહાસચિવ અને વિજયના માતા શોભા ટ્રેઝરર (કોષાધ્યક્ષ) બન્યા હતા. જ્યારે વિજય થલાપતિને આ બાબતની જાણ થઈ, ત્યારે તેમણે સપ્ટેમ્બર 2021માં સત્તાવાર રીતે જાહેર કર્યું કે તેમને આ યોજનાઓ વિશે અગાઉથી કોઈ જાણ કરવામાં આવી નહોતી. પોતાના નામે ચાલી રહેલી રાજકીય પ્રવૃત્તિઓથી નારાજ થઈને તેમણે પોતાના માતા-પિતા સહિત 11 લોકો વિરુદ્ધ મદ્રાસ હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે તેમના નામ કે ફેન ક્લબનો રાજકીય ઉપયોગ ગેરકાનૂની ગણાશે, જેના પરિણામે અંતે આ પક્ષને ભંગ કરી દેવામાં આવ્યો હતો. વિજય થલાપતિએ પોતાના અભિનય પ્રવાસની શરૂઆત પિતા દ્વારા નિર્દેશિત ફિલ્મ 'વેટ્રી'માં બાળ કલાકાર તરીકે કરી હતી. શરૂઆતી તબક્કે મોટી સફળતા ન મળતા, તેમના પિતાએ વર્ષ 1993માં વિજયકાંતની મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મ 'સેંથૂરપાંડી' બનાવી હતી.

# બંગાળમાં 9 મેના રોજ નવી સરકારનો શપથગ્રહણ સમારોહ

### એ જ દિવસે ટાગોરની 165મી જન્મજયંતિ; તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને રાજીનામું આપ્યું

**પશ્ચિમ બંગાળ**



પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો સોમવારે જાહેર થયા. બંગાળના ઈતિહાસમાં પહેલીવાર ભાજપની સરકાર બનવા જઈ રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યના જણાવ્યા અનુસાર, નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ 9 મેના રોજ યોજાશે.

આ જ દિવસે રવિન્દ્રનાથ ટાગોરની 165મી જન્મજયંતિ છે. બંગાળી કેલેન્ડર મુજબ, આ તારીખ 25મી વૈશાખના રોજ આવે છે, જે સામાન્ય રીતે મે મહિનાના બીજા અઠવાડિયામાં આવે છે. શપથ ગ્રહણ સમારોહમાં કોણ હાજરી આપશે અને કોણ મુખ્યમંત્રી બનશે તેની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

આ તરફ, તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને રાજીનામું આપી દીધું છે. વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી DMK 59 બેઠકો પર સમેટાઈ ગઈ હતી.

આ દરમિયાન, ભાજપના સુવેન્દુ અધિકારી આજે સાંજે નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે દિલ્હી પહોંચશે, જ્યાં તેઓ પાર્ટીના સીનિયર નેતાઓ સાથે મુલાકાત કરશે.

તમિલનાડુમાં સૌથી મોટો ઉલટફેર થયો, અહીં 2 વર્ષ જૂની અભિનેતા વિજયની પાર્ટી ટીવીકે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. જોકે, ટીવીકે બહુમતીના આંકડાથી પાછળ છે. અહીં પુડુચેરીમાં એનડીએની જ સરકાર સત્તામાં રહેશે.

ચેન્નઈ ખાતે ટીવીકેની ઓફિસ બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જ્યારે, પાર્ટી થિરુપ્પાથુરથી ટીવીકેના ઉમેદવાર કે. શ્રીનિવાસ સેતુપતિએ ડીએમકેના ઉમેદવાર પેરિયાકરુપ્પનને એક મતથી હરાવ્યા છે. શ્રીનિવાસને 83,365 મત મળ્યા.

## આસામમાં ત્રીજીવાર ભાજપ; કેરળમાં 10 વર્ષ બાદ કોંગ્રેસની વાપસી, પુડુચેરીમાં NDA સરકાર



**કેરળ**

કેરળમાં તમામ 140 બેઠકો પર પરિણામો જાહેર થઈ ગયા છે. અહીં કોંગ્રેસે 63 બેઠકો પર જીત નોંધાવી છે. આસામ, તમિલનાડુ અને પુડુચેરીની કુલ 529 વિધાનસભા બેઠકો માટે મતોની ગણતરી થઈ.

સૌથી મોટો ઉલટફેર તમિલનાડુમાં થયો છે, જ્યાં 2 વર્ષ પહેલાં બનેલી અભિનેતા વિજયની પાર્ટી (TVK) નંબર વન બની ગઈ છે. TVKએ 107 બેઠકો પર જીત મેળવી છે, જોકે તે બહુમતીના આંકડા (118 બેઠકો) થી થોડી પાછળ છે.

સ્ટાલિનની પાર્ટી (DMK) ને 60, AIADMK ને 47, કોંગ્રેસને 5, ભાજપને 1 અને અન્યને 12 બેઠકો મળી છે. સીએમ સ્ટાલિન કોલાથુર બેઠક હારી ગયા છે, તેમને TVKના વી.એસ. બાબુએ 8000 થી વધુ મતોથી હરાવ્યા છે. બાબુ પહેલા DMKમાં જ હતા, ફેબ્રુઆરી 2026માં તેમણે વિજયની પાર્ટી જોઈન કરી હતી. આ દરમિયાન વિજયના ડ્રાઈવરના પુત્ર આર. સબરિનાથને વિરુગમ્બક્કમ બેઠક પરથી જીત મેળવી છે.

અહીં, આસામમાં પણ હિમંતા સરકારની વાપસી થઈ છે. હિમંતા બિશ્વા સરમા સતત ત્રીજી વખત સરકાર બનાવશે. BJPએ અહીં 82 બેઠકો જીતી લીધી છે, જે બહુમતીના આંકડાથી 13 વધારે છે.

# ભાજપે પોલિંગ એજન્ટ પણ પરીક્ષા લઈને બનાવ્યા

### આખા પ્રદેશમાં ભાજપનું કમળ ખીલ્યું; જનતાએ 'બંગાળી અસ્મિતા'ને બદલે 'ડબલ એન્જિન' પસંદ કર્યું

**પશ્ચિમ બંગાળ**



બંગાળે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના 'બંગાળી અસ્મિતા' ના કથાના મુકાબલે પીએમ નરેન્દ્ર મોદીના 'ડબલ એન્જિન' ના વાયદાને પસંદ કર્યો. કમળની આંધીમાં તૃણમૂલ બિલકુલ તણખલાંની જેમ જ ઉડી ગઈ. ભાજપ લાંબા સમયથી સંગઠનના સ્તરે તૈયારીમાં વ્યસ્ત હતું.

પોલિંગ એજન્ટ પસંદ કરવા માટે પણ મૌખિક અને લેખિત પરીક્ષાઓ પણ લેવામાં આવી હતી. છેલ્લા છ મહિનાથી પાર્ટીનું ધ્યાન બે લક્ષ્યો સાથે જમીની નેટવર્ક પર રહ્યું. પહેલું, ગ્રામીણ વિસ્તારોમાં ડરના માહોલનો મુકાબલો કરવો અને સુનિશ્ચિત કરવું કે મતદારો પોલિંગ બૂથ સુધી પહોંચે.

ગ્રાઉન્ડ પર તમામ પ્રયાસોનું પરિણામ એ રહ્યું કે ભાજપ પોતાની સાથે નવા મતદારોને જોડવામાં સફળ રહી. ગઈ ચૂંટણીમાં ટીએમસીનો વોટ શેર 48.5% હતો, જે આ વખતે 40.80% રહી ગયો. જ્યારે, ભાજપ 38.4% થી વધીને 45.85% વોટ પર પહોંચી ગઈ. આની પાછળ હિન્દુ મતોનું ધ્રુવીકરણ મોટું કારણ છે.

જોકે, માત્ર ધ્રુવીકરણ જ એકમાત્ર કારણ નથી. રોજગારનો અભાવ, પલાયન, ઔદ્યોગિક સ્થગિતતા, પંચાયત સ્તરની દાદાગીરી અને સ્થાનિક ટીએમસી કેડરથી નારાજગી નિર્ણાયક રહી. પશ્ચિમી ઔદ્યોગિક પટ્ટી આસનસોલ, દુર્ગાપુર અને બેરકપુર જેવા વિસ્તારોમાં ભાજપે બંધ મિલો, નોકરી, લોજિસ્ટિક્સ હબ અને સિન્ડિકેટ રાજ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું.

બંગાળનો રાજકીય ભૂગોળ બદલાઈ ગયો. 2021માં ભાજપ ઉત્તર બંગાળ, જંગલમહલ અને મતુઆ બેલ્ટમાં સીમિત હતી. આ વખતે ટીએમસીના ગઢ દક્ષિણ બંગાળમાં પણ ભગવા રંગમાં રંગાઈ ગયા.

### જજ ફાંસી પર લટકતા જ પત્ની ઘરેથી ભાગી

# બહાર IAS બહેન કાર લઈને ઊભી હતી, સસરાએ પૂછ્યું દીકરો ક્યાં છે? બોલી- ખબર નથી

**અલવર**



દિલ્હીમાં આત્મહત્યા કરનાર જજ અમન કુમાર શર્મા (30) પત્નીથી એટલા પરેશાન હતા કે તેની સામે જ ફાંસો ખાવા બાથરૂમમાં જતા રહ્યા. પત્નીએ પણ તેમને રોક્યા નહીં, પરંતુ પોતાની IAS બહેનને ફોન કરીને ઘરે બોલાવી. પછી બંને બાળકોને લઈને કારથી રવાના થઈ ગઈ. આ દરમિયાન અમનના પિતા એડવોકેટ પ્રેમ કુમાર શર્મા ઘરની ગેલેરીમાં હતા. આ આખી ઘટનાની જાણકારી પ્રેમ કુમારે પોલીસને આપી છે.

અમન કુમાર મૂળ રૂપે ખૈરથલ-તિજારાના મુંડાનાના રહેવાસી હતા. વર્તમાનમાં તેમના ઘરના લોકો અલવર શહેરના હસન ખાં મેવાત નગરમાં રહે છે. અમનની પોસ્ટિંગ દિલ્હીની કોર્ટમાં હતી. અમનની પત્ની પણ જજ છે. અમન કુમાર દિલ્હીના ગ્રીન પાર્ક વિસ્તારમાં પત્ની સાથે રહેતા હતા. તેમના બે બાળકો છે.

એડવોકેટ પ્રેમ કુમાર શર્માએ પોલીસને જણાવ્યું કે- 2 મેના રોજ વહુ ઘરમાંથી બાળકોને લઈને જવા લાગી ત્યારે પૂછ્યું કે અમન ક્યાં છે? વહુએ જવાબ આપ્યો કે મને ખબર નથી. ફરીથી પૂછ્યું ત્યારે પણ આ જ જવાબ આપ્યો. તે ઘરની બહાર નીકળી ગઈ. બહાર તેની IAS બહેન કાર લઈને ઊભી હતી. બંને કારમાં રવાના થઈ ગયા.

વહુએ પોતાનો મોબાઈલ પણ બંધ કરી દીધો હતો. આ પછી ક્યાં ગઈ, કંઈ જણાવ્યું નહીં. આ કારણે મને ચિંતા થઈ. તરત જ ઘરની અંદરની તરફ ગયો. અમનને અવાજ લગાવ્યો. પણ ઘરમાં સન્નાટો હતો. પછી અમનના મોબાઈલ પર ઘંટડી આપી. અમનનો ફોન બાથરૂમમાં વાગ્યો. પાછો અમનને ઘણી વાર અવાજ આપ્યો. પણ અમન બોલ્યો નહીં. છેવટે નોકરને બોલાવવામાં આવ્યો. નોકરે બાથરૂમની ઉપર લગાવેલો કાચ તોડ્યો. અંદર જોયું તો અમન ફાંસી પર લટકેલો મળ્યો.

પિતા આઘાતમાં આવી ગયા. પુત્રના મૃત્યુના બે દિવસ પછી, પિતા પ્રેમ કુમારે આ સંપૂર્ણ માહિતી દિલ્હી પોલીસને આપી છે. આ પછી, દિલ્હી પોલીસે પત્ની દ્વારા ત્રાસીને આત્મહત્યા કરવા બદલ કેસ નોંધ્યો છે. પોલીસે આરોપી પત્નીનો મોબાઈલ પણ જપ્ત કર્યો છે. તેની તપાસ કરવામાં આવી રહી છે. અમનના માતા-પિતાને પણ પોલીસે દિલ્હી બોલાવ્યા છે. તેમની પાસેથી પણ માહિતી લેવામાં આવી છે. જેથી આગળની કાર્યવાહી કરી શકાય.

## મિત્ર રાષ્ટ્ર પર હુમલો થતાં ભારત લાલઘૂમ! PM મોદીએ કહ્યું- અમે મક્કમતાથી UAEની પડખે ઊભા છીએ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાત-UAE પર થયેલા હુમલાઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે. આ હુમલામાં 3 ભારતીય નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા બાદ વડાપ્રધાને નાગરિકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓને અસ્વીકાર્ય ગણાવ્યા છે. વડાપ્રધાન મોદીએ X પર પોસ્ટ કરીને કહ્યું છે કે, ભારત આ મુશ્કેલ સમયમાં UAE સાથે મક્કમતાથી ઊભું છે. આ સાથે જ તેમણે ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતા માટે વાતચીત પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, 'UAE પર થયેલા હુમલાની સખત નિંદા કરું છું, જેમાં ત્રણ ભારતીય નાગરિકો ઘાયલ થયા છે. નાગરિકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવું અસ્વીકાર્ય છે. ભારત UAE સાથે મક્કમતાથી ઊભું છે અને સંવાદ દ્વારા તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપે છે. પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને વૈશ્વિક ઉર્જા સુરક્ષા માટે હોર્મુઝની ખાડી દ્વારા સુરક્ષિત અને અવરોધ વિનાનું નેવિગેશન સુનિશ્ચિત કરવું અત્યંત મહત્વપૂર્ણ છે.' UAEના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેમની વાયુસેનાની એર ડિફેન્સ સિસ્ટમે અનેક મિસાઈલો અને ડ્રોનને તોડી પાડ્યા હતા.

સિટી
એક્સપ્રેસ

WEDNESDAY 06 MAY-2026
AHMEDABAD

## સોલા વિસ્તારમાં બંધ ઓફિસમાં ચોરીનો ભેદ ઉકેલાયો

અમદાવાદ | અમદાવાદના સોલા વિસ્તારમાં બંધ ઓફિસમાં થયેલી ઘરફોડ ચોરીના કેસનો સોલા હાઈકોર્ટ પોલીસ દ્વારા ઝડપી ભેદ ઉકેલી બે આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા છે. પોલીસની આ કામગીરી શહેરમાં વધતી ચોરીની ઘટનાઓ સામે અસરકારક પગલું માનવામાં આવી રહી છે. પોલીસ સૂત્રો મુજબ, ગોતા વિસ્તારમાં યુલોજિયા હોટેલ રોડ પર જેગુઆર શો-રૂમની બાજુમાં આવેલ 'અરાઈઝ કોર્પોરેટ હાઉસ' નામની ઓફિસમાં ૧૭ એપ્રિલની રાત્રિથી ૧૮ એપ્રિલની સવાર દરમિયાન અજાણ્યા શખ્સોએ પાછળની બારીનો લોક તોડી અંદર પ્રવેશ કરી લોખંડના લોકરમાંથી આશરે રૂ.૧.૧૦ લાખની રકમ ચોરી કરી હતી.

## રખિયાલમાં લેડીઝ કુર્તી ચોરીનો ભેદ ઉકેલાયો

અમદાવાદ | અમદાવાદના રખિયાલ વિસ્તારમાં લેડીઝ રેડીમેડ કપડાંની ચોરીના કેસનો રખિયાલ પોલીસ દ્વારા ઝડપી ભેદ ઉકેલી બે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા છે. સર્વેલન્સ સ્ક્વોડની સતર્ક કામગીરીને પગલે ચોરીનો ગુનો ટૂંક સમયમાં જ ડીટેક્ટ થયો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, રખિયાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આશરે ૨૨૦ લેડીઝ કુર્તી સેટ (કિંમત રૂ.૧.૫૪ લાખ) ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે મચ્છી માર્કેટ વિસ્તારમાં દરોડો પાડી બે શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડ્યા હતા, જે જાહેર રોડ પર કુર્તીઓનો પથારો લગાવી વેચાણ કરતા હતા.



# દાહોદ, અરવલ્લી અને મહીસાગરમાં વરસાદ:માવઠાએ ખેડૂતોની મુશ્કેલી વધારી

## અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગરમાં ગરમીનો પારો 40ને પાર : રાજ્યની આસપાસ અત્યારે ત્રણ જેટલી સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય

અમદાવાદ | દાહોદ, અરવલ્લી અને મહીસાગરમાં આજે 5 મે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

બીજી તરફ, રાજ્યના મુખ્ય શહેરો જેવા કે અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે, જ્યાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર કરવાનું અનુમાન છે. આમ, રાજ્યમાં ક્યાંક વરસાદી માહોલ તો ક્યાંક અસહ્ય ગરમી એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ કલાક એટલે કે 12:30 વાગ્યા સુધી રાજ્યમાં દાહોદ અને મહીસાગરમાં વાતાવરણમાં પલટો આવવાને કારણે હળવો વરસાદ થઈ શકે છે. 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

રાજ્યમાં નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળી છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. મોટા ભાગના શહેરમાં તાપમાન 40 ડિગ્રી કરતા નીચે પહોંચી ગયું છે. તો હજુ પણ 5 શહેરમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર નોંધાયું છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સહિત ત્રણ જેટલી સિસ્ટમ સક્રિય થતા પવનની દિશા બદલાઈ અને



વાતાવરણમાં પલટો આવ્યો છે. જો કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ઉકળાટ અને બફારો યથાવત રહેશે. આગામી 10 દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. જો કે અમદાવાદ શહેરમાં 6 દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીનો માર સહન કરી રહેલા નાગરિકોને ગરમીથી હવે આંશિક રાહત મળી છે. છેલ્લા 24 કલાક દરમિયાન તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો નોંધાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. અમદાવાદ સહિત મોટા ભાગના શહેરોમાં તાપમાન 40 ડિગ્રીથી નીચે પહોચી ગયું છે. જેના કારણે દિવસ દરમિયાન ગરમથી લોકોને થોડી રાહતનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગની આગાહીના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી 6 દિવસ માટે સિટીમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. મહત્તમ તાપમાન 42 ડિગ્રીએ પહોંચી જાય તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યની આસપાસ અત્યારે ત્રણ જેટલી સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જેથી તેના કારણે પવનની દિશા બદલાઈ રહી છે. પવનની દિશામાં થયેલા બદલાવને કારણે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે અને ગરમીની તીવ્રતા થોડી ઓછી થઈ છે.

બીજી તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ઉકળાટ અને બફારો યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તાપમાનમાં ઘટાડો છતાં ભેજના પ્રમાણમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને ઉકળાટ સહન કરવો પડશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી 10 દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સૂકું રહેવાની શક્યતા છે. આ પરિસ્થિતિમાં ગરમીથી સંપૂર્ણ રાહત મળવાની શક્યતા ઓછી જોવા મળી રહી છે.

આગામી દિવસોની આગાહી પ્રમાણે 6 અને 7 તારીખે સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા ફૂંકાવાની શક્યતા છે.

### ઉત્તર-દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા ક્ષેત્રમાં હીટવેવનું અનુમાન

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 10 તારીખ સુધી વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. 6 અને 7 તારીખે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા ક્ષેત્રમાં હીટવેવ રહેવાનું અનુમાન છે. 9 અને 10 તારીખે ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે. 7 દિવસ સુધી તો તાપમાનમાં કોઈપણ મોટો બદલાવ મળશે નહીં. તેમજ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થઈ છે તે રાજસ્થાન અને ગુજરાતથી પસાર થઈ રહી છે.

મહીસાગર જિલ્લામાં આજે વહેલી સવારે વાતાવરણમાં પલટો સર્જાયો હતો. જિલ્લાના કડાણા તાલુકામાં આવેલ ગુજરાત રાજસ્થાન સરહદના ગામોમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી અંતર્ગત વહેલી સવારે વરસાદ વરસ્યો હતો. બીજી તરફ ખાનપુર ગામે પણ હળવા વરસાદી છાંટા પડ્યા હતા.

ખાસ કરીને ગોધર ઉતર, જોગણ, રાકાકોટ , સરસવા ડીટવાસ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. ત્યારે ભર ઉનાળે વરસાદ વરસતા તાપમાનમાં ઘટાડા સાથે લોકોને ગરમીમાંથી પણ આંશિક રાહત અનુભાઈ છે.

# મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો અડાલજ ત્રિમંદિરમાં મુખ્યમંત્રી પટેલે પ્રારંભ કરાવ્યો




(એજન્સી) અમદાવાદ | તા. 05

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ચિંતન શિબિર એ પોતાની જાત સાથે સંવાદ અને નાનામાં નાના માનવીના સુખાકારી કલ્યાણના ચિંતનનું સક્ષમ માધ્યમ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારના મહત્વપૂર્ણ એવા મહેસૂલ વિભાગ અને જિલ્લાના વહિવટી વડા તરીકે કલેક્ટરોની સામૂહિક તાકાતથી સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા કાર્યમંત્રને આપણે ગુજરાતમાં સુપેરે પાર પાડીએ. મહેસૂલ વિભાગ દ્વારા અડાલજના ત્રિમંદિર પરિસરમાં આ ત્રિદિવસીય ચિંતન શિબિર કોલોબરેટ, ઈનોવેટ એન્ડ ટ્રાન્સફોર્મ ફોર બેટર લેન્ડ ગવર્નન્સની વિષય વસ્તુ સાથે યોજાઈ રહી છે. રાજ્યના જિલ્લા કલેક્ટરો અને મહેસૂલ વિભાગના અધિકારીઓ આ ચિંતન શિબિરમાં સહભાગી થયા છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા લોકોની સુખાકારી અને લોકહિત કામો કરવાની વ્યવસ્થાઓ વિકસાવીને દેશનું ગૌરવ વધાર્યુ છે તેનો ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ આ તકે કર્યો હતો.તેમણે ઉમેર્યુ કે, કલેક્ટરો પાસે વિશાળ સત્તાઓ છે અને લોક કલ્યાણના કામો માટે જ આપણે બેઠા છીએ ત્યારે ચિંતામુક્ત રહીને સ્પષ્ટતા અને સંવેદના સાથે પ્રશ્નોનું નિવારણ થાય તે જ આપણું દાયિત્વ હોવું જોઈએ.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસૂલી અધિકારીઓને તેમની પાસે આવતા લોકોને કોઈ ખચકાટ ન રહે અને સંતોષની અનુભૂતિ થાય તેવા વર્તન-વ્યવહાર હસતા મ્હોએ કરવાની પણ શીખ આપી હતી. આ અંગે તેમણે દાદા ભગવાનના બોધને ટાંકતા જણાવ્યું કે, દુનિયા કઈ રીતે ચાલે છે તે સમજણ આપણે કેળવવી પડે અને બધું હું જ કરું છું તેવો આત્મશ્લાઘા ભાવ ત્યજીને સૌ સાથે મળીને કામ કરવાના વલણથી જ સમસ્યાઓનું સમાધાન થઈ શકે.મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિકાસમાં મહેસૂલ વિભાગ અને જિલ્લા કલેક્ટરોના યોગદાનની પ્રશંસા કરતા કહ્યું કે, નાગરિકોની સમસ્યાના નિવારણ માટે ઝીરો ટોલરન્સની દિશામાં સૌ સાથે મળીને સામૂહિક ચિંતન-મંથનથી કાર્યરત રહીએ.તેમણે વિકસિત ભારત 2047ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પને વિકસિત ગુજરાતથી સાકાર કરવા સંપૂર્ણ કાર્યનિષ્ઠા અને જનસેવાની પ્રતિબદ્ધતા સાથે સેવારત રહેવાનું પ્રેરક આહવાન પણ શિબિરાર્થીઓને કર્યું હતું.ચિંતન શિબિરના શુભારંભ પ્રસંગે પૂજ્ય શ્રી દીપકભાઈ દેસાઈએ કર્મ અને સેવા સાથે આધ્યાત્મને જોડવા રાજ્ય સરકારના મહેસૂલી અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહિત કરતું પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું.આધ્યાત્મ, વ્યવહાર તથા આચાર- વિચાર વિશે પૂજ્ય શ્રી દીપકભાઈએ પોતાનું દ્રષ્ટાંત રજૂ કરતા કહ્યું હતું કે, કર્મના સિદ્ધાંતો તથા કાર્યના હેતુને જાણીને દાદા ભગવાને આપેલા વિચારો જેવા કે, ચોરી ન કરવી, સેવા ભક્તિના માર્ગ પર ચાલવું, પરોપકાર કરવો, દાન કરવું, શુદ્ધ વ્યવહાર, કર્મને સમજવુ, સ્વ-કર્મને સમજીને વ્યવહાર જ્ઞાન મેળવવું તથા ધર્મ અને સંસ્કાર સાથેના માર્ગ પર ચાલવું ખૂબ જ જરૂરી છે.તેમણે સામાન્ય જીવનમાં મહત્વ ધરાવતા આર્થિક વ્યવહારો વિશે નીતિથી લક્ષ્મી મેળવવા, માતા-પિતા સાથેના વ્યવહાર, કોઈપણને લેશમાત્ર નુકસાન કે દુઃખ ન પહોંચે તે રીતે વ્યવહાર કરવા અને ક્રોધ-લોભ-માયાથી મુક્ત થવા અને પૂર્વજન્મના કર્મ તથા જન્મ-મરણના ચક્રમાંથી બહાર નીકળવાના ઉદ્દેશ્ય સાથે જીવન જીવવા વિશેની પ્રેરણા આપી હતી.મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, વહીવટી પ્રક્રિયાને નાગરિકોની સેવા ગણીને છેવાડાના માનવીના પ્રશ્નો ઉકેલવા એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. ગુજરાત સરકારે IORA અને ઈ-ધરા જેવા માધ્યમો દ્વારા 'ફેસલેસ' અને 'પેપરલેસ' ગવર્નન્સ અપનાવી ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાધ્યું છે. ઉદ્યોગો અને જાહેર હેતુઓ માટે જમીન ફાળવણીમાં 'ઝીરો ડીલે'ની નીતિ અને પારદર્શક વહીવટને કારણે ગુજરાત આજે વૈશ્વિક રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજ્ય બન્યું છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, ભૂતકાળની રીસર્વેની ક્ષતિઓ સુધારવા માટે હવે ડ્રોન ટેક્નોલોજી અને સેટેલાઇટ ઈમેજરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૧૩૫-ડીની નોટિસ, વારસાઈ હક અને હકપત્રકની પ્રક્રિયાઓને વધુ સરળ અને ઝડપી બનાવવામાં આવી છે.

## ખાનગી ટ્યુશન ચલાવતા શિક્ષકો અને ગેરકાયદે ડે-સ્કૂલો સામે રોષ

## 'જનતા રેડ'ની ચીમકી



અમદાવાદ | અમદાવાદમાં શાળાના શિક્ષકો દ્વારા ચલાવવામાં આવતા ખાનગી ટ્યુશન અને કોઈપણ મંજૂરી વિના ધમધમતી ગેરકાયદે ડે-સ્કૂલો સામે વિરોધનો સૂર ઉઠ્યો છે. અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા આજે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરી ખાતે આવેદન પત્ર પાઠવી આ પ્રવૃત્તિઓ બંધ કરાવવાની માંગ કરવામાં આવી છે. જો તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને સાથે રાખીને 'જનતા રેડ' કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### શિક્ષકો પર બ્લેકમેલિંગના આક્ષેપ

કોંગ્રેસ નેતા હેમાંગ રાવલે આ મામલે આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, 'RTE અને ટ્યુશન અધિનિયમ 2002 મુજબ, શાળાના શિક્ષકો શાળાના સમય દરમિયાન કે ત્યારબાદ કોઈપણ પ્રકારની ટ્યુશન પ્રવૃત્તિ કરી શકે નહીં. રિઝલ્ટ આવ્યા બાદ ઘણાં શિક્ષકો શાળામાં સારું શિક્ષણ આપવાને બદલે વિદ્યાર્થીઓને પોતાના ખાનગી ટ્યુશનમાં જોડાવા માટે બ્લેકમેલ કરી રહ્યા છે. એજ્યુકેશન ગ્રુપ દ્વારા ક્યુઆર કોડ (QR Code) મારફતે આવા ગેરકાયદે ટ્યુશન ચલાવતા શિક્ષકોની માહિતી પણ એકઠી કરવામાં આવી છે. સરકારની મંજૂરી વગર ચાલતી ડે-સ્કૂલો માત્ર પૈસા કમાવવાની હાટડીઓ બની ગઈ છે.'

### DEO ની ખાતરી અને તપાસના આદેશ

આ આવેદન પત્રના જવાબમાં અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ જણાવ્યું છે કે, 'શિક્ષણ વિભાગ આ રજૂઆતને એક ઝુંબેશ તરીકે લેશે અને તમામ શાળાઓને આ બાબતે પત્ર મોકલી તપાસ કરવામાં આવશે. વિભાગનો ફિલ્ડ સ્ટાફ સતત વિઝિટ કરીને ટ્યુશન ચલાવતા શિક્ષકોની તપાસ કરશે. આવેદન પત્રમાં આપેલા ચોક્કસ સરનામા અને વિગતોના આધારે સઘન તપાસ કરાશે અને દોષિત શિક્ષકો સામે કાયદેસરની કાર્યવાહી થશે. ગત વર્ષે છૂટા કરાયેલા શિક્ષકોને ફરીથી નોકરી પર રાખી લેવામાં આવ્યા છે તેવા આક્ષેપો અંગે પણ રિપોર્ટ મંગાવીને ચકાસણી કરવામાં આવશે.'

## માહિતી વિભાગમાં બઢતી સાથે બદલી:પારુલ મણિયારને ગાંધીનગર ઇલેક્ટ્રોનિક મીડિયા શાખામાં મુકવામાં આવ્યાં

ગાંધીનગર | ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી સ્તરે જિલ્લા માહિતી કચેરીઓમાં મહત્વપૂર્ણ બદલી અને બઢતીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. ગાંધીનગર સ્થિત સચિવાલયમાંથી બહાર પાડવામાં આવેલા આ આદેશ મુજબ માહિતી કમિશનર કચેરી હેઠળ ફરજ બજાવતા વર્ગ-1 અને 2 અધિકારીઓમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સરકારના નિર્ણય અનુસાર વહીવટી કાર્યક્ષમતા વધારવા અને જિલ્લાવાર માહિતી પ્રસારણ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા આ બદલીઓ અમલમાં મૂકવામાં આવી છે. આ આદેશ મુજબ જિલ્લા માહિતી કચેરી ગાંધીનગર ખાતે માહિતી નિયામક વર્ગ 1 તરીકે ફરજ બજાવતા પારુલ મણિયારની બદલી ઈલેક્ટ્રોનિક મીડિયા શાખા, માહિતી કમિશનર કચેરી ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. જ્યારે યુ.બી. બાવીસાને પ્રાદેશિક માહિતી કચેરી, સુરતમાંથી બદલી કરીને જિલ્લા માહિતી કચેરી, વલસાડ ખાતે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડી.આર. ગજ્જર જે ગાંધીનગર ખાતે માહિતી કમિશનર કચેરીમાં ફરજ બજાવી રહ્યા હતા, તેમને હવે જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરમાં જ જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત પી. આર. સોનારિયાને સૂચના પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગમાં (પ્રતિનિયુક્તિ હેઠળ) યથાવત રાખવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે કેટલાક અધિકારીઓને તેમની હાલની કામગીરીમાં જ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. તદુપરાંત, એમ.બી. જોષીપુરાને પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટમાંથી બદલી કરીને જિલ્લા માહિતી કચેરી, જામનગરમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

## 11મીએ PM મોદી બનશે ગુજરાતના મહેમાન

(એજન્સી) વડોદરા | તા. 05

આગામી 11 મેના રોજ PM મોદી ગુજરાત આવશે. ગુજરાત પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં સામેલ થશે. ત્યારબાદ વડોદરામાં રૂપિયા 150 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા સરદાર ધામ-3નું લોકાર્પણ કરાશે. બંગાળમાં ભાજપની ભવ્ય જીત બાદ પ્રધાનમંત્રી પ્રથમવાર ગુજરાત આવી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા સ્વાગતની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ ગુજરાત પ્રવાસ દરમિયાન વડોદરામાં રોડ શો યોજે તેવી શક્યતાઓ હોય તંત્ર દ્વારા તેની પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવશે.

ગુજરાતની પ્રવાસ દરમિયાન પીએમ સૌ પ્રથમ 10 તારીખે રાત્રિના જામનગર એરપોર્ટ પર પધારશે અને રાત્રિ રોકાણ પણ જામનગરમાં કરશે. 11 મેના રોજ સવારે જામનગરથી સોમનાથ રવાના જશે. સોમનાથમાં આયોજીત સ્વાભિમાન પર્વની ઉજવણીના કાર્યક્રમમાં સામેલ થશે. સોમનાથનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તેઓ સીધા જ વડોદરા જશે. જ્યાં 150 કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા સરદાર ધામ-3નું લોકાર્પણ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળની ભવ્ય જીત અને તે ઉપરાંત તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની ભવ્ય જીત બાદ સૌપ્રથમ વખત ગુજરાત આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળની જીત બાદ કદાચ તેઓનો આ સૌપ્રથમ જાહેર કાર્યક્રમ છે જેથી આ કાર્યક્રમમાં 30 થી 40 હજાર જનમેદની આવવાની સંભાવનાઓ છે. ત્યારે વડાપ્રધાન લોકોનું અભિવાદન ઝીલવા માટે એરપોર્ટથી સરદારધામ સુધી રોડ શો યોજે તેવી પણ શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

વડોદરામાં સરદાર ધામ-3ના લોકાર્પણ માટે આવી રહેલા વડાપ્રધાનનું પાટીદાર સમાજ વતી વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા સન્માન કરાશે. પીએમ મોદીને સરદાર ગૌરવ પુરસ્કાર એવોર્ડ એનાયત કરવામાં આવશે. આવતી 11 મેના રોજ વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને ધ્યાનમાં રાખીને રાજ્ય તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. સોમનાથ અને વડોદરા ખાતે યોજાનાર કાર્યક્રમોને સફળ બનાવવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## સબ રજિસ્ટ્રાર સહિત 3 લોકો અઢી લાખની લાંચ લેતા ઝડપાયા...

અમદાવાદ | શહેરના અસારવામાં આવેલા બહુમાળી ભવનમાં મકાનના દસ્તાવેજમાં ક્ષતિ કાઢ્યા બાદ ક્ષતિ દૂર કરીને દસ્તાવેજનું કામ કરવા માટે 2.50 લાખ રૂપિયાની લાંચ લેતા સબ રજીસ્ટ્રાર, સિક્કા ઓપરેટર અને એક વચેટિયાઓ ઝડપાયા છે.એસીબીએ ઝડપાયેલા ત્રણ આરોપી અને એક કરાર આધારિત કર્મચારી સહિત કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અસારવામાં આવેલા બહુમાળી ભવનમાં એક ફરિયાદી મકાનનો દસ્તાવેજ કરવા માટે ગયા હતા. દસ્તાવેજમાં રજીસ્ટ્રારની કચેરીમાં ફરજ બજાવતા સબ રજીસ્ટ્રાર આકાશ દેસાઈએ ક્ષતિ કાઢી હતી.આ ક્ષતિ દૂર કરવા અને કલેક્ટર કચેરીથી સર્ટી વગર કામ કરવા માટે સબ રજીસ્ટરની કચેરીમાં કામ કરતા કરેલ આધારિત જય આદિવાસીએ 2.50લાખ રૂપિયાની લાંચ માગી હતી.ફરિયાદીને લાંચ ન આપવા હોવાથી એસીબીના સંપર્ક કર્યો હતો. ACB એ છટકું ગોઠવતા સબ રજીસ્ટર આકાશ દેસાઈ વતી જય આદિવાસી અને નરેન્દ્ર બોહરા ઝડપાઈ ગયા હતા,જ્યારે રાહીલ શેખ ફરાર થઈ ગયો છે.ACB એ સબ રજીસ્ટ્રાર,કરાર આધારિત કર્મચારી અને વચેટીયાની ધરપકડ કરી છે.કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

## ફ્લાઈટમાં મોકલાયેલું રૂ. અઢી કરોડના દાગીના ભરેલું પાર્સલ ગુમ

અમદાવાદ | અમદાવાદની લોજિસ્ટિક કંપની દ્વારા અકાશા એરલાઈન્સ કંપની વિરુદ્ધ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. લોજિસ્ટિક કંપની દ્વારા અમદાવાદથી બેંગ્લોર જતી ફ્લાઈટમાં સોના ચાંદીના સાત જેટલા પાર્સલ મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ટાઈટન કંપનીના સોના- ચાંદીના દાગીનાનું કુલ રૂ. 2.57 કરોડની મત્તા ભરેલું એક પાર્સલ બેંગ્લોર પહોંચ્યું નહોતું. આ બાબતે લોજિસ્ટિક કંપની દ્વારા આકાશ એરલાઈન કંપનીનો સંપર્ક કરતા કોઈ માહિતી આપી નહોતી જેથી અમદાવાદ એરપોર્ટથી બેંગ્લોર એરપોર્ટ સુધી સોના ચાંદીના દાગીના ભરેલું પાર્સલ કંપનીએ ન પહોંચાડી અને છેતરપિંડી કરવામાં આવતા લોજિસ્ટિક કંપનીના કર્મચારી દ્વારા અમદાવાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શહેરના ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલા સાનિધ્ય ફ્લોર આપ પ્લેટમાં રહેતા બલવીર સિંહ રાઠોડ સિક્વલ લોજિસ્ટિક કંપનીમાં સિક્યુરિટી મેનેજર તરીકે ફરજ બજાવે છે તેમની કંપની દેશના અલગ અલગ જગ્યાઓમાં પાર્સલ પહોંચાડે છે અને ટાઇટન કંપની સાથે તેમનો કોન્ટ્રાક્ટ થયેલો છે. 17 એપ્રિલના રોજ ટાઇટન કંપનીએ તેમના આપેલા ઓર્ડર મુજબ આરબીજેડ જ્વેલર્સ નામની જ્વેલર મેન્યુફેક્ચરિંગ કંપની દ્વારા તેમનું પાર્સલ આપવામાં આવ્યું હતું જેમાં સોના ચાંદીનું પાર્સલ હતું આખા પાર્સલનું વજન 13 kg હતું અને તેમાં સોના ચાંદીના 2.1 કિલોગ્રામ જેની 2.58 કરોડ કિંમત હતી જે પાર્સલ સહિત અલગ અલગ બીજા છ સોના ચાંદીના પાર્સલ મળી સાત જેટલા પાર્સલ આપવામાં આવ્યા હતા. 18 એપ્રિલના રોજ વહેલી સવારે સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ કાર્ગો એરપોર્ટ ખાતે અકાશા એર કંપનીને બેંગ્લોર પહોંચાડવા માટે આ તમામ પાર્સલ આપવામાં આવ્યા હતા અને એર કંપનીએ પાર્સલ મેળવ્યા અંગેની પહોંચ પણ આપેલી હતી.

અકાશા એર કંપની મારફતે અગાઉ પણ પાર્સલ મોકલ્યા હોવાથી તેમને ભરોસો હતો. વહેલી સવારે 4.50 વાગ્યે અમદાવાદ ડોમેસ્ટિક એરપોર્ટ થી બેંગ્લોર જે ફ્લાઈટ જવાની હતી તે ફ્લાઇટમાં સાત પાર્સલ મોકલવામાં આવ્યા હતા જ્યારે સવારે બેંગ્લોર એરપોર્ટ ખાતે લોજિસ્ટિક કંપનીની ટીમ પાર્સલ લેવા ગઈ હતી ત્યારે તેમાંથી એક પાર્સલ મળી આવ્યું નહોતું. 2.1 કિલો સોના ચાંદીના દાગીના ભરેલું રૂપિયા 2.58 કરોડનું પાર્સલ પહોંચ્યું નહોતું. આ બાબતે અમદાવાદ ખાતે આકાશા એર દ્વારા જાણ કરવામાં આવી હતી કે તમામ સાત પાર્સલ પહોંચાડી દેવામાં આવ્યા છે.

જ્યારે બેંગલોર એરપોર્ટ ખાતે અકાશા એર કંપનીનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે છ પાર્સલ પહોંચ્યા છે પરંતુ એક પાર્સલ મળ્યું નથી. જેથી એર કંપનીને ગુમ થયેલા પાર્સલ અંગે પૂછપરછ કરતા તેમણે માહિતી આપી નહોતી. કરોડો રૂપિયાના સોના ચાંદીના દાગીના ભરેલું પાર્સલ અમદાવાદ એરપોર્ટથી મેળવી અને બેંગ્લોર એરપોર્ટ ખાતે ન પહોંચાડી છેતરપિંડી કરતા સિક્વલ લોજિસ્ટિક કંપનીના સિક્યુરિટી મેનેજર એ આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે અકાશા એર કંપની વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...